દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 250 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 October 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૨ ઑક્ટોબર ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# દિવાળીમાં ૬.૦૫ લાખ કરોડનું ધૂમ વેચાણ, સ્વદેશીની બોલબાલા






## જીએસટી ઘટતા ખાસ કરીને ટિયર ટૂ અને થ્રી સિટીમાં તડાકો અને એમાં વડા પ્રધાન મોદીની હાકલે રંગ રાખ્યો, ૮૭ ટકા જેટલો માલ તો સ્વદેશી જ વેચાયો



**ગજબની દિવાળીઃ** મુંબઈની દાદર માર્કેટમાં મંગળવારે દીપાવલીમાં શૉપિંગ કરવા માટે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. દેશભરની બજારોમાં આવા જ હાલ હતા. (અમય ખરાડે)

નવી દિલ્હીઃ દેશમાં દિવાળીમાં રૂપિયા ૫.૪૦ લાખ કરોડના માલસામાન અને રૂપિયા ૬૫,૦૦૦ કરોડની સર્વિસ મળીને કુલ રૂપિયા ૬.૦૫ લાખ કરોડનું ધૂમ વેચાણ થયું હતું. બજારોમાં સ્વદેશી માલસામાનની ભારે માગ રહી હતી. એક અંદાજ મુજબ દેશના નાગરિકોની કુલ ખરીદીમાંનો ૮૭ ટકા માલ સ્વદેશી જ હતો. જીએસટીના દરમાં કરાયેલા ઘટાડાને લીધે ઘર વપરાશ સહિતની અનેક ચીજો સસ્તી થઇ ગઇ હોવાથી બજારોમાં તેજી જોવા મળી હતી.

કૉન્ફેડરેશન ઑફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ (સીએઆઇટી)એ દેશના રાજ્યોના પાટનગરો તેમ જ 'ટૂ ટિયર' અને 'થ્રી ટિયર' શહેરો સહિત ૬૦ મોટા ડિસ્ટ્રિબ્યૂશન સેન્ટરની બજારોના સર્વેક્ષણના આધારે આ આંકડા જાહેર કર્યા હતા.

ગયા વર્ષે દિવાળીમાં રૂપિયા ૪.૨૫ લાખ કરોડનું વેચાણ થયું હતું, જે આ વર્ષના તહેવાર દરમિયાન વધીને રૂપિયા ૬.૦૫ લાખ કરોડનું થઇ ગયું હતું.

દિવાળીમાં થયેલા કુલ વેચાણમાં નોન-કોર્પોરેટ અને

(જુઓ પાનું ૨) ▶▶

## કેવું રહેશે નવું વર્ષ?




આજથી શરૂ થતું નવું વર્ષ દરેક રાશિના જાતકો માટે કેવું રહેશે એ વાંચો આજની વિશેષ પૂર્તિ ''રાશિ ભવિષ્ય''માં

૯ ૧૦ ૧૧

### મુંબઈ સમાચાર

વિક્રમ સંવત ૨૦૮૨, નવા વર્ષ નિમિત્તે તા. ૨૨.૧૦.૨૦૨૫, બુધવારે મુંબઈ સમાચારનું કાર્યાલય રજા રાખવાનું હોવાથી તા. ૨૩.૧૦.૨૦૨૫, ગુરુવારનું 'મુંબઈ સમાચાર' પ્રસિદ્ધ નહીં થાય તેની નોંધ લેવી.

– વ્યવસ્થાપક

# મહાયુતિમાં મહાભારત

## સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં યુતિ તોડવી પણ નથી ને સાથે લડવું પણ નથી

**વિપુલ વૈદ્ય**

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ આ વર્ષના અંત પહેલાં લેવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે રાજકીય પક્ષો પોતાના ગણિત બેસાડી રહ્યા છે ત્યારે ભાજપ અને શિવસેના દ્વારા જે રીતે અલગ અલગ મનપામાં વલણ અપનાવવામાં આવી રહ્યું છે તેને ધ્યાનમાં લેવામાં આવે તો ટોચના નેતાઓ દ્વારા સતત એવા દાવા કરવામાં આવી રહ્યા છે કે યુતિ તોડવામાં આવશે નહીં, જ્યારે સ્થાનિક સ્તરે નેતાઓ એવી માગણી કરી રહ્યા છે કે સ્વબળે ચૂંટણી લડવામાં આવશે અને બંને મનપામાં ભાજપના મેયર બેસાડવામાં આવશે.

ભાજપે મંગળવારે મુંબઈ અને થાણેમાં ઉમેદવારો માટે જે માર્ગદર્શન શિબિરો લીધી તેનું વાતાવરણ જોતાં એવું લાગી રહ્યું છે કે શિવસેનાની જેમ જ હવે ભાજપમાં પણ સ્વબળનો નારો જોર પકડી રહ્યો છે, જ્યારે બીજી તરફ સિનિયર નેતાઓ અને પક્ષનું મોવડીમંડળ હજી પણ યુતિ તોડવા માગતા નથી એવી વાત કરી રહ્યા છે.

થાણેમાં ભાજપના ઉમેદવારો માટે એક માર્ગદર્શન શિબિરમાં કેટલાક પદાધિકારીઓએ એવી જાહેરાત કરી હતી કે 'અબ કી બાર ૭૦ પાર' કરીશું. આ પહેલાં સોમવારે શિવસેનાની બેઠકમાં પણ ભૂતપૂર્વ કોર્પોરેટરો અને અધિકારીઓએ 'એકલા ચલો રે'નું વલણ અપનાવ્યું હતું.

ભાજપના વિધાનસભ્ય સંજય કેળકરે બે દિવસ પહેલા જણાવ્યું હતું કે થાણેના કાર્યકરો

(જુઓ પાનું ૨) ▶▶

# પાકિસ્તાનના ટુકડા કરવાનું તો વિચારતા પણ નહીંઃ અસીમ મુનિર

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના લશ્કરના વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનિરે મંગળવારે ચેતવણી આપી હતી કે પાકિસ્તાનની પ્રાદેશિક અખંડતાને તોડવાના કોઇ પણ પ્રયાસનો કડક હાથે નિર્ણાયક જવાબ અપાશે.

રાવલપિંડીમાં જનરલ હેડક્વાર્ટર્સ ખાતે ૧૭મા નેશનલ વર્કશોપ બલૂચિસ્તાનને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે આ પ્રાંતમાંથી ત્રાસવાદને નાબૂદ કરવા બધા જરૂરી પગલાં લેવાઇ રહ્યા છે.

મુનિરે જણાવ્યું હતું કે પાકિસ્તાન પ્રાદેશિક શાંતિ અને સ્થિરતામાં માને છે. પાકિસ્તાનની પ્રાદેશિક અખંડતાને નુકસાન પહોંચાડવાના પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રયાસનો જડબાતોડ જવાબ અપાશે અને દેશના નાગરિકોની સુરક્ષાર્થે દરેક પગલાં લેવાશે.

તેમણે કહ્યું હતું કે બલૂચિસ્તાન પાકિસ્તાનનું ગૌરવ છે અને તેની સાચી સંપત્તિ ચેતનવંતા, દેશપ્રેમી અને સૌમ્ય લોકો છે. તેમણે કેન્દ્રીય અને પ્રાંતીય સરકારની વિકાસની પહેલ સમજાવી હતી. આ પહેલ બલૂચિસ્તાનના

(જુઓ પાનું ૨) ▶▶

# ભ્રષ્ટાચાર સામે લડવા નિમાયેલા લોકપાલને બીએમડબ્લ્યુ જોઈએ છે

## ૭૦ લાખ રૂપિયાની એક એવી સાત લક્ઝરી કાર ખરીદવા ટેન્ડર બહાર પાડતા હોબાળો

નવી દિલ્હીઃ લોકપાલે આશરે રૂપિયા પાંચ કરોડમાં સાત લક્ઝરી બીએમડબ્લ્યૂ કાર ખરીદવા માટે ટેન્ડર બહાર પાડતા વિપક્ષ અને ભ્રષ્ટાચાર-વિરોધી કાર્યકરોએ મોટો હોબાળો મચાવ્યો હતો અને અનેક સવાલ ઉઠાવ્યા હતા.ટેન્ડર અને આ કારના ઉત્પાદકની વૅબસાઇટ મુજબ દિલ્હીમાં આવી એક કારની કિંમત અંદાજે રૂપિયા ૬૯.૫ લાખ છે. આ કાર ચેરમેન જસ્ટિસ એ. એમ. ખાનવિલકર (નિવૃત્ત) અને અન્ય છ સભ્ય માટે હોવાનું કહેવાય છે. ૧૬મી ઓક્ટોબરે જાહેર કરાયેલી પબ્લિક નોટિસ અનુસાર લોકપાલને સારી એજન્સી પાસેથી સાત કાર જોઈએ છે. જે બે અઠવાડિયામાં તેમને ડિલિવર કરવામાં આવે. આ સાથે એમ પણ લખ્યું છે કે કોઈપણ કિસ્સામાં સમયમર્યાદા વધારવામાં આવશે નહીં. તેમની આ નોટિસનો વકીલ પ્રશાંત ભૂષણ સહિત ઘણાએ ભારે વિરોધ નોંધાવ્યો છે. તેમણે લખ્યું છે કે લોકપાલ કાયદો મોદી સરકારમાં સાવ નબળો પડી ગયો છે. લાંબા સમય સુધી લોકપાલની નિયુક્તિ ન કરી અને હવે એવા સભ્યોની નિયુક્તિ થઈ છે જેમને ભ્રષ્ટાચાર સાથે કોઈ લેવાદેવા નથી, તેઓ સુખસાહ્યબી માણે છે.

# કટોકટીથી ઘેરાયેલા વિશ્વમાં ભારત સ્થિરતાનું પ્રતીકઃ મોદી

## સ્વદેશી માલ જ ખરીદવા નાગરિકોને અનુરોધ કર્યોઃ દિવાળીએ દેશવાસીઓને લખેલા પત્રમાં વડા પ્રધાનનો ઑપરેશન સિંદૂરથી લઈને નકસલવાદ સામેની લડતનો ઉલ્લેખ



**પૂજાઃ** નવી દિલ્હીમાં દિવાળી નિમિત્તે પૂજા કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન. (પીટીઆઇ)

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી નિમિત્તે દેશના નાગરિકોને મંગળવારે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે વિશ્વ કટોકટીથી ઘેરાયેલું છે ત્યારે ભારત 'સ્થિરતાના પ્રતીક' તરીકે આગળ આવ્યું છે. હું દેશના નાગરિકોને સ્વદેશી માલસામાન જ ખરીદવા અનુરોધ કરું છું. ભારત ટૂંક સમયમાં સૌથી મોટું ત્રીજા ક્રમનું અર્થતંત્ર ધરાવતો દેશ બની જશે. તેમણે

(જુઓ પાનું ૨) ▶▶

# એચ-વનબીની વધારેલી ફી 'સ્ટેટસ' બદલવા કે રોકાણ લંબાવવા ભરવી નહીં પડે

ન્યૂ યોર્કઃ ટ્રમ્પના વહીવટીતંત્રે નવેસરથી બહાર પાડેલી માર્ગદર્શિકા મુજબ એચ-વનબી વિઝાની વધારેલી (૧,૦૦,૦૦૦ ડૉલર કરેલી) ફી 'સ્ટેટસ'માં ફેરફાર કરાવવા કે 'રહેવાનું લંબાવવા' (સ્ટે એક્સ્ટેન્શન) ઇચ્છતા અરજદારોએ ભરવી નહિ પડે.

યુનાઇટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ ઍન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઇએસ)એ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ૧૯ સપ્ટેમ્બરના સંબંધિત વટહુકમ અંગે સ્પષ્ટતા કરતી માર્ગદર્શિકા સોમવારે બહાર પાડી હતી.

અમેરિકામાં નોનઇમિગ્રન્ટ વર્કર્સના પ્રવેશ પર નિયંત્રણ મૂકવા માટે ટ્રમ્પે નવી એચ-વનબી વિઝાની અરજી માટેની ફી વધારીને ૧,૦૦,૦૦૦ ડૉલર (અંદાજે રૂપિયા ૮૮

(જુઓ પાનું ૨) ▶▶

# જિનપિંગને મળીને કરીશ ડીલઃ ટ્રમ્પ કૂણા પડ્યા

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે અમેરિકા બેઈજિંગ માટે ઘણો આદર ધરાવે છે અને હું ચીનના પ્રમુખ શી જિનપિન્ગને મળીશ ત્યારે અમે 'ભવ્ય ડીલ' કરીશું.

સ્માર્ટફોન, ફાઈટર જેટ, ઈલેકટ્રિક વેહિકલ વગેરેમાં વપરાતા રેર અર્થ પ્રોડક્ટની નિકાસ પરના અંકુશો વધારીને ચીને ટ્રમ્પને કોપિત કર્યા છે.

ટ્રમ્પે વાઈટ હાઉસમાં ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બાનીસને આવકાર્યા હતા. અમેરિકાએ ચીનની રેર અર્થ મિનરલમાં રહેલી ઈજારાશાહીનો પ્રતિકાર કરવા ઑસ્ટ્રેલિયા સાથે કરાર કર્યો હતો. આની ઉજવણી કરવાના સમારોહમાં બોલતા ટ્રમ્પે કહ્યું હતું કે હું માનું છું કે આપણે ચીન સાથે ભવ્ય વેપાર કરાર કરીશું. તે ડીલ બન્ને દેશ અને વિશ્વ માટે ભવ્ય હશે.

શું ચીન પરિસ્થિતિનો લાભ ઉઠાવી રહ્યું છે એવા સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે બેઈજિંગે અમને રેર અર્થ વડે ધમકી આપી હતી અને મેં તેમને ટૅરિફ વડે ધમકી આપી. જોકે ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું હતું કે મારા શી સાથેના સારા સંબંધોનો અર્થ થાય છે કે અમે સારી નિષ્પક્ષ ડીલ કરીશું. બધાની મીટ ટ્રમ્પ અને શી વચ્ચેની સંભવિત મીટિંગ પર મંડાયેલી છે. જો કરાર કરવામાં વિફળતા મળશે તો બે સુપરપાવર વચ્ચેના સંબંધો અસ્થિર થશે એટલું જ નહીં, પરંતુ તેની ગ્લોબલ ઈકોનોમી પર માઠી અસર પડશે.

ટ્રમ્પ કહે છે કે હું એશિયા પેસિફિક

(જુઓ પાનું ૨) ▶▶







એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અસરાની મહાન અભિનેતા નહોતા છતાં અમીટ છાપ છોડી ગયા

**અભિનેતા** અસરાનીની દિવાળીના સપરમા દાડે વિદાય થઈ એ સાથે જ હિન્દી ફિલ્મોમાં કદી હીરો તરીકે નહીં ચમકવા છતાં પોતાની આગવી છાપ છોડી જનારા એક વધુ અભિનેતાની વિદાય થઈ. ૮૪ વર્ષના અસરાનીને ચાર દિવસ પહેલા છાતીમાં પાણી ભરાઈ જવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા પણ તબિયત કથળતી ગઈ ને અંતે ચાર દિવસની સારવાર બાદ તેમનું હોસ્પિટલમાં જ મૃત્યુ થયું.

રસપ્રદ વાત એ છે કે, તેમના નિધનના સમાચાર આવ્યા પછી મોટા ભાગનાં લોકોને ખબર પડી કે, તેમનું નામ ગોવર્ધન હતું અને અસરાની તો તેમની અટક હતી. રાજસ્થાનના સિંધી પરિવારમાં જન્મેલા ગોવર્ધનભાઈ માટે તેમની અસરાની અટક જ ઓળખ બની ગઈ.

‘શોલે’ ફિલ્મમાં અંગ્રેજોં કે જમાને કે જેલરની ભૂમિકા ભજવીને ખ્યાતનામ થયેલા અસરાનીએ તેમની કારકિર્દીમાં ૩૦૦થી વધારે ફિલ્મોમાં કામ કર્યું. હિન્દી ફિલ્મોમાં અસરાનીએ મુખ્યત્વે કોમિક રોલ કર્યા. ૧૯૬૬થી ૨૦૧૪ એટલે કે લગભગ પાંચ દાયકામાં વિસ્તરેલી ફિલ્મી કારકિર્દીમાં અસરાનીએ અનેક હાસ્ય ભૂમિકાઓ ભજવી હતી.

૧૯૭૦, ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાની ફિલ્મોમાં મુખ્ય હીરોના નજીકના મિત્ર તરીકે સહાયક અભિનેતાની ભૂમિકા ભજવનારા અસરાનીએ ચલા મુરારી હીરો બને અને સલામ મેમસાબ જેવી કેટલીક હિન્દી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી પણ એ રોલ ટિપિકલ હિન્દી ફિલ્મી હીરોના નહોતા. અસરાનીએ સંખ્યાબંધ ગુજરાતી ફિલ્મોમાં પણ કામ કર્યું. ૧૯૮૫ સુધી ગુજરાતી ફિલ્મોમાં હીરો તરીકે કામ કર્યું ને પછી કેરેક્ટર રોલ કર્યા. અસરાનીએ છ ફિલ્મોનું દિગ્દર્શન પણ કર્યું હતું પણ એ ફિલ્મોમાંથી એક પણ યાદ કરવા જેવી નથી.

અસરાનીના મોટા ભાગના રોલ હીરોના ભાઈબંધ કે ચમચાના હોવા છતાં આગવા અભિનયના કારણે અસરાની લોકોને પ્રભાવિત કરીને તેમના માનસપટ પર ચોંટડૂક થઈ ગયેલા અભિનેતા બની ગયેલા એ સ્વીકારવું પડે. માત્ર સામાન્ય દર્શકો જ નહીં પણ ઘણા સફળ ફિલ્મ નિર્દેશકોના પણ અસરાની લાડકા હતા. હિન્દી ફિલ્મોના જૂના જમાનાના ધુરંધર નિર્દેશક ઋષિકેશ મુખરજી અને નવા જમાનાના કોમેડી ફિલ્મોના સફળ નિર્દેશક પ્રિયદર્શન તેમાં મુખ્ય હતા. અસરાનીને ઋષિકેશ મુખરજીએ ધર્મેન્દ્રની સત્યકામ ફિલ્મમાં પહેલી વાર કામ આપ્યું પછી ૧૯૭૦ના દાયકાની ઋષિદાની લગભગ તમામ ફિલ્મોમાં અસરાની હતા.

ઋષિદાની બાવર્ચી, નમક હરામ,અભિમાન, ચૂપકે ચૂપકે, મિલી, ચૈતાલી, આલાપ, જુર્માના વગેરે સફળ ફિલ્મોમાં અસરાનીએ મહત્ત્વના રોલ કર્યા. આ પૈકીની મોટા ભાગની ફિલ્મોમાં અમિતાભ બચ્ચન હતા. અસરાનીએ બચ્ચન સાથે ઋષિદા સિવાયના બીજા ડિરેક્ટરોની ફિલ્મોમાં પણ કામ કર્યું છે. જો કે અસરાનીએ સૌથી વધારે જેમની સાથે કામ કર્યું એ હીરો રાજેશ ખન્ના હતા. રાજેશ ખન્ના સંઘર્ષ કાળથી અસરાનીના મિત્ર હતા ને આ દોસ્તી રાજેશ ખન્નાએ બરાબર નિભાવી. રાજેશ ખન્નાએ ૧૯૭૦ના દાયકામાં પોતાની મોટા ભાગની ફિલ્મોમાં અસરાનીને લેવડાવ્યા અને બંનેએ ૨૫ ફિલ્મોમાં કામ કર્યું છે. અસરાનીની પત્ની મંજુ બંસલ ઈરાની પણ એક્ટ્રેસ છે. અસરાનીએ તેમની પત્ની સાથે ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો છે.

૨૦૦૦ના દાયકામાં પોતાની કોમેડી ફિલ્મોથી ધૂમ મચાવનારા પ્રિયદર્શનની યે તેરા ઘર યે મેરા ઘર, હલચલ, ગરમ મસાલા, ચૂપ ચૂપકે, માલામાલ વીકલી વગેરે ફિલ્મોમાં પણ અસરાનીએ કામ કર્યું. પ્રિયદર્શનની ફિલ્મોએ અસરાનીની કારકિર્દીને જીવતદાન આપ્યું અને નવી પેઢીમાં ઓળખ પણ બનાવી. બાકી ૧૯૮૦ના દાયકામાં જિતેન્દ્રની જયાપ્રદા અને શ્રીદેવી સાથેની ફિલ્મોમાં કાદરખાન, શક્તિકપૂર સાથે હલકી કોમેડી કરી કરીને અસરાની ખાસ્સા વગોવાઈ ગયેલા. ઋષિદા અને પ્રિયદર્શન ઉપરાંત અસરાનીને પસંદ કરનારા ત્રીજા ડિરેક્ટર ગુલઝાર હતા. ગુલઝારની મેરે અપને, કોશિશ, પરિચય સહિતની ઘણી ફિલ્મોમાં અસરાની ચમક્યા.

જો કે ‘શોલે’ અસરાનીની કારકિર્દીનું સુવર્ણ શિખર છે એ સ્વીકારવું પડે. ‘શોલે’ ફિલ્મમાં હિટલર મૂછો સાથે અંગ્રેજોં કે જમાને કે જેલર બનેલા અસરાનીના ભાગે માંડ ત્રણ-ચાર સીન જ આવેલા પણ સલીમ-જાવેદના ડાયલોગ્સની કમાલ કે આ રોલ આખી જિંદગી ઓળખ બની ગયો. ‘શોલે’માં ઓવરએક્ટિંગ કરવા છતાં અસરાની ફિલ્મના હીરો, હીરોઈન કરતાં વધારે પ્રભાવ છોડી ગયેલા. ‘શોલે’ ફિલ્મના કારણે સૌથી વધારે નામના ગબ્બરસિંહ બનતા અમજદ ખાનને મળેલી ને એ પછી સૌથી વધારે જાણીતું થયેલું પાત્ર જેલરનું હતું. ‘શોલે’ પહેલાં અને પછી પણ અસરાનીએ ઘણી ફિલ્મોમાં બહુ સારો અભિનય કર્યો અને મજબૂત પાત્રો પણ ભજવ્યાં પણ અંગ્રેજોં કે જમાને કે જેલર જેવો પ્રભાવ કે નામના બીજી કોઈ ફિલ્મ ના અપાવી શકી.

અસરાનીનો ગુજરાત સાથે પણ ગાઢ નાતો હતો કેમ કે એક જમાનામાં અસરાની ગુજરાતી ફિલ્મોના સૌથી સફળ હીરો હતા. ગુજરાતી સિનેમામાં અસરાનીની ઓળખ ‘હું અમદાવાદનો રિક્ષાવાળો, ૯૯૯ નંબરવાળો, અમદાવાદ બતાવું ચાલો’ ગીતના કારણે છે પણ વાસ્તવમાં અસરાનીએ પોતાની કારકિર્દીની શરૂઆત જ ગુજરાતી ફિલ્મોથી કરી હતી. મહાન નિર્દેશક ઋષિકેશ મુખરજીની પદ્ધતિસરની એક્ટિંગની તાલીમ લેવાની સલાહને અનુસરીને ૧૯૬૪માં અસરાની પુણેની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં જોડાયા હતા અને ૧૯૬૬માં ભણી રહ્યા પછી ૧૯૬૭માં આવેલી ફિલ્મ હરે કાંચ કી ચૂડિયાંમાં તેમને પહેલો બ્રેક મળેલો.

આ ફિલ્મમાં હીરો બિશ્વજિતના મિત્રની ભૂમિકા ભજવીને તેમણે હિન્દી ફિલ્મોમાં કારકિર્દી શરૂ કરી પણ એ પહેલાં ૧૯૬૭માં અભિનેત્રી વહીદા સાથે તેમણે સાત કેદી ફિલ્મ કરી હતી. આ ફિલ્મ અસરાનીની હીરો તરીકે પહેલી ગુજરાતી ફિલ્મ હતી. એ પછી અસરાની ગુજરાતીમાં ચાર બીજી ગુજરાતી ફિલ્મોમાં ચમક્યા પણ દરમિયાનમાં હિન્દી ફિલ્મોમાં કામ મળવા માંડ્યું ને ત્યાં જામી ગયા એટલે ગુજરાતી ફિલ્મો છોડી દીધી.

અસરાનીએ ૧૯૭૦ના દાયકામાં ગુજરાતી ફિલ્મોમાં હીરો તરીકે રી-એન્ટ્રી કરી અને ઉપરાછાપરી સફળ ફિલ્મો આપી. ‘હું અમદાવાદનો રીક્ષાવાળો, ૯૯૯ નંબરવાળો, અમદાવાદ બતાવું ચાલો’ ગીત ફિલ્મ મા-બાપનું છે ને આ ફિલ્મ સુપરહિટ હતી. કિશોર કુમારે ગાયેલું આ ગીત સંગીત શિરોમણી અવિનાશ વ્યાસે લખેલું ને તેમણે જ સંગીતબદ્ધ કરેલું. આ ગીત ગુજરાતીનાં સૌથી લોકપ્રિય ગીતોમાં એક છે. આ ગીતની સફળતાના પગલે કિશોર કુમાર સાથે અસરાનીએ ગાયેલું મન્નુભાઈની મોટર ચાલી પોમ પોમ પોમ ગીત પણ સફળ થયેલું. ગુજરાતી ફિલ્મોમાં અસરાનીએ રીટા ભાદુરી સાથે જોડી જમાવી હતી પણ બીજી અભિનેત્રીઓ સાથે પણ કામ કર્યું. નસીબદાર, મા-બાપ, સંસારચક્ર, પારકાં પોતાનાં, વાયા વિરમગામ વગેરે અસરાનીની સફળ ગુજરાતી ફિલ્મો હતી.

અસરાનીએ રાજકારણમાં પણ ઝંપલાવેલું અને ૨૦૦૪માં કૉંગ્રેસમાં જોડાઈને લોકસભા ચૂંટણી દરમિયાન સક્રિય પ્રચાર કર્યો હતો પણ પછી રાજકારણથી અલિપ્ત થઈ ગયા હતા. છેલ્લા એકાદ દાયકાથી એ ફિલ્મોથી પણ અલિપ્ત હતા. કોઈ ટીવી શોમાં એ દેખાઈ જતા પણ એ સિવાય લગભગ નિવૃત્ત જ હતા. ■

# વિરોધના દાવાનળને ઠારવા સ્ટુડન્ટ્સ લોન માફ કરવાની ટ્રમ્પતંત્રની જાહેરાત

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રએ એક મોટો નિર્ણય લીધો છે, જેને કારણે લાખો વિદ્યાર્થીઓને રાહત મળશે. ફેડરલ લોન માફી યોજનાઓ હેઠળ લાખો વિદ્યાર્થીઓની લોન માફ કરવામાં આવશે.

અહેવાલ મુજબ અમેરિકન ફેડરેશન ઓફ ટીચર્સ અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન વચ્ચે કોર્ટમાં સમાધાન થયું છે, જેને કારણે ઇન્કમ-ડ્રીવન પેમેન્ટ પ્રોગ્રામ્સ માટે સ્ટુડન્ટ-લોન માફી પ્રોસેસ ફરી શરુ થશે. ઇન્કમ- બેઝ્ડ પેમેન્ટ, પે એઝ યુ અર્ન અને ઇન્કમ-કોન્ટીન્જેન્ટ પેમેન્ટ જેવી યોજનાઓ હેઠળ નોંધાયેલા લોનધારકોની લોન માફી માટેની અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવશે. અહેવાલ મુજબ ટ્રમ્પ વહીવટીતંત્ર સંમત થયું છે કે જેમની લોન ૨૦૨૫માં રદ કરવામાં આવી છે, તેમને માફ કરાયેલી રકમ પર ફેડરલ ટેક્સ નહીં ચૂકવવો પડે. કરાર મુજબ કેટલી અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે તેનો રિપોર્ટ દર મહિને કોર્ટને આપવાનો રહેશે.

૨૦૨૫ ની શરૂઆતમાં, વહીવટીતંત્રે કેટલીક આઇડીઆર યોજના હેઠળ રજીસ્ટ્રેશન અને લોન માફી પ્રક્રિયા બંધ કરી હતી, જેની સામે એએફટીએ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

## પાકિસ્તાન સાથેના ટેન્શનમાં ભારતનો હાથ નથીઃ અફઘાન

કાબુલઃ અફઘાનિસ્તાનના સંરક્ષણપ્રધાન મૌલવી મોહમ્મદ યકૂબ મુજાહિદે પ્રાદેશિક તંગદિલી સાથે ભારતને સાંકળવાના આક્ષેપોને નકારી કાઢીને આ આક્ષેપોને ‘પાયાવિહોણા, અતાર્કિક અને અસ્વીકાર્ય’ ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે કાબુલ તેના વિદેશી સંબંધો સ્વતંત્ર રીતે જાળવે છે અને તેના રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને ભારત સાથેના સંબંધો મજબૂત બનાવશે.

મુજાહિદે જણાવ્યું હતું કે આ આક્ષેપો આધારવિહોણા છે. અમારી નીતિ અમારી ધરતીનો બીજા દેશો સામે ઉપયોગ ન કરવા દેવાની છે. અમે સ્વતંત્ર દેશ તરીકે ભારત સાથે સંબંધો જાળવીશું અને અમારા રાષ્ટ્રીય હિતના માળખામાં રહીને તેની સાથેના સંબંધો મજબૂત બનાવીશું.

તાજેતરની પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની તંગદિલીમાં ભારતની ભૂમિકાના દાવાને તેમણે નકારી કાઢ્યો હતો.

મુજાહિદે કહ્યું હતું કે કાબુલ સારા પડોશી અને વેપારના વિસ્તરણના આધારે ઈસ્લામાબાદ સાથે મજબૂત સંબંધ કરવા માગે છે. બે પડોશી વચ્ચેની તંગદિલીથી કોઈને ફાયદો નહીં થાય. સંબંધો પારસ્પરિક આદર અને સારા પડોશીના સિદ્ધાંતના આધારે સ્થાપી શકાય.

## દિવાળી એટલે અંધકાર પર પ્રકાશની જીતનું સ્મરણઃ ટ્રમ્પ

ન્યૂ યોર્કઃ અમેરિકાના પ્રમુક ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે પ્રકાશના તહેવાર દિવાળી પર શુભેચ્છાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે આ સમય મિત્રો અને પરિવારોને એકસાથે લાવીને ઉજવણી કરવાનો છે. ટ્રમ્પે એક નિવેદનમાં કહ્યું હતું કે આજે હું પ્રકાશના તહેવાર (દિવાળી)ની ઉજવણી કરી રહેલા દરેક અમેરિકનને મારી શુભકામનાઓ પાઠવું છું.અમેરિકાના પ્રમુખે કહ્યું હતું કે ઘણા અમેરિકનો માટે દિવાળી એ આપણને અંધકાર પર પ્રકાશના વિજયની હંમેશા યાદ અપાવવાનો તહેવાર છે. આ પરિવારો અને મિત્રોને એકસાથે લાવીને ઉજવણી કરવાનો, આશામાંથી શક્તિ મેળવવાનો અને નવીકરણની સ્થાયી ભાવનાને સ્વીકારવાનો પણ છે. લાખો નાગરિકો દીવો પ્રગટાવે છે. આપણે શાશ્વત સત્યમાં આનંદિત થઈ છીએ કે અસત્ય પર હંમેશા સત્ય પર વિજય થાય છે.

## પહેલા પાનાનું ચાલુ

### મહાયુતિમાં

સ્વતંત્ર રીતે ચૂંટણી લડવા માગે છે. ‘જ્યાં તાકાત છે, ત્યાં આપણે સ્વતંત્ર રીતે ચૂંટણી લડવી જોઈએ. આ શહેરના મેયર આપણા જ હોવા જોઈએ અને તે આપણા કાર્યકરોની ભૂમિકા છે.’ આ નિવેદનથી શિવસેનામાં ખળભળાટ મચી ગયો.

ઓરિયેન્ટેશન કેમ્પ પછી ભાજપના થાણે જિલ્લાના પ્રમુખ સંદીપ લેલેએ કહ્યું હતું કે મહાયુતિ રાજ્ય અને કેન્દ્ર સ્તરે સત્તામાં છે અને થાણેમાં પણ સત્તામાં સાથે જ રહેવાનો અમારો ઈરાદો છે.

થાણેની જેમ જ મુંબઈમાં પણ હવે ભાજપના કાર્યકર્તાઓ આક્રમક બની રહ્યા છે. એક તરફ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ અમિત સાટમ મુંબઈમાં યુતિ અકબંધ રહેશે એવી વાત કરી રહ્યા છે, પરંતુ બીજી તરફ કાર્યકર્તાઓ અક્કડ વલણ અપનાવી રહ્યા છે.

કેબિનેટ પ્રધાન અને મુંબઈ ભાજપના ભૂતપૂર્વ અધ્યક્ષ આશિષ શેલારે ૨૨૭ વોર્ડમાંથી ‘ગ્રાઉન્ડ રિપોર્ટ્સ’ એકઠા કરવાનું શરૂ કર્યું છે. દરેક વોર્ડની વાસ્તવિક સંગઠનાત્મક તાકાતનું મૂલ્યાંકન કરી રહ્યા છે.

કાર્યકરોએ મંગળવારે શેલારની સામે એવું મક્કમ વલણ અપનાવ્યું હતું કે જે વોર્ડમાં ભાજપની તાકાત છે એ બેઠકો છોડવા માટે તૈયાર નથી.

આ પડકાર સ્પષ્ટપણે દર્શાવે છે કે દિવાળી પછી તરત જ યોજાનારી વોર્ડ વિતરણ પ્રક્રિયા દરમિયાન, ભાજપ તેના મજબૂત સમર્થન આધાર સાથે વોર્ડમાં મજબૂત દાવો કરશે અને બેઠક ફાળવણીમાં સમાધાન કરવા તૈયાર નહીં હોય. ભાજપ દ્વારા આ સુનિયોજિત અને આક્રમક તૈયારી બંને મનપાની ચૂંટણી લડાઈમાં નિર્ણાયક પરિબળ બનશે.

### એચ-વનબીની

લાખ) કરવાની જાહેરાત કરી હતી.

યુએસસીઆઇએસ એ તાજેતરમાં કરેલી જાહેરાત મુજબ જેના એચ-વનબી સ્ટેટસ પહેલાથી સ્પોન્સર કરવામાં આવેલા છે, એવા આંતરરાષ્ટ્રીય સ્નાતકોએ નવી ફી ચુકવવાની રહેશે નહીં. અધિકારીઓએ એ પણ સ્પષ્ટતા કરી કે હાલના એચ-વનબી વિઝા ધારકોને ગયા મહિને જાહેર કરાયેલ ફી ચૂકવવાની રહેશે નહીં. સોમવારે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન્સમાં સ્પષ્ટતા કરવામાં આવી છે, એફ-વન સ્ટુડન્ટ વિઝા અથવા એલ-વન પ્રોફેશનલ વિઝા જેવા માન્ય વિઝા પર યુએસમાં રહેતા લોકોને સ્ટેટ્સ ચેન્જ કરી એચ-વનબી વિઝા માટે અરજી કરતી વખતે નવી ફી ચૂકવવાની જરૂર રહેશે નહીં. એચ-વનબી વિઝા રીન્યુ કરવવા માંગતા લોકોને પણ નવી ફી ચુકવવાની રહેશે નહીં. (એજન્સી)■

### દિવાળીમાં

પરંપરાગત બજારોમાં એટલે કે છૂટક વેચાણનો હિસ્સો ૮૫ ટકા હતો.

દિવાળીમાં વિવિધ બજારમાં થયેલી કુલ ખરીદીમાં સૌથી વધુ (૧૨ ટકા) ખરીદી કરિયાણા (ગ્રોસરી) અને ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સમાં થઇ હતી.

તહેવારમાંના કુલ વેચાણમાં તે પછી સોના અને દાગીના બજારનો હિસ્સો ૧૦ ટકા, ઇલેક્ટ્રોનિક્સ અને ઇલેક્ટ્રિકલ્સ ચીજોનો આઠ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સનો સાત ટકા, કપડાંનો સાત ટકા, ભેટની ચીજોનો સાત ટકા, ઘરના સુશોભનની ચીજોનો પાંચ ટકા, ફર્નિશિંગ અને ફર્નિચરનો પાંચ ટકા, મીઠાઇ અને નમકીનનો પાંચ ટકા, કાપડ (ટેક્સ્ટાઇલ્સ અને ફેબ્રિક્સ)નો ચાર ટકા, પૂજાની સામગ્રીનો ત્રણ ટકા, ફળો અને સૂકા મેવાનો ત્રણ ટકા હિસ્સો રહ્યો હતો.

સર્વિસ સેક્ટરમાં જોઇએ તો પૅકેજિંગ, હૉસ્પિટાલિટી, કૅબ સર્વિસ, પર્યટન, ઇવેન્ટ મેનેજમેન્ટ, તંબૂ અને સુશોભન, માનવશક્તિ અને ડિલિવરીના કામમાં તેજી જોવા મળી હતી.

ફૂટવૅર (પગરખાં), કપડાં, કૉન્ફેક્શનરી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ જેવી અનેક દૈનિક વપરાશની ચીજોના જીએસટી દર ઘટવાથી સસ્તી થઇ હોવાથી તેઓની માગ વધી છે.

જાન્યુઆરીના વચમાંથી લગ્નની મોસમ શરૂ થતી હોવાથી તહેવારોની જેમ બજારોમાં શિયાળામાં પણ મોટા પાયે ખરીદી ચાલુ રહેવાની આશા રખાય છે. (એજન્સી)■

### જિનપિંગને મળીને

ઈકોનોમિક કોઓપરેશન સમિટની પાર્શ્વભૂમિમાં શીને મળીશ. આમાં ૨૧ દેશ ભાગ લેવાના છે. બેઈજિંગે હજી એવી જાહેરાત કરી નથી કે શી આ શિખર પરિષદમાં ભાગ લેવાના છે. જોકે આ જાહેરાત પછીથી પણ થઈ શકે.

સોમવારે ટ્રમ્પે ચીન પર ભારે ટૅરિફ લાદવાની ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું કે જો ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ યુએસ સાથે ટ્રેડ ડીલ પર સાઈન નહીં કરે તો ચીન પર ૧૫૫ ટકા ટૅરિફ લાદવામાં આવશે.

વાઇટ હાઉસમાં ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે એક ખનિજ કરાર પર હસ્તાક્ષર કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે કહ્યું, ચીન અમારા પ્રત્યે ખૂબ આદરપૂર્વક વર્તી રહ્યું છે.

તેઓ અમને ટૅરિફના રૂપે મોટી રકમ ચૂકવે છે. હાલ ચીન પર પંચાવન ટકા ટૅરિફ લાગેલો છે, જો કોઈ ટ્રેડ ડીલ સાઈન કરવામાં નહીં આવે, તો તે પહેલી નવેમ્બરથી ૧૫૫ ટકા કરવામાં આવશે. (એજન્સી)■

### કટોકટીથી

પત્રમાં ‘ઑપરેશન સિંદૂર’થી લઇને નક્સલવાદ સામેની લડતનો પણ ઉલ્લેખ કર્યો હતો. મોદીએ જણાવ્યું હતું કે જીએસટી ઘટાડવાનું પગલું અમારી સરકારની ઐતિહાસિક સિદ્ધિ ગણી શકાય. તેને લીધે નાગરિકોની અબજો રૂપિયાની બચત થઇ રહી છે અને તેઓ ‘જીએસટી બચત ઉત્સવ’માં સહભાગી થઇ શક્યા છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશના નાગરિકોએ ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ના જુસ્સા સાથે માત્ર ‘સ્વદેશી’ ચીજો જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઇએ. દેશની બધી ભાષાને સન્માન આપવું જરૂરી છે. આ ઉપરાંત, આરોગ્યને પ્રાધાન્ય આપવાની સાથે યોગને અપનાવવું જોઇએ. મોદીએ નૌકાદળના જવાનોની સાથે સ્વદેશી વિમાનવાહક જહાજ આઇએનએસ વિક્રાંત પર દિવાળીની ઉજવણી કર્યા બાદ જનતાને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે આપણા સૌના સંયુક્ત પ્રયાસથી જ ‘વિકસિત ભારત’નું સ્વપ્ન સાકાર કરી શકાશે.(એજન્સી)■

### પાકના ટુકડા

આર્થિક ચિત્ર જનકેન્દ્રીય અભિગમથી બદલવા માટેની છે. યુવાનોને પ્રવૃત્ત રાખવામાં અને સશક્ત બનાવવામાં સિવિલ સોસાયટીની રચનાત્મક ભૂમિકાની સરાહના કરતા તેમણે કહ્યું હતું કે અશાંત બલૂચિસ્તાનમાં લાંબા ગાળાની સમૃદ્ધિ લાવવા સ્થાપિત રાજકીય એજન્ડાને નકારીને સ્થાયી વિકાસ કરવામાં સિવિલ સોસાયટી મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

સરકારે યોજેલા આ વર્કશોપમાં સહભાગી થનારા વિવિધ સ્તરના લોકોને બલૂચિસ્તાનના સામેના પડકારોથી અને તેનો સામનો કરવા લેવામાં આવેલા પ્રયાસોથી વાકેફ કરવામાં આવ્યા હતા. (એજન્સી)

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(દક્ષિણાયન - સૌર શરદઋતુ, બુધવાર, તા. ૨૨-૧૦-૨૦૨૫, નૂતન વર્ષાભિનંદન, વિ. સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, મહાવીર જૈન સંવત્સર ૨૫૫૨ પ્રારંભ.

- ભારતીય દિનાંક ૩૦, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૧ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃતુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૦૩, મધ્ય રાત્રિ પછી ક. ૦૦-૪૬
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૦,
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, કાર્તિક શુક્લ - પ્રતિપદા. ઈષ્ટિ, વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, મહાવીર જૈન સંવત્સરારંભ ૨૫૫૨, દિવાળી પડવો, કાર્તિક શુક્લાદિ, બલિપૂજન, ગોવર્ધન પૂજા, ગૌક્રીડા, અભ્યંગ સ્નાન, અન્નકૂટ. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ મુહૂર્તરાજ શ્રેષ્ઠ દિન.
- મુહૂર્ત વિશેષઃ વાયુદેવતાનું પૂજન, બુધ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, હજામત, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વાહન, માલ લેવો, દુકાન-વેપાર રત્નધારણ, પશુ લે-વેંચ, બી વાવવું, નામકરણ, અન્નપ્રાશન, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા. કુલાચાર પ્રમાણે મિતિ નાખવી - કાંટો બાંધવો - નવા વર્ષના વેપારનો પ્રારંભ કરવો. મુહૂર્ત સમયઃ (૧) સવારે ક. ૦૬-૩૬ થી ક. ૦૮-૦૨ (લાભ) (૨) સવારે ક. ૦૮-૦૨ થી ક. ૦૯-૨૮ (અમૃત) (૩) સવારે ક. ૧૦-૫૪ થી ક. બપોરે ૧૨-૨૦ (શુભ) (૪) બપોરે ક. ૧૫-૧૬ થી ક. સાંજે ૧૬-૩૯ (ચલ) (૫) સાંજે ક. ૧૬-૩૯ થી ક. ૧૮-૧૦ (લાભ)
- આચમનઃચંદ્ર-રાહુ ત્રિકોણ સ્થિર સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ (તા. ૨૩)
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

●●●●

**દક્ષિણાયન - સૌર શરદઋતુ/ સૌર હેમંતઋતુ પ્રારંભ, ગુરુવાર, તા. ૨૩-૧૦-૨૦૨૫, ભાઈબીજ, યમદ્વિતિયા, ચંદ્રદર્શન,**

- ભારતીય દ્દિનાંક ૧, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૦ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૨-૦૫ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃતુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૨૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૫ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૦, સાંજે ક. ૧૮-૩૩.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, કાર્તિક શુક્લ - દ્વિતિયા. ચંદ્રદર્શન, મું. ૪૫, સમર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૬૨ અંશ, ભાઈબીજ, યમદ્વિતિયા, ભારતીય કાર્તિક માસારંભ, સૂર્ય સાયન વૃશ્ચિકમાં સવારે. ક. ૦૯-૨૨. સૌર હેમંતઋતુ પ્રારંભ, વિંછુડો પ્રારંભ ક. ૨૨-૦૫. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ઈન્દ્ર-અગ્નિદેવતાનું પૂજન, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-મંગળ યુતિ અવિચારી, ચંદ્ર-બુધ યુતિ ઉગ્ર પ્રકૃત્તિના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-બુધ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.■

## પ્રજામત

### તુલસીશ્યામ

કનૈયાની મૂર્તિમાં શ્યામ જોયોને
દોડતો આવી ગયો છું.
ભાઈ તુલસીશ્યામ
જંગલની શોભા જોઈને
મારા હૈયામાં મ્હાતી નથી હામ
ડુંગરાની કંદરામાં ગોવાળિયા,
ગાવડિયું ચરાવતા બંસરી વગાડે છે, ને
એના એક-એક સૂરમાં,
સંભળાય છે કનૈયાનું નામ.
ઊના પાણીના કુંડમાં ભક્તો,
ખરેખર ભાવુક બનીને સ્નાન કરે છે.
ખોબલા ભરેલા પાણીમાં દેખાય છે
અખંડ બ્રહ્માંડ
ભારતના ખૂણેખૂણેથી આવેલા લોકો
રુક્મિણીમાના ખરા હૃદયથી
દર્શન કરે છે
કુદરતનું કોમળ હૃદય એને પાય છે
ભક્તિ કેરો જામ
હચમચતું હૈડું બોલવાને લાગે છે
અંતર આત્મા કાઢે છે, ઉદ્ગાર,
ઈશ્વર મોકો આપે તો?
કાચલિયા કહે શ્યામના દર્શન કરવાને
પધારજો તુલસીશ્યામ.

**નવીનચંદ્ર રતિલાલ કાચલિયા-નવસારી**

### પાણીનો વેડફાટ અટકાવીએ

સમગ્ર દેશમાં જરૂરિયાત કરતાં વધુ પાણીનો ઉપયોગ અને વેડફાટ થાય છે. એના કારણે જળસંકટ ઊભું થયું છે. પાણીની અછત માટે ઉદ્યોગો અને આધુનિક રહેણી-કરણી જવાબદાર છે. જેના કારણે પાણીનો બેફામ વપરાશ થાય છે. વર્તમાનમાં નળ ખોલતાં જ પાણી મળી રહે છે એથી લોકોને પાણીની કિંમત નથી રહી. આવનારો સમય ખૂબ ભયંકર બની શકે છે.

આજે અનેક ઠેકાણે પાણીના અભાવને કારણે લોકોનું જીવન દુષ્કર બની ગયું છે.

કેટલાંક ઘરોમાં પાણીનો પારાવાર વેડફાટ થાય છે. ઘર બંધ હોય અને નળ ચાલુ રહી ગયો હોય તો પાણી વહી જતું હોય છે. પાણીનો દુરુપયોગ બંધ થાય અને પાણીની બચત થાય એ અંગે જાગૃતિ લાવીએ. ગૃહિણીઓ તથા ઘરમાં કામ કરનારાઓને યોગ્ય સમજણ આપીને પાણી બચાવવા પર પગલું માંડીએ.

લાઇફસ્ટાઈલ જેમ-જેમ લક્ઝુરિયસ થતી જાય છે તેમ-તેમ પાણીનો બગાડ પણ વધતો જાય છે. એથી આપણી વિવેકબુદ્ધિ વાપરીને પાણીનું જતન કરીએ.

એક સમયે જ્યારે દૂર-દૂર સુધી માથે બેડલા મૂકીને પાણી ભરવા જવું પડતું હતું, ત્યારે પાણીની ખરી કિંમત સમજાતી હતી. અત્યારે સહજતાથી મળતાં પાણીનું મૂલ્ય ઘટી ગયું છે. સ્વિમિંગ પૂલ, વૉટરપાર્ક, ફાઈવસ્ટાર હોટલ, રિસોર્ટ અને ક્રિકેટના મેદાન હોય કે પછી મોટા બંગલાની હરિયાળી લૉન હોય પાણીનો વપરાશ આડેધડ થાય છે.

એવામાં જરૂરી છે કે ‘જળ એ જ જીવન’ એ વાતને યથાર્થ કરી જીવનમાં ઉતારીએ અને પાણીનો સંગ્રહ કરતા શીખીએ.

**સેવંતીભાઈ મ. સંઘવી-થરાદ**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# પોલીસનું બલિદાન સતત પ્રેરણા આપે છેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે મુંબઈમાં નાયગાંવ ખાતે પોલીસ હેડક્વાર્ટર શહીદ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી તેમનું બલિદાન લોકોને હિંમત અને અખંડિતતા જાળવી રાખવા માટે પ્રેરણા આપે છે એમ જણાવ્યું હતું.

૨૧ ઓક્ટોબર ૧૯૫૯ના દિવસે લદાખના હોટ સ્પ્રિંગ્સ ખાતે ભારે હથિયારોથી સજ્જ ચીની સૈનિકોએ કરેલા હુમલામાં ૧૦ જાંબાઝ પોલીસ કર્મી શહીદ થયા હતા. ત્યારથી દર વર્ષે ૨૧ ઓક્ટોબર પોલીસ સ્મૃતિ દિવસ તરીકે મનાવવામાં આવે છે.



**સલામી...:** પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે દાદરમાં શહીદ પોલીસ જવાનોને સલામી આપવામાં આવી હતી. (અમય ખરાડે)

ફડણવીસે જણાવ્યું હતું કે 'ફરજ બજાવતા જીવનું બલિદાન આપનારા જાંબાઝ અધિકારીઓનો પોલીસ સ્મૃતિ દિન પર અમે આભાર માનીએ છીએ. તેમનું બલિદાન આપણને હિંમત અને અખંડિતતા જાળવી રાખવા માટે પ્રેરણા આપે છે.' આ પ્રસંગે મુંબઈ ઉપનગરીય જિલ્લાના નાયબ પીલક પ્રધાન, મહારાષ્ટ્રના પોલીસ મહાનિદેશક રશ્મી શુક્લા, મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતી, વિવિધ દેશના રાજદૂત અને પ્રતિનિધિઓ, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને આમંત્રિતો પણ હાજર રહ્યા હતા.

છેલ્લા એક વર્ષમાં દેશ માટે બલિદાન આપનારા ૩૪ અધિકાર અને ૧૫૭ કોન્સ્ટેબલ સહિત ૧૯૧ પોલીસ કર્મચારીઓને ફડણવીસે શ્રદ્ધાંજલિ આપી હતી. કર્મચારીઓના નામ વાંચવામાં આવ્યા બાદ પોલીસ બેન્ડ સાથે ઔપચારિક સલામી આપવામાં આવી હતી. ગણવેશધારી અધિકારીઓ અને જવાનોએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

મુખ્ય પ્રધાને મૃતકોના પરિવારજનો, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને સમારોહમાં હાજર મહેમાનો સાથે વાતચીત કરી હતી. (પીટીઆઈ) ■

# કૅન્સરની રેડિયેશન થેરપી માટે ટાટા હૉસ્પિટલ ૧૧ માળની ઈમારત બનાવશે

મુંબઈઃ કેન્સરની સારવાર, સંશોધન અને શિક્ષણ માટે ટાટા મેમોરિયલ સેન્ટરે (ટીએમસી) ખારઘર સ્થિત એક્ટ્રેક ખાતે ૧૧ માળની ઇમારત બાંધવાનું કામ હાથ ધર્યુ છે. દેશના સૌથી મોટા રેડિયેશન થેરપી કેન્દ્રોમાંનું એક કેન્દ્ર આ ઇમારતમાં શરૂ કરવામાં આવશે, જે અત્યાધુનિક કેન્સર સારવાર ટેકનોલોજીથી સજ્જ હશે. સામાજિક જવાબદારીના ભાગરૂપે આ ઇમારત માટે આયસીઆયસીઆય બેંકે ૬૨૫ કરોડ રૂપિયાનું ભંડોળ પૂરું પાડ્યું છે.

મહારાષ્ટ્રના નવી મુંબઈ, પંજાબના મુલ્લાનપુર (નવું ચંદીગઢ) અને આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં એક-એક એમ ત્રણ અત્યાધુનિક કેન્સર કેન્દ્રોની ઇમારત ટીએમસી દ્વારા બાંધવામાં આવશે, જેના આ માટે આયસીઆયસીઆય બેંક દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે ટીએમસીને ૧૮૦૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપવામાં આવ્યું છે. તેના પ્રથમ તબક્કાના કામની શરૂઆત ખારઘરથી થઈ છે. આ ઇમારતનો ભૂમિપૂજન સમારોહ રવિવારે યોજાયો હતો. કેન્સરના વધતા જતા દર્દીઓને ધ્યાનમાં રાખીને, દેશમાં તાત્કાલિક જરૂરી એવા તબીબી, તકનીકી અને પેરામેડિકલ સ્ટાફના શિક્ષણ અને તાલીમ માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવશે. ગ્રાઉન્ડ ફ્લોર અને બે બેઝમેન્ટ ધરાવતી આ ૧૧ માળની ઇમારત ૩.૪ લાખ ચોરસ ફૂટમાં બાંધવામાં આવશે. તેમાં ૧૨ અત્યાધુનિક લિનિયર એક્સિલરેટર્સ અને કેન્સર સંબંધિત અન્ય અદ્યતન ઉપકરણો હશે. લિનિયર એક્સિલરેટર્સ કેન્સરના કોષોને ચોક્કસ રેડિયેશન આપે છે, જેનાથી આસપાસની તંદુરસ્ત પેશીઓને ઓછું નુકસાન થાય છે. આ ઉપરાંત, વર્ષ દરમિયાન ૨૫,૦૦૦ નવા દર્દીઓને ઓપીડીમાં સારવારની સુવિધા મળશે. આ કેન્દ્ર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. ■

# વડાલા પ્લોટની હરાજી ઓનલાઈનઃ ૧૬૦૦ કરોડ મળવાનો અંદાજ

## નવું બીકેસી તૈયાર કરવાનું આયોજન, એમએમઆરડીએ દ્વારા ગ્રોથ હબની ડિઝાઇન તૈયાર કરવામાં આવી

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ વડાલા સ્થિત તેની ૧૫૦ એકર જમીન બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સની જેમ આંતરરાષ્ટ્રીય ધોરણના આર્થિક વિકાસ કેન્દ્ર તરીકે વિકસાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયનો ટૂંક સમયમાં અમલ કરવામાં આવશે અને તેના ભાગરૂપે વડાલામાં જમીનની ઈ-હરાજી (ઓનલાઈન લિલામી) કરવામાં આવશે. વડાલામાં ૧૦ હજાર ૮૬૦ ચોરસ મીટરના પ્લોટની ઈ-હરાજી માટે એક મહિનામાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. એમએમઆરડીએએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ પ્લોટ કોમર્શિયલ ઉપયોગ માટે ફાળવવામાં આવશે અને એમએમઆરડીએને ઇ-હરાજીથી ૧૬૦૦ કરોડ રૂપિયાથી વધુની આવક થવાની સંભાવના છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનને ગ્રોથ હબ તરીકે વિકસાવવામાં આવશે. એમએમઆરડીએ દ્વારા આ ગ્રોથ હબની ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે ૧૫૦ એકર જમીન માટે સ્પેશિયલ પ્લાનિંગ ઓથોરિટી તરીકે એમએમઆરડીએની નિમણૂક થઈ ચૂકી છે. મેટ્રોપોલિટન કમિશનર ડો. સંજય મુખર્જીએ જણાવ્યું હતું કે પ્લોટનો વ્યાવસાયિક ઉપયોગ કરવામાંઆવશે અને ૮૦ વર્ષના લીઝ કરાર પર આપવામાં આવશે. પ્લોટની ઇ-હરાજી માટે બોલી દોઢ લાખ રૂપિયા પ્રતિ ચોરસ મીટર નક્કી કરવામાં આવી છે. જોકે, બોલી માટેનો દર આગામી કેટલાક દિવસોમાં નક્કી કરવામાં આવ્યા બાદ ઈ-હરાજીમાંથી કેટલી આવક થશે એ સ્પષ્ટ થઈ જશે. આ ઈ-હરાજીથી સારી આવક થશે તો આ આવકનો ઉપયોગ મેટ્રો સહિત અન્ય પ્રોજેક્ટ્સ માટે કરવામાં આવશે.

એમએમઆરડીએએ ૨૦૦૮માં વડાલામાં બે પ્લોટની ઈ-હરાજી કરી હતી. જોકે, ત્યારે વૈશ્વિક આર્થિક મંદીને કારણે આ ઈ-હરાજીને ભવ્ય પ્રતિસાદ ન મળ્યો હોવાથી ૨૦૧૦માં આ પ્લોટની ફરીથી ઇ-હરાજી કરવામાં આવી હતી. ■

# મુંબઈ એરપોર્ટ પર ૭.૮૬ કરોડનો ગાંજો પકડાયોઃ બે પ્રવાસીની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર ૭.૮૬ કરોડ રૂપિયાનો હાઇડ્રો ગાંજો પકડી પાડી મહિલા સહિત બે પ્રવાસીની ધરપકડ કરી હતી. બંને પ્રવાસીની ઓળખ થાણેમાં રહેતા મોહંમદ ઇરફાન અબ્દુલ્લા ખાન (૨૭) અને માલવણી વિસ્તારની રહેવાસી સારાબી ઇકરાર શેખ (૩૬) તરીકે થઇ હતી.

મોહંમદ ઇરફાન ખાન અને સારાબી શેખ સોમવારે હોંગકોંગથી ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ મહારાજ ઇન્ટરનેશન એરપોર્ટ પર આવ્યાં હતાં અને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ શંકાને આધારે બંને જણને આંતર્યાં હતાં. દરમિયાન બંનેના સામાનની તલાશી લેવામાં આવી હતી, જેમાં ઇરફાન ખાનની ટ્રોલી બેગમાંથી ૧૭ પેકેટ, જ્યારે સારાબીની બેગમાંથી ૧૧ પેકેટ મળ્યાં હતાં, જેમાં કુલ ૭.૮૬ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો મળી આવ્યો હતો. આ ગાંજા વિશે બંને જણ સમાધાનકારક ઉત્તર આપી શક્યા નહોતા, જેને પગલે તેમને તાબામાં લેવાયા હતા. બંને પ્રવાસી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરાઇ હતી. બંને પ્રવાસીએ હોંગકોંગમાં ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં કઇ વ્યક્તિ સુધી પહોંચાડવાના હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# કોંકણની હાફૂસ કેરી એપીએમસી માર્કેટમાં દાખલ

થાણેઃ મુંબઈગરાઓ માટે દિવાળીની મીઠી ભેટ કહી શકાય એવી કોંકણની ફેમસ હાફૂસ કેરી વાશીની એપીએમસી માર્કેટમાં પહોંચી ગઇ છે. તહેવારોના સમયમાં કેરીની મોહક સુગંધથી બજારમાં ઉત્સાહનો માહોલ છવાયો છે અને ગ્રાહકોમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે. દિવાળીના દિવસોમાં આવેલી કેરીની આ પેટીને વિક્રમી ભાવ મળશે, એવું કહેવામાં આવી રહ્યું છે.

હાફૂસ કેરીની મુખ્ય સીઝન માર્ચથી જૂન દરમિયાન હોય છે. પરંતુ હવામાનના ફેરફારોને કારણે અને કેરીના મોરની યોગ્ય રીતે સંભાળ રાખવામાં આવે તો, તે કેટલીકવાર ઓક્ટોબર-નવેમ્બરમાં પણ મર્યાદિત માત્રામાં જોવા મળે છે. દેવગડના પડવણે ગામના શિરસેકરની વાડીમાં જુલાઈ મહિનામાં ત્રણથી ચાર કલમો પર વહેલો મોર આવ્યો હતો. તેમાંથી બે કલમો પરના મોરનું તેમણે પ્લાસ્ટિક કવર લગાવીને રક્ષણ કર્યું હતું. યોગ્ય કાળજી અને છંટકાવને કારણે તે કલમો પર લગભગ પાંચ પેટી જેટલું ફળ આવ્યું. તેમાંથી પહેલી ૬ ડઝન હાફૂસ કેરીની પેટી તેમણે દિવાળીના પ્રથમ દિવસે એટલે કે ૨૦ ઑક્ટોબરે વાશી માર્કેટ તરફ રવાના કરી હતી. ■

# શ્વાન સામે આવી જતાં કાર ડિવાઈડર કુદાવી અન્ય વાહન સાથે ભટકાઈઃ ચાર જણનાં મોત

ધારાશિવઃ ઉમરગા તાલુકાના ડાળિંબ ગામ નજીક અચાનક શ્વાન સામે આવી જતાં ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને કાર ડિવાઇડર કૂદાવીને અન્ય કાર સાથે ભટકાઇ હતી. આ અકસ્માતમાં ચારનાં મોત થયાં હતાં, જ્યારે બે જણ ઘવાયા હતા.

મંગળવારે સવારે છ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા ચારેય જણ કર્ણાટકના બિદર જિલ્લાના રહેવાસી હતી. ઘવાયેલા બે જણને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



બિદર જિલ્લાના ખાશમપૂરમાં રહેતા યુવાનો મંદિરમાં દર્શન કર્યા બાદ ક્રેટા કારમાં પોતાના ગામમાં પાછા ફરી રહ્યા હતા. તેમની કાર ડાળિંગ ગામ નજીકથી પસાર થઇ રહી હતી ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો. વિરુદ્ધ દિશાથી આવી રહેલી કાર સામે અચાનક શ્વાન આવી જતાં ચાલક મનુતજીત હનુમંત મસૂતીએ કાબૂ ગુમાવ્યો હતો અને કાર ડિવાઇડર કૂદાવીને ક્રેટા કાર સાથે ટકરાઇ હતી, જેમાં ક્રેટા કારમાંના ચાર યુવાનનાં ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયાં હતાં.

મૃતકોની ઓળખ રતિકાંત બસગોંડા (૩૦), શિવકુમાર ચિતાનંદ વગ્ને (૨૬), સંતોષ બસગોંડા (૨૦) અને સદાનંદ બસગોંડા (૧૯) તરીકે થઇ હતી. અકસ્માતમાં કારચાલક મનુતજીત મસૂતી તથા દિગંબર સાગુલગી ઘાયલ થયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે બંને કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. દરમિયાન અકસ્માતની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ક્રેનની મદદથી ક્રેટા કારમાંથી ચારેય યુવાનના મૃતદેહને બહાર કાઢ્યા હતા. ■

# કૂપર હૉસ્પિટલમાં દવાની અછત

મુંબઈઃ છેલ્લાં કેટલાક મહિનાઓથી વિવિધ કારણોસર ચર્ચામાં રહેલી મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત કૂપર હોસ્પિટલ હવે દવાઓની અછત ઊભી થઈ છે. છેલ્લાં છ મહિનાથી હોસ્પિટલમાં એન્ટિબાયોટિક્સ, ગળામાં દુખાવો, પિત્તને લગતી દવાઓ, પેઈનકિલર્સ, પીડાશામક અને શ્વાનના કરડવાની દવા ઉપલબ્ધ નથી. પરિણામે દર્દીઓ અને તેમના સંબંધીઓએ પ્રાઈવેટ ફાર્મસીમાંથી દવા ખરીદવી પડતી હોવાથી આર્થિક બોજ સહન કરવો પડે છે. કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓના આંદોલન બાદ કૂપર હૉસ્પિટલ પર એક પછી એક આવતી સમસ્યા ખતમ થવાનું નામ થી લેતી. કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓનું આંદોલન તેમજ દર્દીઓને ઉંદર કરડવાના પ્રસંગો તેમજ હૉસ્પિટલમાં અસ્વચ્છતા અને ફરીથી કોન્ટ્રાકટ કર્મચારીઓની હડતાળ જેવી એક પછી એક બની રહેલી ઘટનાઓને કારણે મહાનગરપાલિકાની કૂપર હોસ્પિટલ વિવાદમાં ઘેરાઈ છે. ■

# થાણેમાં બહુમાળીય બિલ્ડિંગની બાલ્કનીમાં ફટાકડાને કારણે લાગી આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે (પશ્ચિમ)માં બૅસિલિઅસ ટાવરના ૩૧ માળ પર બાલ્કનીમાં ફટાકડના તણખાને કારણે આગ લાગી હતી, જેમાં સોફો અને લાકડાનું ફર્નિચર બળીને ખાખ થઈ ગયું હતું. સદ્નસીબે કોઈને ઈજા પહોંચી નહોતી. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણેના ઘોડબંદર રોડ પર પાતલીપાડામાં હિરાનંદાની એસ્ટેટમાં બૅસિલિઅસ ટાવર આવેલો છે. સોમવારે રાતના લગભગ પોણા અગિયાર વાગ્યાની આસપાસ ૩૧ માળા પર આવેલા ફ્લેટની બાલ્કનીમાં ફટાકડાનો તણખો આવી જતા ત્યાં રહેલો સોફો અને ફર્નિચરમાં આગ પકડાઈ ગઈ હતી. બિલ્ડિંગના રહેવાસીની મદદથી ફાયરબ્રિગેડે આગ તરત બુઝાવી દીધી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ દિવાળી તહેવાર હોઈ ફટાકડા ફોડવાને કારણે તેના તણખા અનેક વખત બિલ્ડિંગના ઉપરના માળા પર ફ્લેટમાં ઊડીને જતા હોય છે અને આવી આગની દુર્ઘટના બનતી હોય છે. તેથી નાગરિકોએ રહેણાંક વિસ્તારને બદલે ખુલ્લા મેદાનમાં ફટાકડા ફોડવા યોગ્ય રહેશે. ■

## ઘાટકોપરમાં આગમાં બે કાર બળીને ખાખ

દિવાળી દરમ્યાન ફટાકડાને કારણે આગ લાગવાનું જોખમ વધી જતું હોય છે. મુંબઈમાં સોમવારે મોડી રાતે ફટાકડાને કારણે બે કારમાં આગ લાગી હતી, જેમાં બંને કાર બળીને ખાખ થઈ ગઈ હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સોમવારે રાતના ઘાટકોપરમાં નિત્યાનંદ નગરમાં આરોગ્યદાયી હૉસ્પિટલ નજીક વેદાંત બિલ્ડિંગ આવેલી છે. બિલ્ડિંગમાં નીચે પાર્ક કરેલી કારમાં સોમવારે રાતના ૧૧.૩૦ વાગે ફટાકડાને કારણે આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગ્રેડે પહોંચીને આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. ■

# બીડમાં હાથમાં ફટાકડો ફૂટતાં છ વર્ષના બાળકે ડાબી આંખ ગુમાવી

બીડઃ બીડમાં દિવાળીની ઉજવણી દરમિયાન હાથમાં ફટાકડો ફૂટતાં છ વર્ષના બાળકે પોતાની ડાબી આંખ ગુમાવવી પડી હતી, એમ તેની સારવાર કરનારા ડોક્ટરે જણાવ્યું હતું.

નાગોબા ગલી ખાતે રહેનારો બાળક સોમવારે સાંજના ઘર નજીક ફટાકડા ફોડી રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.

બાળકે ફટાકડો સળગાવ્યો હતો, પણ તે બુઝાઇ ગયો હતો. આથી બાળક બીજી વાર એ ફટાકડાને સળગાવવા જતાં તે ફાટ્યો હતો. ફટાકડો ફૂટતાં બાળકની ડાબી આંખમાં ઇજા થઇ હતી. બાળકને તાત્કાલિક સારવાર માટે બીડની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને બાદમાં તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ફટાકડાને કારણે બાળકના કોર્નિયાને સંપૂર્ણપણે નુકસાન થયું હતું અને તેને કારણે બાળકે ડાબી આંખ ગુમાવી હતી, એમ ખાનગી હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■


વાપી – દાદરા નગર હવેલી દિવાળી સ્પેશિયલ

"May The Joy, Cheer, And Merriment Of This Divine Festival Surround You Forever. May The Happiness, That This Season Brings" Happy Diwali & Happy New Year
ABHAY NAHAR
EX-VICE PRESIDENT OF VAPI NAGAR PALIKA

WISHING YOU A VERY Happy Diwali
DADRA RESORT
FROM DADRA RESORT
OUR AMENITIES
Swimming Pool, Water Park, Banquet Hall, Pool Table & Party Plot for 1500 Persons Capacity
Next to Dadra Garden, Vapi Silvassa Rd. Dadra Nagar Haveli, Dadra - 396 230
+91 93274 16011
sales@dadraresort.com

VITS - SILVASSA
Diwali Special Package (2 Nights)
Deluxe Couple: ₹17,000*
Super Deluxe Couple: ₹19,000*
Suite Room Couple: ₹22,000*
Duplex Room Quad: ₹30,000*
Tax Applicable on all Price
Kids (5-12 yrs): ₹ 4,000*
Above 12 yrs: ₹ 6,000*
::: Package Inclusions :::
Breakfast & Dinner, Unlimited Drinks*, DJ Night/Live Music, Fun activities, Pool games, Gift hampers, Kids play area, and Indoor/Outdoor games.
www.vitshotels.com
reservation@vitssilvassa.com
For Any Inquiries: 76001 49516 | 77779 80822
#T&CApplicable

"May The Joy, Cheer, And Merriment Of This Divine Festival Surround You Forever. May The Happiness, That This Season Brings" Happy Diwali & Happy New Year
FROM: BALAJI PACKAGING IND. DAMAN

"May The Joy, Cheer, And Merriment Of This Divine Festival Surround You Forever. May The Happiness, That This Season Brings" Happy Diwali & Happy New Year
ASPI DAMANIYA
PRESIDENT
DAMAN MUNICIPAL COUNCIL

WISH YOU ALL A HAPPY DIWALI & A PROSPEROUS NEW YEAR
AQSA POLYPACK PVT. LTD.
(An ISO 9001:2015 Certified Company)
Tajuddin Damanwala
Managing Director
Manufactures of :
Multilayer Lamination film, Plain & Printed Shrink film, Milk Pouch film, Polyester & BOPP Film, Stretch Wrap Film, Cling Film, Silage Film, House Wrap Aluminium Foil
Survey/Plot No. 336/C, N. H. No. 48, GIDC, Village Balda, Pardi - 396125. Dist. Valsad, Gujarat (India).
Cell : +91 99787 80786
E-mail : tajuddindamanwala@gmail.com
Website : www.aqsapolypack.com

"May Goddess Lakshmi bless your home with prosperity and good fortune."
Happy Diwali & Happy New Year
VATSAL D. DESAI
MEET D. DESAI
Meet Developers
B703/704, Sonorous, Vapi-396 191

Wish You A Happy Diwali & Prosperous New Year
From: Kaushil Shah & Family DNH

On this festival of lights, may your heart glow with happiness and gratitude.
Happy Diwali & Happy New Year
TARAKANT A. JHA
SOHAN T. JHA
KALYANI S. JHA
PARTH S. JHA
SUYASH S. JHA
ATHARVA S. JHA

WISHING YOU A HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR
R.K.DESAI GROUP OF COLLEGES, G.I.D.C.,VAPI
(Affiliated to Veer Narmad South Gujarat University)
R.K.Desai Achchhariwala College of Computer & Applied Science (B.C.A.)
R.K.Desai College of Commerce & Management (M.Com, B.Com and B.B.A.)
R.K.Desai College of Science (M.sc. And B.sc.)
R.K.Desai College of Education (B.Ed.)
R.K.Desai School (Secondary & Higher Secondary English Medium)
Address: College Campus, Koparali Road, G.I.D.C., Vapi-396 195
Contact No.: 97261 22256

HAPPY DIWALI & HAPPY NEW YEAR
SUPERFORM | Change chemistry. Change everything.
Change is Inevitable. Growth is Optional.
Be on the right side of change.
www.superformchemistries.com

MAKING EVERY EFFORT TO MAKE HEALTHCARE EFFORTLESS
Meril More to Life
Cardiovascular | Orthopedics | Diagnostics | Endo-Surgery | ENT | Robotics
At Meril, We are inspired to give more to life by alleviating human suffering across the globe through innovation and education while crafting a new era of health care.
Research Empowering Individual
www.merillife.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

છેલ્લા પાનાનું ચાલુ

## સવારના

છે. મંગળવારે સવારના મુંબઈમાં ગાઢ ધુમ્મસિયુ વાતાવરણ રહ્યું હતું અને વિઝિબિલીટી પણ એકદમ ઘટી ગઈ હતી. મંગળવારના સવારના સરેરાશ એક્યુઆઈ ૨૦૦ને પાર ગયો હતો, જે ચોમાસાની વિદાય બાદ મુંબઈમાં સૌથી ખરાબ હવાની ગુણવત્તા હતી.

મુંબઈમાં ૧૦ ઑક્ટોબર બાદથી હવાની ગુણવત્તામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા બે અઠવાડિયાથી એક્યુઆઈ ૧૦૦થી ૨૦૦ની વચ્ચે રહ્યો છે. જોકે મંગળરે સવારના તે ૨૦૦ને પાર કરી ગયો હતો. સોમવારે મુંબઈમાં દિવાળી નિમિત્તે મોટા પ્રમાણમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા. ફટાકડાના પ્રદૂષણની સાથે જ શિયાળામાં પવનો ધીમા ફૂંકાતા હોવાથી રજકણો વાતાવરણમાં જ સ્થિર રહેતા હોય છે અને તેને કારણે પ્રદૂષણના સ્તરમાં વધારો થતો હોય છે.

જોકે મુંબઈમાં મંગળવારે સાંજના વાદળિયા વાતાવરણની સાથે જ પવન ફૂંકાયો હતો અને છ વાગ્યા બાદ મુંબઈના અનેક વિસ્તારમાં જોશભેર પવન ફૂંકાવાની સાથે જ વરસાદના ઝાપટાં પડયા હતા, તેને કારણે વાતાવરણમાં રહેલી ધૂળ અને પ્રદૂષણ વરસાદના પાણી સાથે જમીન પર આવી જતા સાંજના થોડા સમય માટે વાતાવરણ ચોખ્ખુ થયું હતું. સાંજના ૭.૩૦ વાગે મુંબઈનો સરેરાશ એકયુઆઈ સવારની સરખામણીમાં ઘટીને ૧૪૭ સુધી થઈ ગયો હતો.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા મુજબ મંગળવારે મુંબઈમાં સવારના સમયમાં હવાની ગુણવત્તામાં ભારે ઘટાડો નોંધાયો હતો. સવારના ત્રણ વિસ્તારોમાં એક્યુઆઈ ૩૦૦ને પાર કરી ગયો હતા, જેમાં બીકેસીમાં એક્યુઆઈ લગભગ ૪૦૦ની નજીક પહોંચી ગયો હતો. સવારના સમયમાં અહીં ૩૭૫ જેટલો ઊંચો એક્યુઆઈ નોંધાયો હતો. એ બાદ કોલાબામાં ૩૪૬ તો મઝગાંવમાં ૩૦૯ એક્યુઆઈ નોંધાયો હતો.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા મુજબ સવારના ૨૮ મોનિટરિંગ સ્ટેશનમાંથી ૧૦ જગ્યાએ એક્યુઆઈ ૨૦૦થી વધુ રહ્યો હતો, જેમાં સૌથી વધુ ખરાબ મલાડ પશ્ચિમમાં ૨૮૧, દેવનારમાં ૨૭૬, વરલીમાં ૨૭૦ અને ભાયખલામાં ૨૬૬ એક્યુઆઈ નોંધાયો હતો. શહેરના અન્ય તમામ સ્ટેશનમાં ૧૦૦થી ૨૦૦ની વચ્ચે એક્યુઆઈ નોંધાયો હતો. સાંજના હળવા વરસાદ બાદ મુંબઈના પ્રદૂષણમાં હળવો ઘટાડો નોંધાયો હતો.

મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા મુજબ ૦-૫૦ના એક્યુઆઈ રીડિંગ સારું, ૫૧-૧૦૦ને સંતોષકારક, ૧૦૧-૨૦૦ને મધ્યમ, ૨૦૧-૩૦૦ને ખરાબ, ૩૦૧-૪૦૦ને ખૂબ જ ખરાબ અને ૪૦૦થી વધુને ગંભીર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

## અલી રઝા

હુસેનીની ધરપકડ કરી હતી. ૬૦ વર્ષના અખ્તર પાસેથી અતિસંવેદનશીલ અને પ્રતિબંધિત પરિસરના ૧૪ નકશા તેમ જ ન્યૂક્લિયર બૉમ્બની માહિતી સંબંધી દસ્તાવેજો મળ્યા હતા. અખ્તરના વર્સોવા સ્થિત યારી રોડ પર આવેલા ઘરે પોલીસ ટીમે તાજેતરમાં સર્ચ હાથ ધરી હતી.

પોલીસને અખ્તરના ઘરમાંથી ત્રણ પાસપોર્ટ મળી આવ્યા હતા, જે એલેકઝાન્ડર પાલ્મરના નામે છે અને ત્રણેય પાસપોર્ટ પર જમશેદપુરના જવાહરનગરનું સરનામું છે. અખ્તરના ઘરેથી એલેકઝાંડર પાલ્મરના નામે અનેક બોગસ શૈક્ષણિક દસ્તાવેજો પણ જપ્ત કરાયા હતા. એ સિવાય પાલ્મરના નામે સિનિયર સેફ્ટી મેનેજર તરીકેના અનુભવના પ્રમાણપત્રો, એક ખાનગી કંપનીનું આઇડી કાર્ડ, બોગસ આધાર કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ પણ મળી આવ્યાં હતાં. અખ્તરના ઘરેથી એક આઇડી કાર્ડ મળ્યું હતું, જેના પર અલી રઝા હુસેની નામ હતું અને તસવીર તેની હતી. આ તમામ દર્શાવે છે કે અખ્તરે માત્ર ઓળખ નહીં, પણ નકલી કારકિર્દી ઊભી કરી હતી.

તપાસ એજન્સીઓ હવે એ તપાસ કરી રહી છે કે આ નકલી ઓળખ પર ત્રણ પાસપોર્ટ આટલા દસ્તાવેજો અને અખ્તરે કેવી રીતે બનાવડાવ્યા અને તેના દ્વારા તેણે કેટલી વિદેશ યાત્રાઓ કરી હતી. અખ્તરની વિદેશ યાત્રાઓ જાસૂસી અથવા સંવેદનશીલ માહિતીના વેચાણ સાથે જોડાયેલી હતી કે કેમ તેની પણ તપાસ કરાઇ રહી છે.

અખ્તર હુસેન, જે હવે એલેકઝાંડર પાલ્મર તરીકે જીવિત છે, તેણે ૨૦ વર્ષ સુધી રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીઓની નજરથી બચીને આટલું મોટું નેટવર્ક કેવી રીતે ચલાવ્યું? આ સવાલ મુંબઈ પોલીસ તથા તપાસ એજન્સીઓને સતાવી રહ્યો છે.

## દિવાળીમાં વરસાદનો

મુંબઈના મોટાભાગના વિસ્તારમાં વરસાદના મધ્યમથી ભારે વરસાદ ચાલુ થઈ ગયો હતો. મુંબઈ સહિત, થાણે, નવી મુંબઈ, બદલાપુર સહિતના મુંબઈ મેટ્રોપોલિટ રિજનમાં પવન ફૂંકાઈને વરસાદના જોરદાર ઝાપટાં પડવાનું ચાલુ થઈ ગયું હતું. રાજ્યમાં પણ કોલ્હાપૂર, જાલના, રાયગઢ, નાંદેડ સહિતના વિસ્તારમાં અચાનક આવી પડેલા વરસાદને કારણે ઘરની બહાર કાઢેલી રંગોળી પર વરસાદના પાણી ફરી વળ્યા હતા. ખરીદી માટે બહાર નીકળેલા મુંબઈગરા વરસાદને કારણે ભીંજાઈ ગયા હતા.

દાદર, બાન્દ્રા, પવઈ, ભાયખલા, કુર્લા જેવા વિસ્તારમાં સાંજ બાદ પવન ફૂંકાવાની સાથે જ મધ્યમથી મુશળધાર વરસાદ પડયો હતો. નવી મુંબઈમાં પણ અનેક વિસ્તારમાં વીજળીના ગડગડાટ સાથે મુશળધાર વરસાદ પડયો હતો, જેમાં નેરુલ, બેલાપૂર, વાશી, સીવુડ્સ. સાનપાડા અને ઘણસોલીમાં ભારે વરસાદ પડયો હતો.

મુંબઈમાં સાંજના છથી સાત વાગ્યા દરન્યાન ધારાવીમાં ૧૯ મિલીમીટર, સાયનમાં ૧૬ મિ.મી., દાદરમાં ૧૦ મિ.મી., ચેમ્બુરમાં ૧૪ મિ.મી, પવઈમાં ૧૧ મિ.મી., ગવનપાડામાં ૧૦ મિ.મી., ગોરેગામમાં ૧૬ મિલીમીટર જેટલો વરસાદ નોંધાયો હતો. મુંબઈમાં અચાનક આવી પડેલા વરસાદને કારણે જોકે ગરમી અને ઉકળાટથી થોડી રાહત મળી હતી.

મુંબઈમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી તાપમાનનો પારો સતત ૩૫ ડિગ્રીની ઉપર નોંધાઈ રહ્યો છે. મંગળવાળે પણ દિવસનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી જ નોંધાયું હતું પણ સાંજના વરસાદના ઝાપટાં બાદ વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. તો પ્રદૂષણમાં પણ હળવો ઘટાડો જણાયો હતો.

મુંબઈ સહિત મહારાષ્ટ્ર વાતાવરણમાં પલટો આવ્યો છે એ બાબતે હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે અચાનક આવી પડેલા વરસાદ માટે બે પરિબળોને કારણ માનવામાં આવે છે, જેમાં એક તો મહારાષ્ટ્રના નીચલા સ્તરોમાં પૂર્વીય તરફથી આવી રહેલો પવનો અને વાતાવરણમાં રહેલા ભેજને કારણે ચક્રવાત જેવી પરિસ્થિતિ સર્જાથઈ તેને કારણે આંતરિક મહારાષ્ટ્ર અને કોંકણમાં વરસાદની સ્થિતિ સર્જાઈ છે. તો બંગાળની ખાડીમાં નિર્માણ થયેલા સાયક્લોનિક એર સર્ક્યુલેશનની અસર હેઠળ મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. વેધર સિસ્ટમમાં થયેલા ફેરફારને કારણે મહારાષ્ટ્ર તરફ વધુ ભેજ આવશે, જેને કારણે વરસાદની સ્થિતિ સર્જાશે. આગામી બેથી ત્રણ દિવસ મુંબઈમાં તાપમાન સામાન્ય રહેશે અને ત્યારબાદ પારો નીચે ઉતરશે. મમરાઠવાડા, વિદર્ભ અને કોંકણ વિસ્તાર માટે યલો અલર્ટ હોઈ વીજળીના ગડગડાટ સાથે પવન ફૂંકાઈને વરસાદ પડી શકે છે.

## જે વોર્ડમાં

કોઈપણ સંજોગોમાં યુતિના ભાગીદાર (શિંદે જૂથ) માટે છોડવામાં આવશે નહીં.' જ્યારે કેબિનેટ પ્રધાન આશિષ શેલાર દહિસર વિધાનસભા ક્ષેત્રના ભૂતપૂર્વ પ્રમુખ અરવિંદ યાદવના નિવાસસ્થાને પહોંચ્યા ત્યારે દહિસરના વિધાનસભ્ય મનીષા ચૌધરી, મંડળ પ્રમુખ અમિત સિંહ અને ભૂતપૂર્વ કોર્પોરેટર જીતુ પટેલ સહિત અનેક અધિકારીઓએ સામૂહિક રીતે બેઠકો પર પાર્ટીના દાવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

કાર્યકરોની આ ઉગ્ર માગણીને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે, શેલારે પ્રમુખ પદ છોડ્યા પછી તરત જ, 'કૃતજ્ઞતા અભિયાન'ની આડમાં ૨૨૭ વોર્ડમાંથી 'ગ્રાઉન્ડ રિપોર્ટ્સ' એકઠા કરવાનું શરૂ કર્યું છે. આ પગલું એવો સંકેત આપે છે કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નજીકના વિશ્વાસુ શેલાર, પાર્ટી માટે વ્યાપક વિજય નક્કી કરવા માટે તેમની સંગઠનાત્મક ક્ષમતાઓનો ઉપયોગ કરી રહ્યા છે. નવનિયુક્ત પ્રમુખ અમિત સાટમ પણ આ ઝુંબેશને સંપૂર્ણ સમર્થન આપે છે. સાટમે તેને 'સંયુક્ત રણનીતિ' ગણાવતા એવી સ્પષ્ટતા કરી હતી કે, 'શેલાર ભૂતપૂર્વ મંડળ પ્રમુખો સાથે મુલાકાત કરી રહ્યા છે, અને હું વર્તમાન મંડળ પ્રમુખો સાથે મુલાકાત કરી રહ્યો છું. અમે સંપૂર્ણ સંકલનમાં કામ કરી રહ્યા છીએ.' શેલાર, સાટમ સાથે, દરેક વોર્ડની વાસ્તવિક સંગઠનાત્મક તાકાતનું મૂલ્યાંકન કરી રહ્યા છે. કાર્યકરોનો આ પડકાર સ્પષ્ટપણે દર્શાવે છે કે દિવાળી પછી તરત જ યોજાનારી વોર્ડ વિતરણ પ્રક્રિયા દરમિયાન, ભાજપ તેના મજબૂત સમર્થન આધાર સાથે વોર્ડમાં મજબૂત દાવો કરશે અને બેઠક ફાળવણીમાં સમાધાન કરવા તૈયાર નહીં હોય. ભાજપ દ્વારા આ સુનિયોજિત અને આક્રમક તૈયારી મુંબઈ મનપાની ચૂંટણી લડાઈમાં નિર્ણાયક પરિબળ બનશે.

## ભાજપનો

એક માર્ગદર્શન શિબિરમાં કેટલાક પદાધિકારીઓએ એવી જાહેરાત કરી હતી કે 'અબ કી બાર ૭૦ પાર' કરીશું. આ પહેલાં સોમવારે શિવસેનાની બેઠકમાં પણ ભૂતપૂર્વ કોર્પોરેટરો અને અધિકારીઓએ 'એકલા ચલો રે'નું વલણ અપનાવ્યું હતું.

ભાજપના વિધાનસભ્ય સંજય કેળકરે બે દિવસ પહેલા જણાવ્યું હતું કે થાણેના કાર્યકરો સ્વતંત્ર રીતે ચૂંટણી લડવા માંગે છે. 'જ્યાં તાકાત છે, ત્યાં આપણે સ્વતંત્ર રીતે ચૂંટણી લડવી જોઈએ. આ શહેરના મેયર આપણા જ હોવા જોઈએ અને તે આપણા કાર્યકરોની ભૂમિકા છે.' આ નિવેદનથી શિવસેનામાં ખળભળાટ મચી ગયો. આ પછી, પાર્ટીના ભૂતપૂર્વ કોર્પોરેટરો અને અધિકારીઓએ તાત્કાલિક આનંદાશ્રમ ખાતે એક બેઠકનું આયોજન કર્યું. શિવસેનાના સાંસદ નરેશ મ્હસ્કેએ સભાનું માર્ગદર્શન કર્યું હતું. આ બેઠકમાં સ્વબળે મ્યુનિસિપલ ચૂંટણી લડવાનો નારો લગાવવામાં આવ્યો હતો. સાંસદ નરેશ મ્હસ્કેએ ભૂતપૂર્વ કોર્પોરેટરો અને શિવસેનાના અધિકારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે આનાથી, ભવિષ્યમાં મહાયુતિમાં વિખવાદ વધવાની શક્યતા છે.

### અમે ગઠબંધન તોડવાના નથીઃ ભાજપ

ઓરિએન્ટેશન કેમ્પ પછી ભાજપના થાણે જિલ્લાના પ્રમુખ સંદીપ લેલેએ કહ્યું હતું કે મહાયુતિ રાજ્ય અને કેન્દ્ર સ્તરે સત્તામાં છે અને થાણેમાં પણ સત્તામાં સાથે જ રહેવાનો અમારો ઈરાદો છે. શિવસેનાના નેતાઓએ પહેલાથી જ કહ્યું છે કે તેમને ૮૫ ભૂતપૂર્વ કોર્પોરેટરોનો ટેકો છે. તેથી, આ એક મહત્વપૂર્ણ મુદ્દો છે. જો તેમની પાસે ૮૫ ભૂતપૂર્વ કોર્પોરેટરો છે, તો ભાજપના ૨૪ ભૂતપૂર્વ કોર્પોરેટરો સાથે, કોર્પોરેટરોની કુલ સંખ્યા ૧૦૯ છે. બાકીના ભાજપના કાર્યકરો માટે શું કરવું જોઈએ તે એક મહત્વપૂર્ણ મુદ્દો છે, અમે ગઠબંધન તોડવાના નથી. તેના બદલે, અમને ચિંતા છે કે પાર્ટીના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા કાર્યને પણ માન્યતા આપવામાં આવે. બધા ઉમેદવારોને તેમના ઓળખપત્ર ભરવાનું કહેવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના સ્થાનિક વિધાનસભ્યો સંજય કેળકર અને નિરંજન ડાવખરે પણ હાજર હતા.

## સોલાપુરમાં

એનસીપીના સોલાપુર જિલ્લાના ચાર ભૂતપૂર્વ વિધાનસભ્યો પાર્ટી છોડીને ભાજપમાં જોડાશે. જો આવું થાય તો પાર્ટીને મોટું નુકસાન થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આ નુકસાન રોકવા અજિત પવારના નજીકના એક અનુભવી નેતાને સોલાપુર મોકલવામાં આવ્યા છે. સોલાપુર જિલ્લાના એનસીપીના ભૂતપૂર્વ વિધાનસભ્યો ભાજપમાં જોડાવાની તૈયારી કરી રહ્યા છે એવા અહેવાલો વહેતા થયા બાદ કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણેએ મંગળવારે ટેમ્ભુર્ણીમાં એક બેઠક યોજી હતી.

મોહોળના ભૂતપૂર્વ વિધાનસભ્ય રાજન પાટિલ, અન્ય એક ભૂતપૂર્વ વિધાનસભ્ય યશવંત માને, સાંગોલાના ભૂતપૂર્વ વિધાનસભ્ય દીપક આબા સાળુંખે અને માઢાના ભૂતપૂર્વ વિધાનસભ્ય બબન દાદા શિંદે પાલક પ્રધાન જયકુમાર ગોરેના નેતૃત્વમાં ભાજપમાં જોડાશે એવી ચર્ચા ચાલી રહી છે.

'જો દત્તાત્રય ભરણે અજિત દાદાને છોડી દે તો પણ અજિત દાદાને કોઈ ફરક પડશે નહીં,' એવા શબ્દોમાં તેમણે પાર્ટી છોડવા માગતા નેતાઓને આડકતરી ચેતવણી આપી હતી.

## મહાયુતિમાં

ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં શિવસેના દ્વારા યોજાયેલી જિલ્લા સ્તરીય સમીક્ષા બેઠકોમાં જોવા મળ્યો હતો.

ભાજપ દ્વારા થતી હેરાનગતિનું કારણે યુતિમાં કામ કરવા અંગે સેનાના નેતાઓમાં મતભેદ જોવા મળી રહ્યો છે. ભાજપના નેતાઓ ઘણી જગ્યાએ શિવસૈનિકોને ડરાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી, આત્મનિર્ભરતાનો નારો હવે શિવસૈનિકોમાં જોર પકડી રહ્યો છે. સૂત્રોએ માહિતી આપી છે કે જિલ્લાવાર બેઠકોમાં અહેવાલ પછી ગઠબંધન અંગે નિર્ણય લેવામાં આવશે.

### ક્યા સ્થળે ક્યા કારણોસર યુતિ શક્ય નથી તેની વિગતો નીચે આપી છે

**થાણેઃ** થાણે એકનાથ શિંદેનો ગઢ માનવામાં આવે છે, બીજી તરફ પ્રધાન ગણેશ નાઈક અને વિધાનસભ્ય સંજય કેળકરે આત્મનિર્ભરતાનો નારો આપીને શિંદેને પડકાર ફેંક્યો છે. આ કારણે શિવસેનાના પદાધિકારીઓમાં નારાજગીનો માહોલ છે. ભાજપના નેતાઓના આ વલણને કારણે શિવસેનાએ પણ આત્મનિર્ભરતાની તૈયારી શરૂ કરી દીધી છે.

**નવી મુંબઈઃ** નવી મુંબઈ મહાનગરપાલિકામાં ગણેશ નાઈકનું વર્ચસ્વ છે. જોકે, શિંદે અંગેના તેમના નિવેદનને કારણે, નવી મુંબઈમાં શિંદે અને ભાજપ વચ્ચેના સંબંધો અત્યંત વણસ્યા છે, તેથી બંને પક્ષોએ અહીં પણ અલગ-અલગ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

**કલ્યાણ-ડોંબિવલીઃ** નગરપાલિકામાં ગણપત ગાયકવાડ દ્વારા કરવામાં આવેલી ગોળીબારની ઘટના બાદ, ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો અત્યંત વણસ્યા છે. તેવી જ રીતે, એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ પ્રદેશ પ્રમુખ શિવસેના વિરુદ્ધ પગલાં લઈ રહ્યા છે અને હરીફોને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા છે. ઉપરાંત, ભાજપ અહીં પણ આત્મનિર્ભરતાનો નારો આપી રહ્યું હોવાથી, અહીં પણ જોડાણની શક્યતાઓ ધૂંધળી છે.

**મીરા-ભાયંદરઃ** મીરા-ભાયંદર મહાનગરપાલિકામાં ભાજપનું એક દાયકાથી વર્ચસ્વ છે. તેથી, અહીં પણ ભાજપ શિંદેની શિવસેનાને ઓછું મહત્ત્વ આપી રહ્યું છે. આ વર્ષે શિવસેના તરફથી પાલિકાની જવાબદારી રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકને સોંપવામાં આવી છે અને અહીં પણ, ભાજપે સ્વબળની તૈયારી શરૂ કરી દીધી હોવાથી, શિવસેનાએ પણ સ્વતંત્ર પ્રયાસો શરૂ કર્યા છે. નરેન્દ્ર મહેતા અહીં પ્રતાપ સરનાઈક સાથે સીધા સંઘર્ષમાં છે.

**ઉલ્હાસનગરઃ** થોડા દિવસો પહેલા, ભાજપે ઉલ્હાસનગરમાં શહેરની સમસ્યાઓ પર આક્રમક વલણ અપનાવ્યું હતું. તેના કારણે, મહાયુતિમાં સંબંધો વણસ્યા છે. સ્થાનિક વિધાનસભ્ય કુમાર આયલાનીએ સીધા મ્યુનિસિપલ કમિશનરને આંદોલનની ચેતવણી આપી હતી. અહીં પણ શિવસેના સત્તામાં હતી. અહીં સાથી પક્ષના સાંસદ ડો. શ્રીકાંત શિંદેની તાકાત હોવા છતાં જે રીતે ભાજપ દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે તેનાથી અહીં યુતિમાં ભંગાણ અવશ્ય માનવામાં આવે છે.

**અંબરનાથઃ** ભાજપે અંબરનાથ શહેરની સમસ્યાઓ પર મ્યુનિસિપલ વહીવટને મૂંઝવણમાં રાખવાનું શરૂ કર્યું છે. અભિજીત કરંજુલેએ મ્યુનિસિપલ વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટ, રસ્તા અને અન્ય સમસ્યાઓને આગળ ધરીને મ્યુનિસિપલ બંધ કરવાની ચેતવણી પણ આપી છે. અહીં પણ નગરપાલિકામાં શિવસેનાનું વર્ચસ્વ છે અને શિવસેનાને આડકતરી રીતે ફસાવવાનો આ પ્રયાસ ચાલી રહ્યો છે, તેથી અહીં ભાજપ અને શિવસેના વચ્ચે ટક્કર જોવા મળી શકે છે અને બંને અલગ અલગ ચૂંટણી લડશે એવા એંધાણ છે.

**બદલાપુરઃ** બદલાપુર શહેરમાં ભાજપના વિધાનસભ્ય કિસન કથોરે અને શિવસેનાના શહેર પ્રમુખ વામન મ્હાત્રે વચ્ચેનો વિવાદ વધુ તીવ્ર બની રહ્યો હોવાની ચર્ચા છે. વિધાનસભ્ય કથોરેએ પાલિકામાં ભ્રષ્ટાચારને મુદ્દે અધિકારીઓને સીધી ચેતવણી આપી છે. પાલિકાના ગેરવહીવટના પુરાવા ભાજપ જનતાને આપશે તેમ કહીને, કથોરેએ પાલિકામાં પ્રભુત્વ ધરાવતી શિવસેનાને આડકતરી રીતે સાણસામાં લેવાનો પ્રયાસ કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે અને તેથી જ અહીં પણ યુતિમાં ભંગાણ પાક્કું માનવામાં આવે છે.

**સાંગલીઃ** સાંગલીમાં, એનસીપીની ટિકિટ પર ખાનપુર તાલુકામાંથી શિવસેનાના વિધાનસભ્ય સુહાસ બાબર સામે ચૂંટણી લડનારા વૈભવ પાટીલને ભાજપમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. આ બાબતે શિવસેના અને ભાજપમાં સંઘર્ષના એંધાણ જોવા મળી રહ્યા છે. આગામી મનપાની ચૂંટણીમાં સફળતા મેળવવા માટે વૈભવ પાટીલને ભાજપે જવાબદારી સોંપી છે અને આ સ્થિતિમાં હવે શિવસેના ભાજપ સાથે કામ કરવા તૈયાર નથી.

**સાતારાઃ** સાતારામાં પ્રધાન શંભુરાજ દેસાઈ સામે ચૂંટણી લડનારા સત્યજીત સિંહ પાટણકરને ભાજપમાં પ્રવેશ આપવા સામે નારાજગી પ્રવર્તી રહી છે. જ્યારે બંને પરિવારો ઘણા વર્ષોથી સામ સામે લડી રહ્યા છે ત્યારે તેમને ભાજપમાં પ્રવેશ આપવા પર નારાજગી છે. આ સ્થિતિમાં બંને સાથે મળીને કામ કરે તે અશક્ય માનવામાં આવે છે.

**રાયગઢઃ** પ્રધાન ભરત ગોગાવલે સામે શિવસેના (યુબીટી)થી વિધાનસભા ચૂંટણી લડનારા સ્નેહલ જગતાપને એનસીપીમાં પ્રવેશ આપવામાં આવ્યા બાદ શિવસેના અને એનસીપી સામસામે લડી રહી છે. રાયગઢમાં એનસીપી સામે બળવો કરીને શિવસેનાના વિધાનસભ્ય મહેન્દ્ર થોર્વે સામે અપક્ષ ઉમેદવાર તરીકે ઉભા રહેલા સુધાકર ખરેને પ્રવેશ આપવામાં આવ્યા બાદ શિવસેના-એનસીપી વચ્ચેનો મુકાબલો ચરમસીમાએ પહોંચી ગયો છે.

**નાશિકઃ** નાસિકમાં ત્રણ પક્ષો, એનસીપી, શિવસેના અને ભાજપ વચ્ચે ખુલ્લેઆમ શીત યુદ્ધ ચાલી રહ્યું છે. ભુજબળ અને સુહાસ કાંદે વચ્ચે વિવાદ છે. આ ઉપરાંત, ભાજપ નગરપાલિકામાં સોથી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખી રહ્યું છે.

**જળગાંવઃ** ભાજપે શિવસેનાના પાચોરા વિધાનસભા વિધાનસભ્ય કિશોર અપ્પા પાટીલના હરીફ વૈશાલી સૂર્યનવશીને પ્રવેશ આપ્યો છે. માત્ર પ્રવેશ જ નહીં, પણ ભંડોળ પણ આપવામાં આવી રહ્યું હોવાથી, કિશોર અપ્પાએ ખુલ્લેઆમ કહ્યું છે કે કોઈ જોડાણ નહીં થાય. તેમણે એવી લાગણી પણ વ્યક્ત કરી છે કે ભાજપ અમને ખતમ કરવા માટે તૈયાર છે.

**ધુળેઃ** ધુળેમાં ભાજપના વિધાનસભ્ય અમરીશ પટેલ પાસે એકમાત્ર સત્તા છે. આવી સ્થિતિમાં, શિંદે જૂથ ત્યાં ખૂબ મજબૂત ન હોવાથી, શિવસેનાના પદાધિકારીઓને યોગ્ય સન્માન ન મળી રહ્યું હોવાથી અસંતોષનો સૂર જોવા મળી રહ્યો છે.

**હિંગોલીઃ** શિંદે સેનાના જિલ્લા પ્રમુખ અને વિધાનસભ્ય સંતોષ બાંગરે વસમત અને કળમનુરીમાં આયોજિત કાર્યક્રમમાં આત્મનિર્ભરતાનો નારો આપ્યો હતો. ભાજપના જિલ્લા પ્રમુખ અને ભૂતપૂર્વ વિધાનસભ્ય ગજાનન ઘુગેએ પણ સ્પષ્ટ કર્યું હતું કે જો મહાયુતિ નહીં થાય, તો અમે એકલા ચૂંટણી લડીશું.

**નાંદેડઃ** નાંદેડમાં પણ ચિત્ર અલગ નથી. ભાજપના મિલિંદ દેશમુખ શિવસેનાના વિધાનસભ્ય બાલાજી કિનીકર સામે મેદાનમાં હતા. બાલાજી જીત્યા, પરંતુ સેનાના પદાધિકારીઓ હજુ પણ માને છે કે ભાજપ દ્વારા દેશમુખને લોજિસ્ટિક્સ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં અહીં આગામી ચૂંટણીમાં યુતિ અશક્ય છે.

**અહિલ્યાનગરઃ** આ જિલ્લામાં શિવસેનાની બહુ તાકાત નથી, પરંતુ ભાજપ તેમની સાથે અપમાનજનક વર્તન કરી રહી હોવાનો ગુસ્સો છે. તેથી, યુતિમાં જોડાવા અંગે જિલ્લામાં મૂંઝવણ છે.

**નંદુરબારઃ** નંદુરબારના શિવસેનાના વિધાનસભ્યે એક બેઠકમાં એવી ફરિયાદ કરી હતી કે ભૂતપૂર્વ જિલ્લા પ્રમુખ ભાજપ માટે કામ કરી રહ્યા છે, ત્યારબાદ અહીં પણ ભાજપ સાથેના સંબંધો તણાવપૂર્ણ હોવાની ચર્ચા છે.

## પારસી મરણ

હુફરીઝ નેવીલ પટેલ તે નેવીલના ધન્યાની. તે તેહેમી તથા મરહુમ એરચ બાલદાવાલાના દીકરી. તે આરયનના માતાજી. તે પરવીન ને હોરમઝના બહેન. તે યાહાનના માસી. તે દીના તથા મરહુમ દોરાબ પટેલના વહુ. (ઉં. વ. ૫૬) રે. ઠે. દોસ્તી ઓશીયનના, દોસ્તી ઇસ્ટર્ન બે, વિદ્યાલંકર કોલેજ રોડ, વડાલા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૩૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૧૦-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં.૨માં ડુંગરવાડી પર છેજી.

ગુલ સોરાબ મસાની તે મરહુમ સોરાબ ફિરોઝ મસાનીના ધન્યાની. તે મરહુમો દીનબઇ ડોસાભઇ કાંગાના દીકરી. તે ફિરોઝાના માતાજી. તે રોહીન્ટન સોલી દાદી બરજોરના સાસુજી. તે રતી તથા મરહુમો કેરશાસપ, જમશેદ, સોલી ને તેહમીનાના બહેન. તે પશાંગ, કયાન, કયોઝના બપઇજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. ફોરજેટ હાઉસ, બીજે માળે, રૂમ. નં. ૫૮, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૨-૧૦-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી પર.

## પાડોશીએ

પર રહેતી છ વર્ષની બાળકી સહિત તેના માતા-પિતા અને દસમા માળા પર રહેતા ૮૪ વર્ષના સિનિયર સિટિઝન મહિલાનાં મોત થયા હતા અને બિલ્ડિંગના ૧૦થી વધુ રહેવાસીઓના શ્વાસમાં ધુમાડો જતા તેમને ગૂંગળામણની તકલીફ થઈ હતી.

લગભગ ચાર કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. મળેલ માહિતી મુજબ બિલ્ડિંગની ફાયર સેફ્ટી સિસ્ટમ બરોબર કામ કરતી ન હોવાનું જણાઈ આવતા નવી મુંબઈ ફાયરબ્રિગેડ તેમને નોટિસ ફટકારશે તેમ જ બિલ્ડિંગમાં ફાયર ઓડિટ પણ કરશે.

નવી મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ શુક્રવારે રાતના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ વાશીના સેકટર ૧૪માં આવેલા એમજીએમ કૉમ્પ્લેક્સની બાર માળાની રાહેજા રેસિડેન્સીમાં ૧૦ માળા પરના ફ્લેટમાં આગ ફાટી નીકળી હતી. આગ ઝડપભેર ૧૧ અને ૧૨ માળ સુધી ફેલાઈ ગઈ હતી. આગ લાગ્યા બાદ બિલ્ડિંગના કોરીડોરમાં ધુમાડો ફેલાઈ ગયો હતો.

આગની જાણ થતા ફાયરબ્રિગ્રેડના ૪૦થી વધુ જવાન અને આઠ ફાયર ટેન્ડર ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. બિલ્ડિંગમાં ઉપરના માળા પર ધુમાડો ફેલાઈ જતા રહેવાસીઓ બહાર નીકળી શકયા નહોતા અને ધુમાડાને કારણે સફોકેશનને કારણે તેમને ત્રાસ થયો હતો.

વાશી ફાયરબ્રિગેડના સ્ટેશન ઓફિસર આર.આર. કોકાટાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ત્યારે દસમા માળના એક ફ્લેટમાં આગ લાગી હતી અને તે ઝડપભેર ઉપરના ૧૧મા અને ૧૨ માળા સુધી ફેલાઈ હતી. આગને કારણે મોટા પ્રમાણમાં ધુમાડો ઉપર ફેલાઈ ગયો હતો. અમુક રહેવાસીઓ ધુમાડાને કારણે બહાર નીકળી શક્યા નહોતા. તેમને ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને બહાર કાઢયા હતા પણ ધુમાડો તેમના શ્વાસમાં જતા ૧૦થી વધુ રહેવાસીઓને ગૂંગળામણની તકલીફ થતા તેમને હૉસ્પિટલાં દાખલ કરવામાં આવ્યા હતા.

### આગ લાગ્યા બાદ બહાર નીકળવાને બદલે ઘરમાં જ રહ્યા

ફાયરઓફિસરે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આગ અને ધુમાડાને કારણે ૧૨ માળા પર રહેતા બાલકૃષ્ણન પરિવારે ઘરની બહાર નીકળી જવાને બદલે ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. તેમના પડોશીએ તેમના ઘરનો દરવાજો ખટખટાવીને તેમને આગ લાગી હોઈ બહાર નીકળવા માટે કહ્યું હતું પણ તેમણે બહાર નીકળવાને બદલે તેઓ ઘરમાં જ સુરક્ષિત રહેશે કહીને બહાર નીકળવાની ના પાડી હતી અને દરવાજો બંધ કરીને બેડરૂમમાં બેસી રહ્યા હતા. આ દરમ્યાન આગ ઉપરના માળા સુધી ફેલાઈ હતી અને ઘુમાડો પણ મોટા પ્રમાણમાં નીકળ્યો હતો. ધુમાડો બંધ ઘરમાં જતા છ વર્ષની બાળકી સહિત પતિ-પત્નીના ગૂંગળામણને કારણે મૃત્યુ થયા હતા.

### પથારીવશ વૃદ્ધાનું પણ મોત

રહેજા રેસિડેન્સીની આગમાં ૮૪ વર્ષના વૃદ્ધા કમલા જૈનનું પણ મૃત્યુ થયું હતું. તેઓ ૧૦ માળા પર રહેતા હતા. છેલ્લા પાંચેક વર્ષથી તેઓ પથારીવશ જ હતા. આગ તેમના બાજુના ફ્લેટમાં લાગી તે પરિવાર સહિત અન્ય લોકો બહાર નીકળી ગયા હતા પણ કમલા જૈન વર્ષોથી બીમારીને કારણે પથારીવશ હોવાને કારણે બહાર નીકળી શકયા નહોતા અને તેમનું ગૂંગણામણને કારણે મૃત્યુ થયું હતું.

## હિન્દુ મરણ

**સુરતી વિશા લાડ વણિક**

કડોદ નિવાસી હાલ મુંબઈ, જયંતિલાલ રમણલાલ શાહ (નવીનભાઈ) (ઉં. વ. ૯૫) તે અનસૂયાબહેનના પતિ. પ્રિયેન, દર્શકના પિતા. મિત્રા, સોનલના સસરા. પાયલ, ચિંત્રાંગના દાદા. મિશીલ, કાજલના દાદા સસરા. અનિકાના વડદાદા. ૨૦/૧૦/૨૫ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા રાખી નથી. સરનામું : બ ૩/ ૩, સિંધયા સોસાયટી, એમ. વી. રોડ, અંધેરી પૂર્વ.

**સુરતી દશા પોરવાડ વણિક**

મુંબઈ નિવાસી શેફાલી રાંદેરિયા તે સિદ્ધાર્થ રાંદેરિયાના ધર્મપત્ની. સ્વ. મધુકરભાઈ અને સ્વ. હીરાબેન રાંદેરિયાના પુત્રવધૂ. ઈશાન અને અન્વિતના માતુશ્રી. મનશીલ અને ડેલનાના સાસુ. સ્વ. વિજયભાઈ વાલિયા અને ગં. સ્વ. સુશીલાબેન વાલિયાના પુત્રી. તા. ૨૦/૧૦/૨૫ના સ્વર્ગવાસી થયા છે.

**દશા સોરઠિયા વણિક**

કાંદિવલી નિવાસી, અ.સૌ. ભારતીબેન વેકરીયા (ઉં. વ. ૭૧) અરવિંદ વેકરીયાના પત્ની. સ્વ. કંચનબેન રતિલાલ વેકરીયાનાં પુત્રવધૂ. તન્મય, મનવીતનાં માતુશ્રી. મિત્સુ અને પાયલનાં સાસુજી. સ્વ. હેમલતાબેન ઈશ્વરલાલ શેઠનાં પુત્રી. સ્વ. મીનાબેન કાટકોરિયા, નયનાબેન મહેતા, ભરત શેઠ અને ચંદ્રેશ શેઠના મોટાબેન. વૃષ્ટિ, મિશાલી, ઝીશાન અને ઋષભનાં દાદી તા. ૧૮.૧૦.૨૫ને શનિવારનાં શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૪.૧૦.૨૫નાં શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ બેન્કવેટ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી પશ્ચિમ. સાંજે સમય ૫થી ૭.

**નવગામ વિસાનગર વણિક**

મૂળ ગામ માણસા હાલ બોરીવલી, પ્રવીણચંદ્ર મોહનલાલ શાહ (ઉં. વ. ૮૫) તા. ૨૦/૧૦/૨૫ના સોમવાર શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નિર્મલાબેનના પતિ. બીના, સીમી તથા શેફાલીના પિતા. અરૂણકુમાર, ભરતકુમારના સસરા. સ્વ. રજનીકાંતભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. અશ્વિનભાઈ તથા સ્વ. કલાવતીબેનના ભાઈ. સ્વ. કમલાબેન અને સ્વ. મથુરાદાસ હરગોવિંદદાસના જમાઈ. અતુલભાઈ, ઉમેશભાઈ, હેમલ, અમીત, પરાગભાઈના કાકા. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**વૈષ્ણવ વણિક**

તરવડા/બગસરા વાળા હાલ મીરારોડ, સ્વ. નરભેરામભાઈ નાગજીભાઈ સાંગાણીના પૌત્ર. સ્વ. પુષ્પાબેન બાબુલાલ સાંગાણીના પુત્ર કિશોરભાઈ (ઉં.વ.૭૨) તા. ૧૯/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કોમલ અને સાગર (હિરેન)ના પિતાશ્રી. જયશ્રીબેન અરવિંદકુમાર ગગલાણી અને મીનાબેન વિજયકુમાર પારેખ અને સ્વ. રાજેશભાઈના મોટાભાઈ. સ્વ. કનુભાઈ, શ્રી પ્રમોદભાઈ, રાજેશભાઈ શ્રીમાંકર, ભારતીબેન સાંગાણી અને વિલાસબેન દોશીના ભાણેજ. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**જામનગર વીશા ઓશવાળ જ્ઞાતિ જૈન**

હાલ મુંબઇ નિવાસી સ્વ. હઠીસિંગ ગોપાલજીના સુપુત્ર ચંદ્રકાન્ત ઝવેરી (ઉં. વ. ૯૭) તે સ્વ. મંજુલાબેનના પતિ. રાજેન્દ્ર, જવાહર, રાજશ્રી (મીની), રાજબાલા (ચીની)ના પિતાશ્રી. સ્વ. રમીલા તથા મીના, સ્વ. સતીશકુમાર, જયભાઇના સસરા. અમૃતલાલ તારાચંદ પારેખના જમાઇ તા. ૨૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થા.જૈન**

ખસ (બોટાદ) નિવાસી હાલ બોરીવલી, ચીમનલાલ ગુલાબચંદ વસાણીના ધર્મપત્ની અ. સૌ. ભારતીબેન (ઉં. વ. ૬૯) તા. ૨૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચેતન તથા હેતલ,જીનેશકુમાર સંઘવીના માતુશ્રી. દીપાના સાસુ. પલકના દાદી. હિતના નાની. અશોકકુમાર હરજીવનદાસ ગોપાણીની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ ગોરેગાંવ સ્વ. શાંતિલાલ તુલસીદાસ શાહના સુપુત્ર જિનેન્દ્ર ભાઈ (ઉં. વ. ૯૨) તે સ્વ. પ્રમીલાબેન ના પતિ. સ્મૃતિ, અક્ષય, વિપુલના પિતા. પંકજ ભાઈ, શિલ્પા, કવિતાના સસરા. ઉમંગ, ઊર્મિ, પ્રિયલ, તથા રીનીસાના દાદા. સ્વ શશીકાંત ભાઈ તેમજ પ્રમોદાબેનના ભાઈ તા.૨૧.૧૦.૨૫ મંગળવારના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના વલ્લભજી રતનશી સંગોઇ (ઉં. વ. ૭૭) તા. ૨૦-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઇ રતનશીના પુત્ર. હેમલતાના પતિ. દિપેશ, વૈશાલીના પિતા. સ્વ. મીના, કપાયાના કસ્તુર અશોક ભેદા, બારોઇના પ્રભાવંતી હરખચંદ કેનીયા, વડાલાના રમીલા ભરત ગાલાના ભાઇ. કપાયાના માતુશ્રી વેલબાઇ લાલજી દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : વલ્લભજી સંગોઇ, વી-૫૦૨, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.).

ત્રગડી (સંભવપુર)ના રાજુલબેન (વેલબાઇ) રામજી ગોગરી (ઉં. વ. ૮૭) તા. ૧૫/૧૦/૨૫ના દેશમાં અવસાન પામેલ છે. દેવરાજ ભીમશીના પુત્રવધૂ. રામજીના ધર્મપત્ની. ધીરજ, કિશોર, અશ્વીનના માતુશ્રી. ડેપાના જેઠાભાઇ પાલણના સુપુત્રી. શીવજી, હિરજી, હરખચંદના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કિશોર રામજી ગોગરી, મલબારવાલા બિલ્ડીંગ, રૂમ. નં. ૨૮, ડો. આંબેડકર રોડ, હિન્દમાતા, દાદર (ઇ.)

કોટડી મહા.ના કેશરબેન માવજી પાસડ (ઉં. વ. ૯૩) તા. ૨૦-૧૦-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી દેવાબાઈ કાનજી ધારશીના પુત્રવધૂ. સ્વ. માવજીના ધર્મપત્ની. લક્ષ્મીચંદ, લહેરચંદ, ભરત, હીતેન, લતા, જ્યોતિ, સં.પ.પૂ. શ્રી પુણ્યનિધીશ્રીજી મ. સા.ના માતુશ્રી. દેવપુર પાનબાઈ ટોકરશી વેરશી હરીયાના પુત્રી. જેઠાલાલ, રતનશી, પુરબાઈના બેન. પ્રાર્થના-નારાણજી શામજી મહાજનવાડી, માટુંગા (સે.રે.). ટા. ૩ થી ૪.૩૦. ઠે. લહેરચંદ પાસડ, આર્શીવાદ, ટેંબોડે રોડ.

નવીનાળના કાંતાબેન વિનોદ વોરા (ઉં. વ.૬૮) તા. ૨૦-૧૦-૨૫ના અવસાન પામેલ છે. વેલબાઇ ગણશી પ્રેમજી વોરાના પુત્રવધૂ. સ્વ. વિનોદના ધર્મપત્ની. છસરાના રતનબેન ખીમજી કરમશીના પુત્રી. સ્વ. સૂર્યકાંત, સ્વ. શશીકાંત, નરેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. કાંતા વિનોદ વોરા, શુભાંગી દર્શન, ૨જે માળે, માનપાડા રોડ, ડોંબીવલી (ઇસ્ટ) ૪૨૧૨૦૧.

નવાવાસના ડો. ચુનીલાલ ગાંગજી શાહ (મોતા) (યુ.એસ.એ.) (ઉં. વ. ૮૨) તા. ૧૪-૧૦-૨૫ના દેહ પરીવર્તન કરેલ છે. રાયશી તેજુના પૌત્ર. રાજબાઇ ગાંગજીના પુત્ર. સ્વ. ઇલા/ચંદનના પતિ. ડો. અજીત, એડ. અજયના પિતા. રૂક્ષ્મણીબેન, વિમળાબેન, જેન્તીલાલના ભાઇ. મોટી ખાખરના અમૃતબેન જીવરાજ ગાંગજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : જયંતીલાલ શાહ, બી-૧૮૦૩, મહાવીર વિલે, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

## ધારાવી પુનર્વિકાસ પરિયોજના

# નવું ધારાવીઃ જ્યાં ઘર અને રોજગાર એક સાથે મળશે!

## ધારાવી પુનર્વિકાસઃ વચનથી લઈને પૂર્ણતા સુધી

ધારાવીનો પુનર્વિકાસ અત્યાર સુધી એક સ્વપ્ન જ માનવામાં આવતું હતું, પરંતુ આજે જે સાહસ અને ઊર્જાથી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી મહારાષ્ટ્ર રાજ્ય સરકારે આ સ્વપ્નને ગતિ આપી છે, એનાથી આ સ્વપ્ન જલદી જ સાકાર થવાનું છે. આ ભારતની સૌથી ચર્ચિત અને સૌથી મોટી શહેરી પુનર્વિકાસ પરિયોજના છે અને આ પરિયોજનાએ ન માત્ર દેશ, પરંતુ સંપૂર્ણ દુનિયાનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

**લક્ષ્ય છે 'ઝૂંપડપટ્ટી-મુક્ત મુંબઈ'!**



ધારાવી પુનર્વિકાસ પરિયોજના, ઝૂંપડપટ્ટી-મુક્ત મુંબઈના સ્વપ્નને સાકાર કરવાનો એક ઈમાનદાર અને એટલો જ મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે. મહાયુતિ સરકારે લોકોને એશિયાની આ સૌથી મોટી ઝૂંપડપટ્ટી વસ્તીની સંપૂર્ણ કાયાપલટ કરવાનું વચન આપ્યું હતું. આ વચન જલદી જ પૂરું થઈ રહ્યું છે, માટે એ નિશ્ચિત છે કે આ પરિયોજના ભારતના શહેરીકરણના ઈતિહાસમાં એક 'મીલ કે પત્થર'ના રૂપમાં નોંધાઈ જશે. આ પરિયોજનાના માધ્યમથી ધારાવીના પ્રત્યેક નાગરિકને ૨૪ કલાક પાણી, નિર્વિઘ્ન વીજળી અને બધી બુનિયાદી સેવાઓ મળશે. મહારાષ્ટ્ર સરકારે 'દરેકના માટે ઘર'નું લક્ષ્ય રાખ્યું છે અને આ પરિયોજના એના જ અનુરૂપ કાર્યાન્વિત કરવામાં આવી રહી છે.

સરકારી નિયમોના અનુસાર, પાત્ર ધારાવી નિવાસીઓને ધારાવીમાં જ નિઃશુલ્ક ઘર ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખાસ વાત એ છે કે અપાત્ર નિવાસીઓને પણ પાછળ નહીં રાખવામાં આવે. તેઓને વ્યાજબી ભાવે અથવા 'ભાડું-ખરીદ સિદ્ધાંત' પર આજુબાજુ ઘર ઉપલબ્ધ કરાવવાની પણ જોગવાઈ છે. આના સિવાય, આ નિવાસી મામૂલી ભાડું આપીને ૧૨ વર્ષમાં પોતાના હકનું ઘર પ્રાપ્ત કરી શકે છે અને બાકીની રકમ એકસાથે આપીને માલિકી પણ મેળવી શકે છે. આ પરિયોજનાની ખાસિયત એ છે કે ઉપરના માળા પર રહેનારા ઝૂંપડાધારકોને પણ પુનર્વિકાસ પ્રક્રિયામાં સામેલ કરાયા છે. નોંધનીય છે કે આના પહેલાં કોઈપણ પુનર્વિકાસ યોજનામાં આવી કોઈ જોગવાઈ ન હતી. આથી આ પરિયોજના વ્યાપક અને નિષ્પક્ષ છે.

**સ્પષ્ટ યોજના, ગતિશીલ કાર્યાન્વયન!**

છેલ્લા બે દાયકાઓથી ચર્ચામાં રહેલી આ પરિયોજનાને ફડણવીસ સરકારે એક નવી દિશા આપી છે. પહેલી વાર ધારાવી માટે એક સ્પષ્ટ અને વિસ્તૃત માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આજે, લગભગ ૮૦ ટકા સર્વેક્ષણ પુરું થઈ ગયું છે અને પરિશિષ્ટ-૨ તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. વાસ્તવિક કામ પણ શરૂ થઈ ગયું છે.

આ પરિયોજનાનો હિસ્સો બનનારી રેલવે કર્મચારીઓ માટે કોલોની અને કાર્યાલયોનું નિર્માણ શરૂ થઈ ગયું છે. ધારાવી માટે પહેલાંના પ્રયાસ મુખ્ય રૂપથી ડેવલપર્સના હિતમાં હતા. જોકે, હવે સરકારે 'સ્પેશીયલ પર્પઝ વ્હીકલ' (SPV) નામના એક નવા મોડલના માધ્યમથી પરિયોજનાની બાગડોર પોતાના હાથમાં લઈ લીધી છે. જોકે સરકાર અને ખાનગી ભાગીદારોની વચ્ચે જવાબદારીનું એક નિશ્ચિત વિભાજન છે, અંતિમ નિર્ણય લેવાની શક્તિ રાજ્ય સરકાર પાસે રહેશે. આ સંરચનાએ પારદર્શકતા અને પરિયોજનાની ગતિ બંનેને ખૂબ લાભ આપ્યો છે.

**વિપક્ષની આલોચનાનો જવાબ**

વિપક્ષ માગણી કરી રહ્યો છે કે ધારાવીના બધા નિવાસીઓને ધારાવીમાં જ ઘર આપવામાં આવે. જોકે, હકીકતમાં, મહાવિકાસ આઘાડી સરકાર દરમિયાન તૈયાર કરાયેલ ટેન્ડરના નિયમો અને શરતોમાં એવી કોઈ જોગવાઈ ન હતી. એ સમયે તત્કાલીન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની સરકારમાં કૉંગ્રેસ સહિત અન્ય દળ પણ સામેલ હતા. મહાગઠબંધન સરકારના સત્તામાં આવ્યા પછી આ સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો કે આ પરિયોજનાથી કોઈપણને વંચિત રાખવામાં આવશે નહિ. પાત્રતાથી આગળ વધીને પણ દરેકને ઘર પ્રદાન કરવાની નીતિ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કેટલાક લોકો રાજકીય લાભ માટે ધારાવી નિવાસીઓને ગરીબીના ચક્રમાં ફસાયેલા રાખવા ઈચ્છે છે, પરંતુ સરકાર ધારાવી નિવાસીઓને આત્મસન્માન અને સુરક્ષિત ભવિષ્ય આપવા માટે પ્રતિબદ્ધ છે, હાલમાં જ મુખ્યમંત્રી ફડણવીસે જણાવ્યું હતું. ફડણવીસ સરકારની ધારાવી પુનર્વિકાસ યોજના આ દાવાની સત્યતાનું પ્રમાણ છે.

**સામાજિક અને બુનિયાદી સુવિધાઓનો સમન્વય**

ધારાવી પુનર્વિકાસ પરિયોજના ફક્ત એક આવાસ પરિયોજના જ નથી. સરકારે એને એક વ્યાપક મોડલ કહ્યું છે જે સામાજિક અને ભૌતિક બુનિયાદી ઢાંચાનો સમન્વય કરે છે, કારણ કે નવા ઘરોની સાથે-સાથે આ પરિયોજનામાં સ્કૂલ, હૉસ્પિટલ, રમતનું મેદાન, બગીચા અને પર્યાપ્ત ખુલ્લી જગ્યાઓ પણ સામેલ છે, જેનાથી ધારાવીની સૂરત બદલાઈ જશે. સાથે જ આ પરિયોજના ફક્ત ધારાવી સુધી જ સીમિત નથી, પરંતુ આજુબાજુના પૂરા ક્ષેત્રનો પણ કાયાકલ્પ થશે. આના માધ્યમથી, મહાયુતિ સરકારે મુંબઈને ઝૂંપડપટ્ટી-મુક્ત, આધુનિક અને સન્માનજનક રહેવા યોગ્ય સ્થાન બનાવવાનો નિર્ણય કર્યો છે, જે મુંબઈના ભવિષ્ય માટે અત્યંત આવશ્યક છે.

**ધારાવીના આર્થિક ચક્રને સંરક્ષિત કરવાનો પ્રયાસ**

ધારાવી ફક્ત એક ઝૂંપડપટ્ટી નહીં, પરંતુ એક સમૃદ્ધ આર્થિક પરિસ્થિતિનું તંત્ર છે. અમે જાણીએ છીએ કે અહીં હજારો નાના ઉદ્યોગ અને હસ્તશિલ્પ એકમો સંચાલિત થઈ રહ્યા છે. સરકારે આ ઉદ્યોગોની સુરક્ષા માટે એક સ્પષ્ટ નીતિ બનાવેલ છે. વર્તમાન સ્થિતિ એ છે કે ધારાવીમાં મોટાભાગના ઉદ્યોગો ભાડાના પરિસરમાં ચાલે છે, જેથી તેમને વિસ્તાર કરવાની તક નથી મળતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખતાં, પુનર્વિકસિત ભવનોમાં ૧૦ ટકા વ્યવસાયિકો માટે આરક્ષિત રખાયેલ છે. આનાથી તેઓ ધારાવીમાં પોતાનો વ્યવસાય ચાલુ રાખી શકશે.

આ ઉપરાંત, ધારાવીમાં હાલના અને નવા વ્યવસાયોને પ્રોત્સાહિત કરવા માટે પહેલાં પાંચ વર્ષ માટે રાજય વસ્તુ તથા સેવા કર (SGST)માં છૂટ પ્રદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નીતિથી ઉદ્યોગોને સફળ ફાલવા-ફુલવા માટે મદદ મળશે અને પુનર્વિકાસમાં પણ 'ધારાવીની આત્મા', એટલે કે અહીંના ઉદ્યોગોની અર્થવ્યવસ્થાને સંરક્ષિત રાખશે.

**વચનને પૂરા કરવા અગ્રેસર!**

ધારાવી પુનર્વિકાસ પરિયોજના, ઝૂંપડપટ્ટી-મુક્ત મુંબઈના સ્વપ્નનું એક અભિન્ન અંગ છે. મુખ્યમંત્રી ફડણવીસે મહાયુતિ સરકારના આ વચન (વાયદા)ને લગાતાર દોહરાવ્યું છે, જેમાં એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી વસ્તીના દરેક નાગરિકને ૨૪x૭ ઘરોમાં વીજળી, પાણી અને એક એવું ઘર આપવાનો વાયદો (વચન) કર્યો છે કે જ્યાં તેઓ સન્માન સાથે રહી શકે. ફડણવીસના નેતૃત્વવાળી સરકારે આ પરિયોજનાને જે ગતિ આપી છે એને જોતાં એ નિશ્ચિત છે કે આ મુંબઈના પુનર્નિર્માણમાં એક નવા યુગની શરૂઆત હશે.

ધારાવી પુનર્વિકાસ માટે અમારો એક સ્પષ્ટ દૃષ્ટિકોણ છે. ધારાવી પુનર્વિકાસ પરિયોજના ફક્ત એક આવાસીય પરિયોજના નહીં, પરંતુ બધી સુવિધાઓથી યુક્ત એક આધુનિક કોલોની હશે.

અમારું લક્ષ્ય સ્પષ્ટ છે કે નવા આવાસોની સાથે-સાથે ધારાવીમાં ઉદ્યોગોનો પણ વિકાસ થાય. આથી ધારાવીના ઉદ્યમીઓને જીવિત રહેવામાં અને વિકાસ કરવામાં મદદ મળશે.

ધારાવી પુનર્વિકાસ પરિયોજના એકમાત્ર એવી પરિયોજના છે જેમાં ઉપરના માળા પર રહેવાવાળા ઝૂંપડાવાસીઓનો પણ પુનર્વિકાસમાં સામેલ કરવામાં આવશે. વાસ્તવમાં, અન્ય પરિયોજનાઓમાં આવા નાગરિકોને કોઈ લાભ નથી આપવામાં આવતો.

ધારાવી પુનર્વિકાસ પાછળના પ્રયાસ ડેવલપર કેન્દ્રિત હતા. ધારાવી નિવાસીઓનું ભવિષ્ય વિકાસકને સોંપી દેવામાં આવ્યું હતું. પરંતુ આ વખતે અમે વિકાસ મોડલમાં મૂળભૂત પરિવર્તન કર્યું છે. રાજ્ય સરકારે સ્પેશ્યલ પર્પઝ વ્હીકલના માધ્યમથી સંપૂર્ણ જવાબદારી પોતાના હાથમાં લીધી છે.

**- શ્રી દેવેન્દ્ર ફડણવીસ**
**(મુખ્યમંત્રી, મહારાષ્ટ્ર રાજ્ય)**



"ધારાવીનો પુનર્વિકાસ, ઝૂંપડપટ્ટી-મુક્ત મુંબઈનો અમારા સ્વપ્નનો હિસ્સો છે. અમારો વાયદો છે કે એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી વસ્તીના દરેક નિવાસીને એવું ઘર મળે જ્યાં ૨૪x૭ વિજળી અને પાણી હોય અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત, દરેક ધારાવીવાસી સન્માનપૂર્વક જીવન જીવી શકશે.

**શ્રી દેવેન્દ્ર ફડણવીસ (મુખ્યમંત્રી, મહારાષ્ટ્ર રાજ્ય)**



"ધારાવીનો પુનર્વિકાસ ના ફક્ત અમારું સ્વપ્ન છે, પરંતુ એની સાથે જ એક મહત્ત્વાકાંક્ષી સામાજિક કાર્યક્રમ પણ છે. એનાથી ના ફક્ત નિવાસીઓને એક નવું ઘર મળશે પરંતુ સાથે જ એક નવી જીવનશૈલી પણ મળશે.

**- શ્રી એકનાથ શિંદે**
(ઉપમુખ્ય મંત્રી - મહારાષ્ટ્ર રાજ્ય)



"મહારાષ્ટ્ર રાજ્ય સરકાર એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી વસ્તી ધારાવીની સાચી ગતિ અને સાચી ગુણવત્તાની સાથે પુનર્વિકાસ કરવા માટે પ્રતિબદ્ધ છે. 'દરેક માટે ઘર'નો પોતાનો વાયદો પુરો કરતાં, ધારાવીના નાના અને મોટા ઉદ્યોગોને પણ આ યોજનામાં ઉચિત સ્થાન આપવામાં આવ્યું છે. વિશ્વાસ છે કે આ પરિયોજનાના માધ્યમથી ધારાવી મુંબઈ માટે એક ભવિષ્યોન્મુખી, આધુનિક અને સુનિયોજીત વિકાસ કેન્દ્ર બનશે.

**- શ્રી અજિત પવાર**
(ઉપમુખ્ય મંત્રી - મહારાષ્ટ્ર રાજ્ય)

## ધારાવી પરિયોજનાના મુદ્દા...

- જનતાને કેન્દ્ર સ્થાને રાખીને સમુદાયને મહત્ત્વપૂર્ણ દરજજો આપનારી કાર્યપદ્ધતિ.
- મિશ્રિત ઉપયોગ, સુરક્ષિત અને સ્વસ્થ પાડોશ.
- પગેથી ચાલવા યોગ્ય અને સુલભ '૧૫ મિનિટનું શહેર' સંકલ્પના, જે આવાસીય ક્ષેત્રો, કાર્યાલય ક્ષેત્રો, ખરીદારી અને મનોરંજન કેન્દ્રો, સાર્વજનિક સેવાઓ, શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવા સુવિધાઓને નિર્વિઘ્નરૂપથી જોડે છે.
- સાર્વજનિક પરિવહન સુવિધાઓની નજીક અને આસાનીથી સુલભ રણનીતિક સ્થાન.
- શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવા સુવિધાઓ સહિત ઉચ્ચ-ગુણવત્તાવાળો સામાજિક બુનિયાદી ઢાંચો.
- એક સતત અને નિર્બાધ (બંધનમુક્ત) પૈદલ યાત્રી નેટવર્કના માધ્યમથી ક્ષેત્રોની વચ્ચે સંપર્ક - જેમાં પૈદલ પથ (ફુટપાથ), રસ્તા અને ચોકનો સમાવેશ છે.
- સુનિયોજીત અને સુવ્યવસ્થિત પાર્કિંગ સુવિધાઓ, જે ક્ષેત્રથી સામંજસ્યપૂર્ણ રૂપથી જોડાયેલ હોય.
- વનસ્પતિઓ અને જીવોથી સમૃદ્ધ, મોટા ખુલ્લા હર્યા-ભર્યા સ્થાન, જે સમુદાયોનું અભિન્ન અંગ છે.
- સ્વચ્છ હવા, પુર-મુક્ત વિકાસ અને સંરક્ષિત તેમ જ ટકાઉ જળવાયુની સુધારણા દ્વારા રહેવાને અનુકૂળ વાતાવરણ તૈયાર કરવાનો હેતુ છે.

## 'બધા માટે ઘર' નીતિ મુજબ સંકલ્પના

1 આ એક ઐતિહાસિક પુનર્વિકાસ છે જે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 'બધા માટે ઘર' નીતિના પરિકલ્પના મુજબ આખરે વાસ્તવિકતા બની રહ્યું છે.

2 રાજય સરકાર દ્વારા ધારાવીના પુનર્વિકાસના માસ્ટર પ્લાનને મંજૂરી મળતાંની સાથે જ 'એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી' હોવાનું કલંક મુંબઈના નકશામાંથી નીકળી જશે.

3 ધારાવીના પરિવર્તન તરફ એક મહત્ત્વપૂર્ણ પગલાંના રૂપમાં, ગીચ વસ્તીવાળી કોલોનીમાં નવો જાન ફૂકવા માટે વ્યાપક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

4 પરિયોજનાથી પરિચિત સૂત્રના અનુસાર, તે ફક્ત નવા માળખાગત બાંધકામ વિશે જ નહીં, પરંતુ એક હરિત અને વધુ રહેવા યોગ્ય કોલોની બનાવવા વિશે પણ છે.

5 જોકે ધારાવી પુનર્વિકાસ પરિયોજના (DRP) મુખ્યત્વે આવશ્યક માળખાગત બાંધકામમાં સુધારવા પર કેન્દ્રીત છે, છતાં તેમાં ખુલ્લી જગ્યાઓનો સમાવેશ કરવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી રહેવાસીઓને વર્ષોથી જે મુશ્કેલીઓ અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડી રહ્યો છે તેમાંથી રાહત મળી શકે.

**યોજનાથી પરિચિત એક સૂત્રએ જણાવ્યું, 'ધારાવી અધિસૂચિત ક્ષેત્ર (DNA) માટેના નવા માસ્ટર પ્લાનનો ઉદ્દેશ્ય હાલની ગીચ ઝૂંપડપટ્ટીઓની જગ્યાએ એક જીવંત, સમાવિષ્ટ અને પ્રકૃતિથી સમૃદ્ધ શહેરી વાતાવરણ બનાવવાનો છે.'**

**પરિયોજનાથી પરિચિત એક સૂત્રએ જણાવ્યું, 'પુનર્વિકાસ યોજના મહારાષ્ટ્ર નેચર પાર્કથી પ્રેરિત છે, જે મીઠી નદીની નજીક એક હરિયાળો માનવસર્જિત વન ક્ષેત્ર છે. આ પહેલનો ઉદ્દેશ્ય શહરી તાને-બાનેમાં પ્રકૃતિનો સમાવેશ કરીને એક રહેવા યોગ્ય, ટકાઉ સમુદાયનો નિર્માણ કરવાનો છે.'**



**આ સ્થાન પર ઉપલબ્ધ સુવિધાઓઃ**

- ૨૪x૭ છૂટક સેવાઓ
- રેસ્ટોરન્ટ, કેફે અને શોપિંગ સુવિધાઓ
- ઑફિસ અને હૉટેલ જગ્યા
- સેન્ટ્રલ એવન્યૂ સુધી સીધો જઈ શકાશે.

આ ઉપરાંત પૂરી પાડવામાં આવતી વધારાની સુવિધાઓમાં સામેલ છે, સંગ્રહાલય, કામ કરતી મહિલાઓ માટે છાત્રાલય, મધ્યસ્થી કેન્દ્રો, બહુ - ધાર્મિક પરિસર, ધાર્મિક પૂજા પરિસર, તબીબી વિભાગ, સરકારી કચેરી, સામાજિક અને સાંસ્કૃતિક કેન્દ્ર, આરોગ્ય સુવિધાઓ - શાળાઓ માટે સુખાકારી ક્ષેત્ર.



"નવી પેઢીના પરિવારોને પુનર્વિકાસથી ઘણો ફાયદો થશે, કારણ કે તે સારી શાળાઓ અને આરોગ્ય સંભાળ સુવિધાઓ પૂરી પાડશે.

**- લાલ બહાદુર જૈસવાર, લક્ષ્મી બાગ**



"લોકો ઝૂંપડપટ્ટીમાં રહેતી મહિલાઓની વેદના નથી સમજતા. ઘરોમાં શૌચાલય ન હોવાથી, આપણે જાહેર શૌચાલયોમાં લાઈનમાં ઊભા રહેવું પડે છે, જે દરરોજ આપણી ગરિમાને ઠેસ પહોંચે છે. આ પુનર્વિકાસ આપણને ઘરોમાં શૌચાલય અને સન્માનજનક જીવન આપશે.

**- ધનલક્ષ્મી મહેન્દ્ર કર્લે, ધારાવી ક્રોસ રોડ**



"ધારાવીના દરેક માટે ખુલ્લી જગ્યાઓ એક સ્વપ્ન છે. પુનર્વિકાસ ધારાવીમાં આવી જગ્યાઓ લાવશે, જેનાથી આપણા ઘરોમાં સૂર્યપ્રકાશ અને તાજી હવા આવશે.

**- અજય બાલકૃષ્ણ ખાડે, ઓએનજીસીની પાસે**

### આધુનિક આરોગ્ય સેવાઓ

ધારાવી અને મહાનગર ક્ષેત્રમાં આધુનિક હૉસ્પિટલ, પોલીક્લિનિક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ડાયગ્નોસ્ટિક કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે, જેમાં મધ્ય મુંબઈમાં તબીબી માળખાગત બાંધકામ વધુ મજબુત બનાવશે.

### મિશ્રિત ઉપયોગવાળી વસ્તી

ચાલવા યોગ્ય સુનિયોજિત વસાહતોમાં રહેણાંક, વ્યવસાયિક અને શૈક્ષણિક ઉપયોગોનું સંતુલન જાળવી રાખશે, જેમાં આર્થિક સુગમતા સર્જાશે અને ધારાવીના લોકો માટે વધુ સારું પુનર્વસન શકય બનશે.

### પ્રસ્તાવિત રોડ નેટવર્ક

લગભગ ૨૧ કિલોમિટર નવા અને પહોળા રસ્તાઓ (૯ મીટરથી ૩૬ મીટર પહોળા) બનાવવામાં આવશે. દર ૧૨૫ મીટરે એક સંપર્ક માર્ગ રહેશે, જે વિવિધ વસાહતોને એકબીજા સાથે જોડશે અને મુખ્ય રસ્તાઓ પરનું દબાણ ઘટાડશે.

### ઓળખ નિર્માણ અને સ્થળ જીવંતતા

ધારાવીમાં સુવિકસિત રસ્તાઓ હશે, જાહેર સ્થળો સુધી સરળતાથી પહોંચ મળશે, જેનાથી આ વિસ્તાર વધુ સુરક્ષિત અને એકતાનો અનુભવ કરશે.

### ક્લસ્ટર વિકાસ સામૂહિક વિકાસ

દરેક સામૂહિક પરિયોજનામાં સાર્વજનિક સ્થાન હશે. બાળકો માટે સુરક્ષિત રમતના મેદાનો અને સાધનો ઉપલબ્ધ હશે.

### નદી તટ અને જળાશયનું પુનર્જીવન

મીઠી નદીના કિનારે એક સુંદર 'ધારાવી પ્રોમેનેડ' બનાવવામાં આવશે, જે શહેરનો બીજો સૌથી મોટો ચાલવાનો માર્ગ (મરીન ડ્રાઇવ પછીનો) હશે. આ જગ્યા તમામ વય જૂથો માટે એક સામાજિક અને મનોરંજન કેન્દ્ર બનશે.

### જીવન અને આજીવિકા એકસાથે

ઉદ્યોગ માટે યોગ્ય, સ્વચ્છ અને માળખાકીય રીતે મજબૂત સ્થળો પૂરા પાડવામાં આવશે. લાયક ઉદ્યોગો અને અયોગ્ય એકમોને વ્યાવસાયિક જગ્યા ભાડે લેવાનો વિકલ્પ આપવામાં આવશે. આ ધારાવીની અનોખી 'રહેવા-કામ કરવા'ની સંસ્કૃતિને જાળવી શકાય છે.

### હરિત ક્ષેત્ર

માહિમ નેચર પાર્કથી રેલવે ક્ષેત્ર સુધી એક લીલોછમ 'હરિત ક્ષેત્ર' બનાવવામાં આવશે. આમાં એક કેન્દ્રીય બાયોસ્વેલનો પણ સમાવેશ થશે, જે પૂર પ્રબંધન માટે ઉપયોગી થશે.

### ધાર્મિક સ્થળો

બધા ધર્મોના અનુયાયીઓ માટે વિશ્વ કક્ષાના ધાર્મિક સંકુલ બનાવવામાં આવશે. દરેક નાગરિકને તેમના નિવાસસ્થાન નજીક શ્રદ્ધા અને પૂજા માટેની સુવિધાઓ મળશે.

## અમદાવાદમાં કચરાની ગાડીએ સાતથી વધુ વાહનને અડફેટે લીધા, રિવરફ્રન્ટ પર પણ ગમખ્વાર અકસ્માત

અમદાવાદઃ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ૧૩૨ ફૂટ રિંગ રોડ પાસે આવેલા અમી એપાર્ટમેન્ટ નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. કચરાની ગાડીના ચાલકે બેફામ રીતે વાહન ચલાવીને રસ્તા પર પાર્ક કરેલા અનેક વાહનોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં કચરાની ગાડીએ સાતથી વધુ બાઇક અને એક કારને ટક્કર મારતા વાહનોને મોટું નુકસાન થયું હતું. ઘટનાસ્થળે હાજર રહેલા લોકોએ કચરાની ગાડીનો ચાલક દારૂ પીધેલી હાલતમાં હોવાનો આક્ષેપ કર્યો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. વાહન માલિકોએ ભેગા થઈને પોતાના વાહનોના નુકસાન બદલ વળતરની માગણી કરી હતી અને ડ્રાઇવર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહીની માગ કરી હતી. આ ઉપરાંત અમદાવાદ રિવરફ્રન્ટ પર ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ડિવાઇડર સાથે સ્કૂટર અથડાતા એક ૧૫ વર્ષીય સગીર યુવકનું દર્દનાક મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ત્રણ મિત્ર સ્કૂટર લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક સ્કૂટર પરનો કાબૂ ગુમાવતાં તે ડિવાઇડર સાથે ધડાકાભેર અથડાયું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે આ દર્દનાક દુર્ઘટનામાં સ્કૂટર પર સવાર ૧૫ વર્ષીય સગીર યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

## દિવાળીના દિવસે ગુજરાતમાં ૫૩૦૦થી વધુ ઈમરજન્સી કેસ, ૫૮ લોકો દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં દિવાળીના દિવસે ૫૮ લોકો દાઝ્યા હતા. અમદાવાદમાં ૨૮૦૦ સહિત રાજ્યમાં ૫૩૦૦થી વધુ ઇમરજન્સી કોલ નોંધાયા હતા. સૌથી વધારે ૧૭ લોકો અમદાવાદમાં દાઝ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સને સામાન્ય દિવસો કરતાં ૫૬૫ વધુ એટલે કુલ ૫,૩૮૯ ઇમરજન્સી કોલ મળ્યા હતા. રોડ અકસ્માતના ૯૧૬ કોલ અને હવાની ગુણવત્તા ખરાબ થવાથી શ્વાસ લેવામાં તકલીફના ૩૮૦ કોલ પણ મળ્યા હતા.

રાજ્યમાં દાઝી જવાના કુલ ૫૮ કોલ ૧૦૮ એમ્બ્યુલન્સને મળ્યા હતા, જેમાં અમદાવાદમાં ૧૭, સુરતમાં આઠ, જામનગરમાં પાંચ, નવસારીમાં ચાર, વડોદરા અને વલસાડમાં ૩-૩, મહેસાણા-ભરૂચ-સુરેન્દ્રનગરમાં ૨-૨, અમરેલી, બનાસકાંઠા, દાહોદ, ગાંધીનગર, ગીર સોમનાથ, કચ્છ, પંચમહાલ, પોરબંદર, સાબરકાંઠામાં ૧-૧ કોલ મળ્યા હતા.

દિવાળીના દિવસે ૧૦૮ એમ્બ્યુલન્સ અને ૫,૩૮૯ જેટલા કોલ ઈમરજન્સીના મળ્યા હતા. સામાન્ય દિવસોમાં ૫૧૯૯ જેટલા કોલ મળતા હોય છે. જો કે, દિવાળીના દિવસે ૫૬૫ જેટલા વધુ કોલ મળ્યા હતા.

અકસ્માતના પણ બનાવો ખૂબ વધારે સામે આવ્યા હતા. સામાન્ય દિવસોમાં ૫૨૯ જેટલા અકસ્માતના કોલ ફાયર બ્રિગેડને મળતા હોય છે. જો કે, દિવાળીના દિવસે ૯૧૬ જેટલા કોલ મળ્યા હતા.

દિવાળીના દિવસે રાજ્યમાં અકસ્માતના કેસમાં વધારો થયો હતો. સુરતમાં ૮૩.૭૮ ટકા, અમદાવાદમાં ૧૮.૩૬ ટકા, રાજકોટમાં ૮૫.૬૫ ટકા, વડોદરામાં ૪૨.૫૯ ટકા, કચ્છમાં ૯૮.૧૧ ટકા, ભાવનગરમાં ૯૦.૫૭ ટકા વધુ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં સામાન્ય રીતે દિવસ દરમિયાન ઇમરજન્સીના સરેરાશ ૨૭૫૨ કેસ નોંધાતા હોય છે, જેની સામે દિવાળીના દિવસે ૨૮૦૦થી વધારે કેસ નોંધાયા હતા. આ રીતે અકસ્માતના ૨૩૬ કેસની સામે ૩૬૩ કેસ નોંધાયા હતા.

## ગુજરાતમાં માવઠાની આગાહીથી ખેડૂતોની ચિંતા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં માવઠાની આગાહી કરવામાં આવી હતી. રાજ્યમાં સાત દિવસ માવઠાનો માહોલ રહેશે. હવામાન વિભાગની આગાહીથી ખેડૂતોની ચિંતા વધી ગઈ હતી. દક્ષિણ ગુજરાતમાં સાત દિવસ સુધી માવઠું પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, જ્યારે સાબરકાંઠા, મહીસાગર અને અરવલ્લીમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

આગાહી મુજબ, ૨૫ ઑક્ટોબરથી કમોસમી વરસાદની તીવ્રતા વધશે, જેના કારણે રાજ્યમાં ચોમાસા જેવો માહોલ જામશે. કમોસમી વરસાદથી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને અસર કરશે. બંગાળની ખાડીમાં સક્રિય થતી સિસ્ટમ, અપરએર સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના સંયુક્ત પ્રભાવને કારણે વરસાદી માહોલ સર્જાશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી. ગુજરાતની આસપાસ ૨ વરસાદી સિસ્ટમ જોવા મળી રહી છે, જેના કારણે ગુજરાતમાં ઑક્ટોબરમાં ચોમાસાનો માહોલ જામ્યો છે. હજુ પણ આગામી સાત દિવસ સુધી ગુજરાતમાં માવઠા રૂપી આફત જોવા મળશે. આમ માવઠાનો કહેર આગામી દિવસોમાં પણ યથાવત રહેશે. શિયાળામાં પણ ચોમાસાથી રાહત મળવાની કોઇ શક્યતાઓ નથી.

## સોનાના ભાવ આસમાને હોવા છતાં એફઆઈઆરમાં જૂના ભાવનો જ ઉલ્લેખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોનાના ભાવ આસમાને પહોંચ્યા છે, હાલ ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ. ૧.૩૦ લાખે પહોંચ્યો છે, પરંતુ જ્યારે તેની ફરિયાદની વાત આવે ત્યારે ગુજરાતમાં પોલીસ પોતાના કેસ રેકોર્ડ્સમાં તેનું મૂલ્ય ઓછું આંકી રહી છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં એવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે, જ્યાં સોનાની ચોરી અને લૂંટના કિસ્સાઓમાં પોલીસે જૂના દરો પર આધાર રાખ્યો છે, જેના કારણે સત્તાવાર રેકોર્ડ્સમાં તેનું મૂલ્ય લગભગ અડધું થઈ ગયું છે અને પીડિતોને આર્થિક નુકસાન સહન કરવું પડ્યું હતું. અમદાવાદની એક મહિલાએ તાજેતરમાં ૧૬.૧૦ ગ્રામ સોનાની ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસે જૂના દરને વળગી રહી હતી અને તેનું મૂલ્ય રૂપિયા ૧.૦૭ લાખ આંક્યું હતું, જ્યારે તેની બજાર કિંમત રૂપિયા ૧.૯૨ લાખ હતી. આ કોઈ એકલદોકલ ઘટના નથી. આવી અનેક ઘટનાઓ નોંધાઈ હતી.

અસલાલીમાં નોંધાયેલા લૂંટ-હત્યાના કેસમાં પીડિત પાસેથી આશરે ૧૫ ગ્રામ સોનું અને ૫૦૦ ગ્રામ ચાંદી લૂંટાઈ હતી. પોલીસે સોનાનું મૂલ્ય રૂપિયા ૭૫,૦૦૦ અને ચાંદીનું મૂલ્ય રૂ.૩૬,૦૦૦ નોંધ્યું હતું, જ્યારે તેમની વાસ્તવિક બજાર કિંમત અનુક્રમે લગભગ રૂપિયા ૨.૦૫ લાખ અને રૂપિયા ૮૬,૦૦૦ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે એફઆઈઆરમાં સોનાના દરો સામાન્ય રીતે ફરિયાદીના નિવેદન અથવા પૂરા પાડવામાં આવેલા બિલના આધારે નોંધવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં જ્યાં ખરીદીના કોઈ દસ્તાવેજો ઉપલબ્ધ નથી, ત્યાં પોલીસ જૂની ફાઇલોમાં દર્શાવેલા જૂના દરોનો ઉપયોગ કરીને મૂલ્યનો અંદાજ લગાવે છે.

આ ઉપરાંત સૂત્રોએ કહ્યું કે, વાહનો કે મોબાઇલની જેમ જ્યાં ઘસારાને ધ્યાનમાં લેવામાં આવે છે, તેનાથી વિપરીત, પોલીસ સોના કે ચાંદી જેવી સંપત્તિના મૂલ્ય વૃદ્ધિને ધ્યાનમાં લેતી નથી.

## ગુજરાત કૉંગ્રેસના દિગ્ગજ નેતા યોગેન્દ્ર મકવાણાનું જન્મદિવસના એક દિવસ પહેલા નિધન

અમદાવાદઃ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન ડો. યોગેન્દ્ર મકવાણાનું ૯૨ વર્ષની વયે નિધન થયું હતું. ૨૨ ઓક્ટોબર ૧૯૩૩માં આણંદ જિલ્લાના સોજિત્રા ગામે તેમનો જન્મ થયો હતો. જન્મ દિવસના એક દિવસ પહેલાં જ તેમણે વિદાય લેતાં શોકનું મોજું ફરી વળ્યું હતું. તેમના નિધનથી ગુજરાતના રાજકારણમાં એક યુગનો અંત આવ્યો હતો. ડો. યોગેન્દ્ર મકવાણા લાંબા સમય સુધી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા અને કેન્દ્ર સરકારમાં પ્રધાન તરીકે પણ સેવા આપી હતી. ડો. યોગેન્દ્ર મકવાણાની રાજકીય કારકિર્દીનો મોટો ભાગ રાજ્યસભામાં રહ્યો હતો. તેઓ ૧૯૭૩ થી ૧૯૮૮ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે રહ્યા હતા, જ્યાં તેમણે ૧૫ વર્ષ સુધી ગુજરાત અને દલિત સમાજના હિતોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ દરમિયાન તેમણે કેન્દ્રીય પ્રધાન તરીકે પણ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી. કેન્દ્ર સરકારમાં તેમની ગણના ગુજરાતના પ્રભાવશાળી દલિત નેતાઓમાં થતી હતી. કોંગ્રેસમાં સક્રિય રહ્યા બાદ ડો. યોગન્દ્ર મકવાણાએ ૨૦૦૮માં કોંગ્રેસથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. તેમણે દલિત અને બહુજન સમાજના હિતોને કેન્દ્રમાં રાખીને પોતાનો નવો રાજકીય પક્ષ 'નેશનલ બહુજન કોંગ્રેસ'ની સ્થાપના કરી હતી. ડો. યોગેન્દ્ર મકવાણાના નિધન પર રાજકીય નેતાઓ અને સંગઠનોએ શોક વ્યક્ત કર્યો હતો.

## વિરમગામના ભાજપના પૂર્વ ધારાસભ્ય વજુભાઈ ડોડિયાનું નિધનઃ મુખ્ય પ્રધાને શોક વ્યક્ત કર્યો

અમદાવાદઃ વિરમગામના પૂર્વ ધારાસભ્ય વજુભાઈ ડોડિયાનું નિધન થયું હતું. ૭૫ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ ૨૦ ઓક્ટોબરે મોડી રાત્રે તેમનું અવસાન થયું હતું. તેમના નિધનના સમાચાર મળતા જ સમગ્ર રાજકીય, સહકારી અને નાડોદા રાજપૂત સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કાર્યકર્તાઓ અને સહકારી આગેવાનો તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. વજુભાઈ ડોડિયા વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે વિરમગામ-સાણંદ વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. રાજકારણ ઉપરાંત, તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અગ્રણી તરીકે પણ સક્રિય હતા. તેમની સાદગીપૂર્ણ છબિ, નિષ્ઠા અને જનસંપર્કને કારણે તેઓ તેમના વિસ્તારમાં અત્યંત લોકપ્રિય હતા. ધારાસભ્ય તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે વિસ્તારના વિકાસલક્ષી કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન, ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિત અનેક રાજકીય નેતાઓ અને સામાજિક અગ્રણીઓએ સ્વ. વજુભાઈ ડોડિયાના નિધન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

## ગુજરાતમાં દિવાળીની રાત્રે પ્રદૂષણે માઝા મૂકીઃ અમદાવાદમાં ઍર ક્વૉલિટી ઇન્ડેક્સ 300 પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળી પર ફટાકડા ફોડવાના કારણે રાજ્યમાં પ્રદૂષણે માઝા મૂકી હતી. ફટાકડાને કારણે દિવાળીની આખી રાત હવા ખૂબ હાનિકારક રહી હતી, જેના કારણે ઘણા નાગરિકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી હતી. રાત્રે જે લોકો બહાર નીકળ્યા હતા તેમાંથી મોટાભાગના લોકો માસ્ક અથવા મોઢે રૂમાલ બાંધીને નીકળ્યા હતા. ચાંદખેડા, નારોલ, બોપલ, શીલજ, સાયન્સસિટી, ઘાટલોડિયા, થલતેજ સહિતના વિસ્તારોમાં આરોગ્ય માટે જોખમકારક હવા બની હતી.

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં દિવાળીના રાત્રે વાયુ પ્રદૂષણ ચરમસીમાએ પહોંચ્યું હતું. અમદાવાદ બાદ રાજકોટ બીજા અને વડોદરા ત્રીજા ક્રમે રહ્યું હતું. અમદાવાદનો એર ક્વોલિટી ઇન્ડેક્સ ૩૪૩ નોંધાયો હતો. રાજકોટનો એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૨૦, વડોદરાનો એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૦૦ અને સુરતનો એર ક્વોલિટી ઇન્ડેક્સ ૧૯૧ નોંધાયો હતો.

રાજ્યમાં દિવાળીની રાત્રે મોડીરાત સુધી ફટાકડા ફોડવામાં આવ્યા હતા, જેના કારણે હવામાં ખૂબ પ્રદૂષણ ફેલાયું હતું. લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડે એટલી હવા પ્રદૂષિત થઈ હતી.

ધૂમાડાને લીધે વિઝિબિલિટીમાં ઘટાડો થયો હતો. ઉલ્લેખનીય છે કે, દિવાળી દરમિયાન ફુટતા ફટાકડામાંથી નીકળતા ઝેરી રસાયણો જેવા કે સલ્ફર ડાયોક્સાઇડ, નાઇટ્રોજન ઓક્સાઇડ અને ફાઇન પાર્ટિકલ મેટર હવાને ઝેરી બનાવે છે.

## ગુજરાતમાં ૨૦30 સુધીમાં ઘરેલુ પાણીના વપરાશમાં 30 ટકા વધારો થવાનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ, રાજ્યમાં ઘરેલુ પાણીની જરૂરિયાતમાં ૨૦૩૦ સુધીમાં ૩૦ ટકાથી વધુનો અને ૨૦૫૦ સુધીમાં હાલની જરૂરિયાત કરતાં બમણાથી વધુનો વધારો થવાની અપેક્ષા છે. અહેવાલ મુજબ, જો જળ સંસાધનોમાં પ્રમાણસર વધારો કરવામાં નહીં આવે, તો ગુજરાતને આવનારા વર્ષોમાં, ખાસ કરીને ઘરેલુ હેતુઓ માટે, પાણીની કટોકટીનો વધુ એક તબક્કો સામનો કરવો પડી શકે છે.

સરદાર સરોવર યોજના પૂર્ણ ન થઈ ત્યાં સુધી રાજ્યને ઘણાં વર્ષો સુધી પાણીની સતત અછતનો સામનો કરવો પડ્યો હતો. નર્મદા ડેમ અને બ્રાંચ કેનાલ નેટવર્કનો મોટો ભાગ પૂર્ણ થવાથી વિવિધ હેતુઓ માટેની પાણીની જરૂરિયાતોની બાબતમાં રાજ્ય વધુ સારી સ્થિતિમાં આવ્યું હતું.

રાજ્યના જળ સંસાધન વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસ મુજબ, ૨૦૨૪માં પાણીની માગ ૮૮૦૪ મિલિયન લિટર પ્રતિ દિવસ (એમએલડી) હતી. આ માંગ ૨૦૩૦માં ૩૨ ટકા વધીને ૧૧૬૪૨ એમએલડી થવાની ધારણા છે. ૨૦૨૪ની પાણીની માંગની સરખામણીમાં, ૨૦૫૦ સુધીમાં પાણીની માંગ ૧૧૪ ટકા વધીને ૧૮૯૨૭ એમએલડી થવાની અપેક્ષા છે.

ગુજરાત સરકારે હજુ સુધી ઔદ્યોગિક અને સિંચાઈના પાણીની માંગના ડેટા ઉપલબ્ધ કર્યા નથી. જોકે સૂત્રોએ જણાવ્યું કે, ઘરેલું વપરાશની સાથે સાથે, ઔદ્યોગિક તેમજ સિંચાઈ માટેની માંગમાં પણ ૨૦૩૦ સુધીમાં ૩૦ થી ૪૦ ટકા વધારો થવાની ધારણા છે.

## ગુજરાતમાં આઈએએસ અધિકારીઓની તીવ્ર અછતઃ મુખ્ય સચિવ પંકજ જોશીને એક્સટેન્શનની શક્યતા

ગાંધીનગરઃ ગુજરતમાં હાલ આઈએએસ ઓફિસરોની કુલ જગ્યા (મહેકમ) ૩૧૩ છે, પરંતુ ૫૦થી વધુ જગ્યાઓ ખાલી છે ત્યારે આઈએએસ ઓફિસરનું કુલ મહેકમ વધારીને ૩૪૨ કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને દરખાસ્ત મૂકી છે. હાલ રાજ્યમાં ૨.૫૦ લાખની વસ્તીએ એક આઈએસ ઓફિસર ઉપલબ્ધ છે. અર્થાત્ ગુજરાત, વહીવટી પાંખમાં ઓફિસરની તીવ્ર અછત સાથેનું રાજ્ય છે. વર્ષે ૨૦૨૫ના અંત સુધીમાં એટલે કે બે મહિના બાદ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર અને ઊર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ એસ જે હૈદર જેવા સિનિયર મોસ્ટ આઈએએસ ઓફિસર નિવૃત્ત થશે.

ઓક્ટોબર ૨૦૨૫ના અંતિમ ૧૯૮૦ બેચના આઈએએસ ઓફિસર એવા ખુદ રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી વય-નિવૃત્ત થવાના છે. જોકે, હાલને તબક્કે તો એમ ચોક્કસ મનાય છે કે, મુખ્ય પ્રધાન કાર્યાલયમાં મુખ્ય પ્રધાનના અધિક મુખ્ય સચિવ તરીકે અને ત્યાર બાદ રાજ્યના મુખ્ય સચિવ તરીકેની તેમની પ્રશંસનીય કામગીરીની કદરરૂપે તેમને એક્સટેન્શન મળી શકે છે. હાલની સ્થિતિએ, છે. જો, ગુજરાતમાં સૌથી સિનિયર એવી ૧૯૮૯ બેચના ૩ આઈએએસ ઓફિસર છે. જેમાં પંકજ જોશી ૩૧મી, ઓકટોબર-૨૦૨૫ના રોજ વય-નિવૃત્ત થવાના છે.

સુનયના તોમર ડિસેમ્બર-૨૦૨૫માં વય-નિવૃત્ત થવાના છે અને શ્રીનિવાસ જુલાઈ-૨૦૨૭માં વય-નિવૃત્ત થવાના છે એટલે, મુખ્ય સચિવ પદેથી પંકજ જોશી વય-નિવૃત્તિ લે તો તેમના સ્થાને મુખ્ય સચિવના પદ માટેના સૌ-પ્રથમ દાવેદાર શ્રીનિવાસ છે પણ તેઓ હાલ ભારત સરકારમાં સેવા આપી રહ્યાં હોવાથી તેઓ આ પદ માટે ગુજરાત પાછા ફરે તેવી શક્યતા નહિવત છે. પંકજ જોશીને એક્સટેન્શન મળવાની પ્રબળ શક્યતા છે.

શ્રીનિવાસ ભારત સરકારની સેવામાં જ રહે તો રાજ્યના મુખ્ય સચિવના પદ માટે મુખ્ય પ્રધાન કાર્યલયમાં મુખ્ય પ્રધાન અધિક મુખ્ય સચિવ પદે સેવારત ૧૯૯૦ બેંચના આઈએએસ ઓફિસર મનોજ કુમાર દાસને તક મળી શકે છે.

જો, તેઓ મુખ્ય સચિવ થાય તો, મુખ્ય પ્રધાન કાર્યાલયમાં મુખ્ય પ્રધાનના અધિક સચિવનું પદ અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવનું પદ ખાલી પડે એમ છે અને જો, મુખ્ય સચિવ પંકજ જોષીને તેમની જડબેસલાક કામગીરીની કદરરૂપે એક્સટેન્શન અપાય તો, મનોજકુમાર-દાસ (એમ.કે.દાસ)માટે મુખ્ય સચિવ પદની શક્યતા ઓછી થઈ શકે છે.

## પંચમહાલમાં પુત્રએ કુહાડી મારી પિતાની હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના વાંટાવછોડા ગામમાં નજીવી બાબતે પુત્રએ પોતાના પિતાની ઘાતકી હત્યા કરી હતી. પિતાએ ગાળો બોલવાની ના પાડતા આવેશમાં આવેલા પુત્રએ કુહાડીના ઘા ઝીંકી પિતાની હત્યા કરી હતી.

મળતી વિગત પ્રમાણે, બાપ-દીકરા વચ્ચે લાંબા સમયથી જમીન બાબતે ઝઘડો ચાલી રહ્યો હતો.

આ મામલે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ઝપાઝપી દરમિયાન પુત્ર ગાળાગાળી કરી રહ્યો હતો ત્યારે પિતાએ તેને ગાળો બોલવાની સખત ના પાડી હતી. આ બાબતથી ગુસ્સે ભરાયેલા પુત્રએ આવેશમાં આવીને ઘરમાંથી કુહાડી લઈ આવ્યો હતો. તેણે પિતાના કાનના નીચેના ભાગે પાછળથી કુહાડીનો ઘા ઝીંકી દીધો, જેના કારણે પિતાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ બનાવની જાણ થતાં જ શહેરા તાલુકા પોલીસ મથકના પીઆઈ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. હત્યા બાદ ફરાર થયેલા આરોપી પુત્રની ધરપકડ કરીને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને ઝટકોઃ 'ક્લાસ-૧' કેદીનો દરજ્જો અને જેલ ટ્રાન્સફરની હાઇ કોર્ટે અરજી ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે કસ્ટોડિયલ ડેથ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટના પત્ની શ્વેતા ભટ્ટ દ્વારા કરાયેલી બે મહત્ત્વની અરજીઓને ફગાવી દીધી હતી. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, કેદીઓ વચ્ચે ભેદભાવ કરી શકાય નહીં. આમ કરવું સમાનતાના બંધારણીય સિદ્ધાંત વિરુદ્ધ છે.

પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટે રાજકોટ જેલમાંથી પાલનપુર જેલમાં ટ્રાન્સફર કરવાની માગ સાથે એક અરજી કરવામાં આવી હતી, જ્યારે બીજી અરજીમાં રાજ્ય સરકારને તેમને ક્લાસ-૧ કેદી તરીકે જાહેર કરવા માટે નિર્દેશ આપવા વિનંતી કરવામાં આવી હતી.

સરકારી વકીલે અરજીનો સખત વિરોધ કરતાં જણાવ્યું હતું કે, દોષિત ઠરેલા કેદીઓ માટે કોઈ ક્લાસની સગવડ હોતી નથી. વકીલે દલીલ કરી હતી કે સંજીવ ભટ્ટ વર્ષ ૨૦૧૯થી જેલમાં છે અને રાજકોટ જેલમાં ટ્રાન્સફર થયા બાદ જ આ અરજી કરી છે, જ્યારે પાલનપુર જેલમાં તેમને કોઈ વાંધો નહોતો. વધુમાં તેમણે જણાવ્યું કે, જેલમાં હાલમાં અન્ય આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ પણ છે, પરંતુ તેઓ આવી કોઈ માગ કરતા નથી.

સરકારે કોર્ટનું ધ્યાન દોર્યું કે ગુનેગારે કરેલા ગુનાની પ્રકૃતિ પણ ધ્યાને લેવી જોઈએ અને જેલમાં સ્પેશિયલ ક્લાસ પાડી શકાય નહીં. અરજદાર પક્ષ દ્વારા ભટ્ટને સ્ટ્રેસ અને આર્થરાઇટિસની બીમારી હોવાની રજૂઆત કરવામાં આવી હતી, જેના જવાબમાં સરકારી વકીલે જણાવ્યું કે ડૉક્ટરના રિપોર્ટમાં આર્થરાઇટિસનો ઉલ્લેખ નથી અને જેલ રિપોર્ટ મુજબ તેઓ યુવાનોને શરમાવે તેવી કસરત કરે છે.

## ગુજરાતની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને કેન્દ્રમાંથી ₹ ૫૨૨ કરોડ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારે ગુજરાતમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને મજબૂત બનાવવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૫મા નાણા પંચની ગ્રાન્ટ્સ જારી કરી હતી. ગુજરાતમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ₹ ૫૨૨.૨૦ કરોડની અનટાઈડ ગ્રાન્ટનો બીજો હપ્તો રાજ્યની તમામ ૩૮ જિલ્લા પંચાયતો, ૨૪૭ પાત્ર બ્લોક પંચાયતો અને ૧૪,૫૪૭ પાત્ર ગ્રામ પંચાયતોને જારી કરવામાં આવ્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે અનટાઈડ ગ્રાન્ટ્સના પ્રથમ હપ્તાના રોકેલા ભાગમાંથી ₹૧૩.૫૯૮૯ કરોડ વધારાની ૬ પાત્ર જિલ્લા પંચાયતો, ૫ તાલુકા પંચાયતો અને ૭૮ ગ્રામ પંચાયતોને પણ જારી કરવામાં આવ્યા હતો.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર, પંચાયતી રાજ મંત્રાલય અને જળ શક્તિ મંત્રાલય દ્વારા, રાજ્યોને પંચાયતી રાજ સંસ્થાઓ/ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે ૧૫મા નાણા પંચની ગ્રાન્ટ જારી કરવાની ભલામણ કરે છે, જે પછી નાણા મંત્રાલય દ્વારા જારી કરવામાં આવે છે. આ ગ્રાન્ટ નાણાકીય વર્ષમાં બે હપ્તામાં જારી કરવામાં આવે છે.

## ડાકોરનો અનોખો અન્નકૂટ ઉત્સવઃ રણછોડરાયજીનો ૧૫૧ મણનો પ્રસાદ માત્ર ૧૧ મિનિટમાં 'લૂંટાયો'

અમદાવાદઃ ગુજરાતના પવિત્ર યાત્રાધામ ડાકોરમાં દિવાળીના બીજા દિવસે, એટલે કે બેસતા વર્ષના દિવસે, રાજાધિરાજ રણછોડરાયજીને પરંપરા મુજબ ૧૫૧ મણનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ અનોખા ઉત્સવમાં, વર્ષોની પ્રથા મુજબ આસપાસના ૭૫ ગામના ક્ષત્રિય સમાજના લોકોને આ પ્રસાદ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમણે મંદિરના દ્વાર ખૂલતાંની સાથે જ માત્ર ૧૧ મિનિટમાં સમગ્ર અન્નકૂટના પ્રસાદને 'જય રણછોડ'ના નાદ સાથે લૂંટી લીધો હતો. સવારે ગોવર્ધન પૂજા સંપન્ન થયા બાદ ઘુમ્મટમાં ગિરિરાજજીનું સ્વરૂપ ધારણ કરી ભવ્ય અન્નકૂટ ધરાવાયો હતો. ૧૫૧ મણના આ અન્નકૂટમાં કેસર, ચોખા, બેસન, મોરસ સહિતની વિવિધ વાનગીઓ, શુદ્ધ ઘીની મીઠાઈઓ, બુંદી, ભાત, જલેબી અને સફરજન જેવાં ફળોનો મહાપ્રસાદનો સમાવેશ કરાયો હતો. ખાસ કરીને ટોચ પર સવા કિલોનો બુંદીનો લાડુ પધરાવીને સજાવટ કરવામાં આવી હતી. બપોરે ૧૨ વાગ્યે અન્નકૂટ પીરસવામાં આવ્યા બાદ બપોરે ૨:૦૦ કલાકે મંદિરનાં દ્વાર આમંત્રિત ક્ષત્રિય ભાઈ-બહેનો માટે ખોલવામાં આવ્યા હતા.

## અમદાવાદમાં વહેમી પત્નીએ ઊંઘતા પતિ પર પહેલા ઊકળતું પાણી અને બાદમાં ઍસિડ ફેંક્યું, ગુપ્તાંગ સહિતના ભાગો પર ગંભીર ઈજા

અમદાવાદઃ શહેરમાં પત્ની દ્વારા પતિ પર ઍસિડ એટેકનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. છેલ્લા એક વર્ષથી ખોટા શંકા-વહેમ રાખી ઝઘડો કરતી પત્નીએ સવારે ઊંઘમાં સૂતેલા ફૂડ ડિલિવરી બોય પતિ પર પહેલા ઊકળતું પાણી અને ત્યારબાદ ઍસિડ ફેંકી ગંભીર રીતે દાઝી દીધો હતો. યુવકને ગુપ્તાંગ સહિત શરીરના અનેક ભાગો પર ગંભીર ઈજા થતાં હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો.

ફરિયાદની વિગતો અનુસાર, રાજીવનગર વિભાગ-૧ માં ભાડાના મકાનમાં રહેતા અને ફૂડ ડિલિવરી બોય તરીકે નોકરી કરતા રોનકભાઈ અશોકભાઈ ખીમસુરીયા (ઉં.વ. ૩૩)એ પોલીસને ફરિયાદ લખાવી હતી. રોનકભાઈએ બે વર્ષ પહેલાં તેમનાં પત્ની દમયંતીબેન (ઉં.વ. ૩૧) સાથે કોર્ટ મેરેજ કર્યા હતા, જેમના આ બીજા લગ્ન છે. ફરિયાદ મુજબ, છેલ્લા દસ-બાર મહિનાથી દમયંતીબેન રોનકભાઈ પર ખોટા શંકા-વહેમ રાખીને સતત ઝઘડો કરતા હતા. આ મામલે અગાઉ વેજલપુર પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપવામાં આવી હતી અને સમાધાન પણ થયું હતું, તેમ છતાં ઝઘડા ચાલુ રહ્યા હતા. ગતરોજ રાત્રે નોકરી પરથી પરત આવીને રોનકભાઈ સૂઈ ગયા હતા. સોમવારના રોજ સવારે રોનકભાઈ ઘરમાં સૂતા હતા ત્યારે તેમની પત્ની દમયંતીબેન મોટે મોટેથી ગંદી ગાળો બોલી, 'હવે હું ગમતી નથી, બીજી બધી ગમે છે' તેમ કહી ઘરકામ કરી રહ્યા હતા.

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીયમુના**
પંઢરપુર, બેઠકજી, સીમલા, મનાલી, કુલ્લુ, વ્રજયાત્રા, શ્રીનાથજી, કચ્છ રણોત્સવ. 9892377559. (૧૫૩૯૦/એ)

**ફેમિલી - ગ્રુપ**
ટૂર પેકેજ, Visa, Insurance હોટલ બુકિંગ, Flight Ticket. 9773116540. (૩૬૫-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**લોનાવલા**
**દહેરાસરની સામે 3 BHK. બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૫૭૧)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906, 9321103249. (૩૪૨/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ/ શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 76666 44727. (૩૮૧-બી)**

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રકશન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૩૮૬-એ)**

**અંધેરી (વેસ્ટ)**
ભાડેથી ભરડાવાડી, સ્ટેશન પાસે, નવું બિલ્ડિંગ, 2 બેડરૂમ, 650' કારપેટ, અનફર્નિશ્ડ, 1 પાર્કિંગ, ફક્ત વેજીટેરીયન ફેમિલી માટે, 2,50,000/ 75000, બંકિમ - 9322246219 અથવા હેમંત - 9833720382. (૩૭૮-સી)

**પરેલ**
2 બેડ 600 ફૂટ (2.5) 1 બેડ માસ્ટર બેડરૂમ 400 (1.70) 450 (180) 475 (190) ઓલ ઈન રેડી પજેશન વીથ OC જૈન મંદિર નજીક જૈન સમાજ 1/2/3/4 લીવ લાયસન્સ આઉટ રાઈટ દુકાન મકાન 3 બેડ (2 cr) 2 બેડ (1.5 cr) લેવા વેચાણ જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૬૬૧૮)

**અંધેરી (વેસ્ટ)**
સ્ટેશન દેરાસર પાસે, ''ભાડેથી'' ૨ બેડરૂમ, (660') 3/75000, તદ્દન નવું બિલ્ડીંગ, સ્વીમીંગ પુલ, હેલ્થ કલ્બ, થિયેટર, લાયબ્રેરી અને ઘણી સુવિધાઓ, રેડી પઝેશન, (ફક્ત શાકાહારીઓ ''નિરજ એસ્ટેટ'' 9821277077. (૩૬૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટ)**
2 બેડ હોલ કિચન, પહેલા માળે, લિફ્ટ નથી, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક. (55,000/2,00,000/-) ભાડેથી. Call-9372035575. (૩૭૭-એ)

**દેવલાલી**
વેચાણથી. શ્રી શાંતિનાથજી દેરાસરની બાજુમાં, ૨ બેડરૂમના ફ્લેટો, રેડી પઝેશન, મહારેરા રજિસ્ટર્ડ પ્રોજેક્ટ. પરેશ - 9930803959/ 9930106054. (૩૭૮-એ)

**ભાંડુપ**
એલબીએસ રોડ જૈન મંદિર 2 બેડ જોડી (4c) 1400' 2 બેડ 700' (2c) દરેક એમીનીટી ટાવર હાયર ફ્લોર જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૬૬૧૭)

**વિલે-પાર્લે ઈસ્ટના**
પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટ ફુલ્લી ફર્નિશ્ડ 3 માસ્ટર બેડરૂમ હોલ કિચન બે પાર્કિંગ સાથે રજિસ્ટર સોસાયટી 1180' કારપેટ 4,25,00,000/- સંપર્કઃ 9819201737/ 9820550033. (૩૮૮-એ)

**અંધેરી ઈસ્ટ**
ભાડેથી (60) ટુ બેડ ફુલ્લી ફર્નિશ્ડ હાઈવે નજીક (લીફ્ટ/પાર્કિંગ) ગંગર - 8080524858. (બી-૧૬૬૫૨)

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરુમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

**જુહુ - 3 બેડ**
**1000' 1100' 1240' 1400' નવા બિલ્ડીંગમાં એમેનિટીસ સાથે વેચાણથી. (6.25 - 7.50 cr) અનિલભાઈ- 9004900290. (૩૮૭/એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા - 3 બેડ**
**1000' 1150' 1240' નવા બિલ્ડીંગમાં જીમ, સ્વિમિંગ પુલ સાથે વેચાણથી. (4.25 - 6 cr) અનિલભાઈ- 9004900290. (૩૮૭/બી)**

**GHATKOPAR (EAST)**
Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (368-F)

**GOREGAON-MALAD**
1/2/3/4 BHK for Sale / Purchase Contact - Agarwal Estate Consultants 9820232273. (B-16625)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડે થી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'-2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**PRELEASED OFFICE**
**મહિને 60,000/= ભાડે થી લાગેલી ઓફિસ વેચવાની (1.44 CR) (2 પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) યુઝેબલ - 600' મહાવીર નગર, CROMA/ D'MART પાસે, કાંદિવલી (વેસ્ટ). OWNER - 76666 44727. (૩૮૧-ડી)**

**INDEPENDENT WAREHOUSE / FACTORY**
Approved Plans, 2.8 acre Land, 79000 sf Warehouse in Kosmabi 400m inside Nashik Mumbai Highway 2.5 kms Padga Toll, 9820633257. (JP/ 4523-E)

## ૨૧. હોટલ


શુભ દિપાવલી અને નૂતન વર્ષ
HOTEL DREAMLAND
મહાબળેશ્વર
www.hoteldreamland.com
સર્વે માનવંતા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓ તથા શુભેચ્છકોને નવચેતના અને નવશક્તિ અર્પે, સર્વેના જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી દિપાવે.
(બી-૧૬૬૫૪)


## ૩૨. જમીન - મિલકત

**દેવલાલી**
5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબજો સુરેશભાઈ - 9869170308. (બી-૧૬૫૮૦)

**રાજકોટની આજુબાજુ**
**ગામ - કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ નાના-મોટા, ખુલ્લા પ્લોટ, જમીન લેવા-વેંચવાઃ 9082411822/ 9930730755. (૩૬૪-એ)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**''સુદર્શન જ્યોતિષ''**
સમસ્યાઓનું સમાધાન. જન્માક્ષર ગૃહકલેશ વ્યાપારમાં લાભ, સંતાનથી પરેશાની, શત્રુબાધા, લગ્નમાં રુકાવટ, સૌતન-ત્રાશ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9737117093 વિક્રોલી (ઈસ્ટ). (બી-૧૬૬૩૯)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**''શ્રીજી જ્યોતિષ''**
અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ઈરાન અને અમેરિકામાં જબરદસ્ત તુંતુંમેંમેં

### વૉશિંગ્ટન કોની પાસે અણુશસ્ત્રો હોવા જોઈએ એ નક્કી ન કરી શકે એવા તહેરાનના વિધાન પર બબાલ

તહેરાન : ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનીએ અમેરિકાના અણુશસ્ત્રો અંગેના દાવાને અનુચિત અને ખોટા બતાડ્યા. તેમણે કહ્યું કે અમેરિકાને એ નક્કી કરવાનો અધિકાર નથી કે કયા દેશો પાસે અણુશસ્ત્રો હોવા જોઈએ. તેમણે ટ્રમ્પની વાતચીતની ઑફરને ઠુકરાવી દીધી. ખામેનીએ સોમવારે કહ્યું હતું કે અમેરિકા એ સ્થિતિમાં નથી કે તે નક્કી કરે કે કયા દેશો પાસે અણુશસ્ત્રો હોવા જોઈએ અને કયા દેશો પાસે ન હોવા જોઈએ. ખામેનીના નિવેદન આવ્યા પછી અમેરિકા ભડકી ગયું હતું. અમેરિકાએ કહ્યું હતું કે દુનિયાના નંબર વન ટેરર સ્પોન્સર દેશને અણુશસ્ત્રો રાખવાની મંજૂરી ન આપી શકાય. વાઈટ હાઉસના અધિકારીએ કહ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પ હંમેશાં સાફ વાત કરે છે.દુનિયાના નંબર વન આતંકવાદ સ્પોન્સર દેશને ક્યારેય અણુશસ્ત્રો રાખવાની પરવાનગી ન આપી શકાય. ■

# દીકરી બિનહિંદુને પરણવા માગે તો તેના ટાંટિયા તોડી નાખોઃ સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુર

ભોપાળઃ ભાજપનાં ભૂતપૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરે અહીં એક ધાર્મિક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે જો કોઇ હિંદુ દીકરી બિનહિંદુ પુરુષ સાથે પરણવા ઇચ્છા દર્શાવે તો તેના પગ તોડી નાખવા જોઇએ. આવી દીકરી આપણા (હિંદુઓના) સંસ્કાર અને મૂલ્યોને અનુસરતી નહિ હોવાનું ગણાય.

સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરના આ નિવેદનથી મોટો વિવાદ સર્જાયો છે.

તેમણે જણાવ્યું હતું કે તમારે તમારી દીકરીને તેના ભલા માટે મારવી જોઇએ. માતાપિતા પોતાના સંતાનોને તેઓના સારા ભવિષ્ય માટે જ ઠપકો આપે છે અને મારે છે. ભાજપનાં ભૂતપૂર્વ સાંસદે જણાવ્યું હતું કે હિંદુઓના ઘરે દીકરી જન્મે છે ત્યારે તેઓ કહે છે કે ઘરમાં 'લક્ષ્મી' આવી, પરંતુ આ 'લક્ષ્મી' (દીકરી) હિંદુ ઘરમાં ઉછરીને અન્ય કોમના પુરુષની પત્ની બને તે ખોટું ગણાય અને આવું થતાં અટકવું જોઇએ.

સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરનો આ નિવેદન કરતો વીડિયો ફેસબુક પર પણ અપલૉડ કરાયો છે.

ઠાકુરે જણાવ્યું હતું કે માતાપિતાએ કાળજાને કઠણ કરવું જોઇએ. જો દીકરી બિનહિંદુ પુરુષને પરણવાની ઇચ્છા દર્શાવે તો તેના પગ તોડી નાખતા અચકાવવું ન જોઇએ. માતાપિતાનું નહિ સાંભળતી દીકરીને સજા કરવી જ જોઇએ. જો તમારે તમારા સંતાનોના ભલા માટે તેઓને મારવા પડે તો તેમ કરતા અચકાવવું ન જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે જે દીકરી માબાપનું માનતી ન હોય અને તેનાથી મોટી ઉંમરના લોકોને માન આપતી ન હોય અને બીજી કોમના પુરુષ સાથે (લગ્ન કરવા) ભાગી જવા ઇચ્છતી હોય, તો તેના પર પહેલેથી જ 'ચાંપતી નજર' રાખવી જોઇએ. આવી દીકરીને ઘરમાંથી બહાર નીકળવા દેવી ન જોઇએ, દીકરીને જરૂર પડે તો મારો, સમજાવો, પ્રેમથી કે ગુસ્સે થઇને સમજાવવા પ્રયાસ કરો.

દરમિયાન, સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરે કરેલા આ નિવેદનની વિપક્ષ દ્વારા આકરી ટીકા કરાઇ રહી છે અને તેમના પર હિંસા તેમ જ દ્વેષભાવ ભડકાવવાનો આરોપ મૂક્યો હતો. (એજન્સી) ■




# અપરાધ સંગઠિત, અદૃશ્ય અને જટિલ બન્યાઃ રાજનાથ

### પોલીસ સ્મૃતિ દિને સંરક્ષણ પ્રધાને કહ્યું કે લશ્કર અને પોલીસનો ઉદ્દેશ એક જ છે દેશની રક્ષા કરવાનો

નવી દિલ્હી : ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે કહ્યું હતું કે દેશ સરહદની અસ્થિરતાના પડકારનો સામનો કરી રહ્યો છે ત્યારે સમાજમાં ચાલાક અપરાધો, આતંકવાદ અને સૈદ્ધાંતિક યુદ્ધો વધશે.

પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે રાજનાથે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના વિઝન સાકાર કરવા બાહ્ય અને આંતરિક સુરક્ષા સમતોલ કરવાની તાતી જરૂરિયાત છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે આજે અફરાધ વધુ સંગઠિત, અદૃશ્ય અને જટિલ બન્યા છે અને તેનો ઉદ્દેશ અરાજકતા ફેલાવી રાષ્ટ્રીય સ્થિરતાને પડકારવાનો છે. આમાં લશ્કર અને પોલીસ અલગ-અલગ મોરચે પણ એક મિશન સાથે લડે છે અને એ છે દેશની રક્ષા કરવી.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે કહ્યું હતું કે એક તરફ સરહદો પર અસ્થિરતા છે, ત્યારે સમાજમાં નવા પ્રકારના ગુના, આતંકવાદ અને વૈચારિક યુદ્ધ ઉભરી રહ્યા છે. પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે અહીં રાષ્ટ્રીય પોલીસ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરતી વખતે રાજનાથ સિંહે એમ પણ કહ્યું હતું કે સેના અને પોલીસ અલગ અલગ મોરચે કામ કરે છે પરંતુ તેમનું મિશન એક જ છે - રાષ્ટ્રનું રક્ષણ કરવું. તેમણે કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે રાષ્ટ્રની બાહ્ય અને આંતરિક સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ છે.

આ કાર્યક્રમના ભાગ રૂપે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સીએપીએફ) અને દિલ્હી પોલીસની સંયુક્ત પરેડ યોજાઈ હતી.

વર્તમાન પડકારો પર સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે જ્યારે સરહદો પર અસ્થિરતા છે, ત્યારે સમાજમાં નવા પ્રકારના ગુના, આતંકવાદ અને વૈચારિક યુદ્ધ ઊભરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ગુના વધુ સંગઠિત, અદૃશ્ય અને જટિલ બન્યા છે અને તેનો ઉદ્દેશ્ય સમાજમાં અરાજકતા પેદા કરવાનો, વિશ્વાસને નબળો પાડવાનો અને રાષ્ટ્રીય સ્થિરતાને પડકારવાનો છે. રાજનાથ સિંહે પોલીસ દ્વારા ગુના અટકાવવાની તેમની સત્તાવાર જવાબદારી તેમજ સમાજમાં વિશ્વાસ જાળવી રાખવાની તેમની નૈતિક ફરજ નિભાવવા બદલ પ્રશંસા કરી હતી.■





# પંજાબના ભૂતપૂર્વ ડીજીપી સામે દીકરાની હત્યાનો આરોપઃ પુત્રવધૂ સાથે જ અફેર હોવાની છે શંકા

ચંડીગઢ : પંજાબના ભૂતપૂર્વ ડીજીપી મોહમ્મદ મુસ્તફાના પુત્ર અકીલ અખ્તરના મૃત્યુ મામલે પંચકુલા પોલીસે ભૂતપૂર્વ ડીજીપી, તેમની પત્ની અને ભૂતપૂર્વ મંત્રી રઝિયા સુલતાના અને મૃતકની પત્ની અને બહેન વિરુદ્ધ હત્યા અને કાવતરાનો કેસ નોંધ્યો છે. વકીલ અકીલ અખ્તરનું ૧૬ ઓક્ટોબરના રોજ મોડી રાત્રે પંચકુલા સ્થિત તેમના નિવાસસ્થાને મૃત્યું થયું હતું. પરિવારે શરૂઆતમાં દાવો કર્યો હતો કે મૃત્યુ ડ્રગ ઓવરડોઝને કારણે થયું છે. અકીલના મૃત્યુ પછી ૨૭ ઓગસ્ટનો એક વીડિયો સામે આવ્યો હતો જેમાં તે દાવો કરે છે કે પરિવારના સભ્યો તેની હત્યાનું કાવતરું ઘડી રહ્યા છે. આ વીડિયોમાં તેણે તેના પિતા મોહમ્મદ મુસ્તફા અને તેની પત્ની વચ્ચે અનૈતિક સંબંધનો પણ ઉલ્લેખ કર્યો હતો.

વીડિયોમાં અકીલે આરોપ લગાવ્યો હતો કે તેના પિતા અને તેની પત્ની વચ્ચે અનૈતિક સંબંધ હતા. તેણે એવો પણ દાવો કર્યો હતો કે તેની માતા (રઝિયા સુલતાના) અને બહેન નિશાત અખ્તર સહિત તેનો આખો પરિવાર તેને મારી નાખવા અથવા ખોટા કેસમાં ફસાવવાનું કાવતરું ઘડી રહ્યો હતો. મલેરકોટલાના રહેવાસી શમસુદ્દીન ચૌધરીની ફરિયાદ બાદ પંચકુલા પોલીસે એમડીસી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો છે. પંચકુલા પોલીસે આ મામલે એસઆઈટીની રચના કરી છે. માહિતી અનુસાર, ફરિયાદી શમસુદ્દીન ચૌધરીએ પંચકુલા પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ આપી હતી. તેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે અકીલ અખ્તરનું મૃત્યુ શંકાસ્પદ સંજોગોમાં થયું હતું અને પરિવારના સભ્યો સંડોવાયેલા હોઈ શકે છે. ■

# દિલ્હીમાં ફટાકડાને કારણે મકાનમાં આગ લાગીઃ સાતને બચાવાયા

નવી દિલ્હીઃ દિવાળીની રાત્રે પશ્ચિમ દિલ્હીના મોહન ગાર્ડન વિસ્તારમાં ચાર માળની ઇમારતમાં આગ લાગી હતી અને એમાં રહેતા સાત જણ ને બચાવાયા હતાં. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (દ્વારકા) અંકિત સિંહે જણાવ્યું હતું કે સોમવારે રાત્રે ૧૦ વાગ્યે ઇમારતના પહેલા અને બીજા માળે આગ લાગવા અંગે ફોન આવ્યો હતો અને ત્રણ પરિવારના કુલ સાત જણને ઇમારતમાંથી બચાવી લેવામાં આવ્યા હતા. ■




## પ્રેમાળ સ્મૃતિ



અત્યંત દુઃખ સાથે અમારાં વહાલાં 'બાઈયા' ના દેહાંતના સમાચાર આપીએ છીએ.

### શ્રીમતી કેસરબહેન ચત્રભુજ ઠક્કર

(6 ઑગસ્ટ 1926 - 20 ઑક્ટોબર 2025)

જેઓ પણ તેમના સંપર્કમાં આવ્યાં તે બધાંને તેમની ઉષ્મા, પ્રેમ અને કરુણા પ્રાપ્ત થયાં.

તેમની પ્રાર્થનાસભા
23 ઑક્ટોબર, 2025
ગુરુવારના રોજ સાંજે 5.00 થી 6.30 સુધી
જમનાબાઈ નરસી સ્કૂલ, વિલે પાર્લે (પશ્ચિમ) ૪૦૦૦૪૯માં
રાખવામાં આવી છે.

નરસી મોનજી પરિવાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## પ્રકરણ-૩૮

‘હવે બધી કડી જોડાઈ રહી છે... સર!’

ગોહિલે કહ્યું એના જવાબમાં ગાયકવાડે માત્ર હકારમાં માથું હલાવ્યું. તે કોઈ વિચારમાં ડૂબેલા હોવાનું લાગ્યું.

‘શું વિચારો છો?’ ગોહિલે પૂછ્યું.

‘મને એ નથી સમજાતું, ગોહિલ કે... ભલામણ પત્રની વાત પછી ડૉક્ટર મંદિરાની પૂછપરછ કરી, પણ ડૉક્ટર પાઠકને કેમ છોડી દીધો?’ ગાયકવાડનો પ્રશ્ન યોગ્ય હતો.

‘છોડી ક્યાં દીધો છે... બસ, એને ખુલ્લો રાખ્યો છે!’

‘એટલે?’

‘સર... બધા ડૉક્ટરો પર આપણે હાથ નાખીશું તો એ લોકો સતર્ક થઈ જશે... ઉપરથી હોબાળો મચાવશે તે અલગ. એટલે થોડા પુરાવા મળે પછી એની પણ ગરદન મરોડીશું!’ બોલતી વખતે ગોહિલની આંખમાં ખુન્નસ દેખાતું હતું.

‘...પણ અવયવોની તસ્કરીનો મામલો સામે છે તો તેમની પૂછપરછ કરી જ શકાય છેને! વળી, અંજુ અને કૃપા કનેક્શન પણ છે...’ ગાયકવાડ તાણાવાણા ગોઠવી રહ્યા હતા.

‘હું એ જ તો કહેતો હતો... હવે બધી કડી જોડાઈ રહી છે... ડૉક્ટરોને આડે હાથ લેવાનો સમય આવી રહ્યો છે...’ ગોહિલે સ્માઈલ સાથે કહ્યું.

ડૉ. મંદિરાની પૂછપરછ પછી ગોહિલ યુનિટ-૧૬માં આવ્યો હતો, જ્યાં હૉલોગ્રાફિક કૅમેરા મળ્યો હતો. મુખ્ય માર્ગ પરનાં મોટાં વૃક્ષો પર તેની ટીમ બીજો કૅમેરા શોધી રહી હતી. ગાયકવાડ પણ કોન્સ્ટેબલ દળવી સાથે ત્યાં પહોંચ્યા હતા.

‘કૅમેરા ગોઠવીને ભૂતનો ડર ફેલાવવા પાછળનું કારણ હવે સ્પષ્ટ થાય છે!’ ગોહિલે કહ્યું.

‘બધાં કાળાં કામો સહેલાઈથી ચાલતાં રહે અને કોઈને ખબર પડે તે માટે આ ભૂતનો ઉપયોગ કરાયો છે!’

‘તું કહેવા શું માગે છે?’ ગાયકવાડ સમજ્યા ખરા, પણ ગોહિલના વિચાર તે જાણવા માગતા હતા.

‘ગાયકવાડસાહેબ, ડ્રગ્સ અને માનવ અવયવોનો કારોબાર એકબીજા સાથે સંકળાયેલા છે એ અત્યાર સુધીની તપાસમાં સ્પષ્ટ થાય છે... મને લાગે છે કે ભૂતનો ડર ઊભો કરવા કૅમેરા લગાવવા એ પણ આ સ્કૅન્ડલનો એક ભાગ છે.’

ગાયકવાડ વિચારતા હતા એટલે ગોહિલે જ કહ્યું: ‘જુઓ... સર, જે જગ્યાએ શબ દાટવામાં આવ્યાં છે તેની નજીક શનિધામ સુધી બે જ માર્ગ જાય છે... એક આ અને બીજો વનિચા પાડા ક્રોસ રોડ.’

ગાયકવાડ સાથે ગોહિલ મૉડર્ન બૅકરી બસ સ્ટોપ નજીક ઊભો હતો. ત્યાંથી એક સાંકડો માર્ગ મૉડર્ન બૅકરી તરફ જતો હતો.

‘શનિધામથી આગળ હેલિકૉપ્ટર ક્રેશ સાઈટ પર જવાનો એક જ માર્ગ છે... આ માર્ગે જતા બધા ફફડે એ માટે આ કૅમેરા લગાવવામાં આવ્યા છે.’ ગોહિલે કહ્યું.

‘તો એનો મતલબ... શનિધામ આસપાસ પણ આવા કૅમેરા લાગ્યા હોવા જોઈએ?’ ગાયકવાડની વાત વિચારણીય તો હતી જ.

‘સર...’ ગોહિલ કંઈ બોલવા જતો હતો ત્યારે સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળેએ બૂમ પાડી.


‘સર, આ જુઓ!’ નજીક આવેલા ગોહિલ-ગાયકવાડને કાળેએ ઝાડ પર લાગેલો કૅમેરા દેખાડ્યો.

આ કૅમેરા પણ ઝાડ પર ડાળખાં અને પાંદડાંથી ઘેરાયેલા ભાગમાં એ રીતે ગોઠવવામાં આવ્યો હતો કે સરળતાથી કોઈની નજર ન પડે.

‘કૅમેરા કઢાવવાની વ્યવસ્થા કરો.’ દળવી તરફ જોતાં ગોહિલે કહ્યું.

‘સર... મારું અનુમાન સાચું હતું, માત્ર શનિધામના માર્ગ પર જતા લોકોને રોકવા માટે આ ભૂતનો ડર ઊભો કરવામાં આવ્યો હતો. ઘણું સમજી-વિચારીને આ કાવતરું ઘડવામાં આવ્યું છે.’

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

‘વાત તો સાચી છે, પણ કૅમેરા ખરીદનારા જૉનીની કોઈ ભાળ મળી?’ ગાયકવાડે પૂછ્યું.

‘ના... હજુ તેની કોઈ માહિતી નથી. ખબર નથી એ જીવિત છે કે નહીં!’ ગોહિલ વિચાર કરીને બોલતો હતો.

‘જૉની મળે કે ન મળે... આ કાંડ લગભગ સમજમાં આવી જ ગયા છે. બસ, હવે તેનું સૂત્રસંચાલન કરનારી ટોળકીના ચહેરા ઉઘાડા પાડવાના છે!’ નજર જંગલ તરફ ફેરવતાં ગોહિલ બોલ્યો.

‘કંઈ પણ કહો... આખા પરિસરનું નિરીક્ષણ કરીને આ ષડ્યંત્ર રચવામાં આવ્યું હતું. એકેએક બાબતનું ધ્યાન રખાયું હતું અને યોજનાબદ્ધ રીતે કાર્ય થતું હતું. આવો પ્લાન બનાવનારો પ્લાનર કમાલનો ભેજાબાજ હશે!’ ગાયકવાડ બોલ્યા.

‘વાત સાચી છે, સર.’ ગોહિલ બોલ્યો: ‘આ આખો પરિસર યુનિટ સિક્સટીન નહીં... શેતાને ઘડેલો પ્લૉટ સિક્સટીન છે!’

* * * *

ડૉ. વિશ્વાસ ભંડારી અંધેરીના ચકાલા પરિસરમાં આવેલી ટ્રસ્ટની હૉસ્પિટલના રેકોર્ડ તપાસવામાં વ્યસ્ત હતા. કામણગારી આકૃતિ બંગારા એક વાર તેમની કૅબિનમાં જઈ આવી, પણ તેમણે કોઈ નોંધ ન લીધી.

આકૃતિને નાણાંની જરૂર હોવાથી વાત ક્યાંથી શરૂ કરવી તેની ગડમથલમાં તે હતી. આખરે બીજી વાર તે કૅબિનમાં પ્રવેશી. ડૉ. ભંડારીની કૅબિનમાં જવા માટે આકૃતિએ પરવાનગી લેવી પડતી નહોતી.

‘શું કામ છે ડાર્લિંગ... વારંવાર અંદર બહાર કરે છે?’ ડૉ. ભંડારીએ આખરે પૂછી લીધું.

‘સર... તમે ક્યારના વ્યસ્ત છો એટલે...’ આકૃતિએ વાક્ય અધૂરું છોડ્યું.

‘જરૂરી કામ છે એટલે કરવું પડે છે... બોલ તને શું કામ છે?’

‘થોડા રૂપિયા...’

‘ગયા સપ્તાહે તો દસ હજાર આપ્યાને? હવે પાછા જોઈએ છે?’ ડૉ. ભંડારીએ પૂછ્યું.

‘હા... અર્જન્ટ કામ હતું.’ આકૃતિ બોલી.

ખીસામાંથી પાંચ હજાર રૂપિયા કાઢીને ડૉ. ભંડારીએ આકૃતિને આપ્યા. રૂપિયા આપતી વખતે આકૃતિનો હાથ પોતાના બન્ને હાથે પકડી ડૉ. ભંડારી પંપાળવા લાગ્યા.

‘થૅન્ક્સ, સર!’ કહીને આકૃતિએ પણ ડૉ. ભંડારીના ગાલ પર હાથ ફેરવ્યો.

‘સર, કોઈ ટેન્શનમાં છો? આ કાગળિયા શા માટે ફાડો છો?’ આકૃતિને આશ્ચર્ય થયું.

‘અમુક રેકોર્ડનો નાશ કરવો પડે એવો સમય આવ્યો છે!’ ડૉ. ભંડારીને આકૃતિ પર અતૂટ વિશ્વાસ હતો એટલે તેમણે નિખાલસતાથી કહ્યું.

**આ કાંડ લગભગ સમજમાં આવી જ ગયા છે. બસ, હવે તેનું સૂત્રસંચાલન કરનારી ટોળકીના ચહેરા ઉઘાડા પાડવાના છે!**

‘રેકોર્ડનો નાશ... કેમ?’

‘હમણા પોલીસ માથે કથ્થક કરે છે... તેમના હાથમાં આ કાગળિયા આવશે તો મારે માટે મુસીબત ઊભી થશે.’

‘કેમ? શેના દસ્તાવેજ છે?’ આકૃતિને જાણવાની ઉત્સુકતા થઈ.

‘અરે... અમુક આર્થિક વ્યવહાર બે નંબરના હોય છે. ટૅક્સનું ચક્કર હોય છે... તું નહીં સમજે!’ ડૉ. ભંડારીએ ફોડ પાડ્યો.

‘તમે બ્લૅક મનીની વાત કરો છો? આવું પણ થાય છે અહીં?’

‘હું એકલો નથી... ઘણાં ટ્રસ્ટ અને ડૉક્ટરો બ્લૅક મની ધરાવતા હોય છે... એમાં કોઈ મોટી વાત નથી!’ સહજતાથી ડૉ. ભંડારીએ કહ્યું.

‘ટ્રસ્ટમાં દેશ-વિદેશથી ભંડોળ આવતું હોય છે... બધાના હિસાબ સરકારને બતાવીએ તો આપણા હાથમાં શું રહે?’

ડૉ. વિશ્વાસ ભંડારીએ કહ્યું અને આકૃતિ આશ્ચર્યથી તેમને જોતી રહી. તેણે વિચાર્યું: ‘પહેલાં ખબર હોત તો... અત્યાર સુધીમાં કેટલી મોટી રકમ પડાવી લીધી હોત!’

* * * *

‘ભારત હમ કો જાન સે પ્યારા હૈ...’

મોબાઈલની રિંગ વાગી એટલે સ્ક્રીન પર ડીસીપી જોશીનું નામ જોઈ ગોહિલ વિચારમાં પડ્યો: ‘આટલી મોડી સાંજે ફોન કરવા જેવું અર્જન્ટ શું કામ હશે?’

તેણે રિંગ વાગવા દીધી. થોડી વાર પછી રિંગ વાગતી બંધ થઈ ગઈ. ફરી રિંગ વાગી એટલે તેણે મોબાઈલ હાથમાં લીધો. આટલી વારમાં તેણે વિચારી લીધું હતું કે ડીસીપીને શું કહેવાનું છે.

‘ગોહિલ... ક્યાં પહોંચી તપાસ?’ કૉલ રિસીવ કરતાં જ જોશીએ સવાલ કર્યો.

‘સર... શોએબના સાથી ઝમીલ માટે દાદર સ્ટેશને છટકું ગોઠવ્યું છે. આજે રાતે એ આપણા લૉકઅપમાં હશે!’ ગોહિલ આત્મવિશ્વાસથી બોલતો હતો.

‘કોણ ગયું છે એને ઊંચકવા?’

‘શિંદે ટીમ લઈને ગયો છે, સર!’

‘તો પછી તેને કહેજે, દુનિયાથી નથી ઊંચકી લેવાનો... ઝમીલ પોલીસ સ્ટેશને સહીસલામત આવવો જોઈએ!’ જોશીએ ચેતવ્યો.

‘જી... સર!’

‘એમ્બ્યુલન્સની કોઈ માહિતી?’

‘સીસીટીવી ફૂટેજ શોએબને દેખાડી રહ્યા છીએ. એ ઓળખી કાઢે એટલે બધી વિગતો મળી જશે.’ ગોહિલે કહ્યું.

‘ગોહિલ તપાસની ગતિ વધાર... તને ખબર છેને પેલા દિવસે ગૃહ પ્રધાને ચેતવણી આપી છે કે સરકારની આબરૂ બચાવવા કેસને વહેલો ઉકેલી કાઢો, નહીંતર નવી ટીમને તપાસ સોંપવામાં આવશે.’

‘સર, ઘણી બાબતોના ખુલાસા થઈ ગયા છે... આપણે કેસ ઉકેલવાની અણીએ જ છીએ!’ ગોહિલે ધરપત આપી.

‘જાંભુળકરના પ્રકરણનું શું થયું... મીડિયા સામે તેમને હજુ નિર્દોષ બતાવ્યા નથી!’

‘તપાસ ચાલુ છે, સર... આટલી જલદી નિર્દોષ કઈ રીતે જાહેર કરીએ?’ ગોહિલને પ્રશ્ન થયો.

‘મીડિયા સામે આવું બોલો... જાંભુળકર વારેઘડીએ ફોન કરે છે.’

જોશીએ કહ્યું: ‘અને હા... હમણાં ડૉક્ટર ઈમાનદારનો કૉલ આવ્યો હતો. ડૉક્ટર મંદિરાની પૂછપરછથી નારાજ છે એ લોકો!’

‘થવા દો નારાજ, સર. ડૉક્ટરોની સંડોવણી વિના આ રૅકેટ શક્ય નથી... તો ડૉક્ટરોની પૂછપરછ તો થશે જ!’ ગોહિલે સ્પષ્ટ કહ્યું.

‘કાલે ડૉક્ટરોનું પ્રતિનિધિ મંડળ તને મળવા આવશે... શાંતિથી સમજાવીને તેમને રવાના કરજે!’ જોશીએ આદેશ આપી કૉલ કટ કર્યો.

‘આ ડૉક્ટરોની ગરદન હવે ખરેખર મરોડવી પડશે... નાની નાની વાતને લઈ બહોળું સ્વરૂપ આપી રહ્યા છે!’ ગોહિલે વિચાર્યું.

‘સર... શોએબે એમ્બ્યુલન્સ ઓળખી કાઢી છે.’ ઈન્સ્પેક્ટર રવિ કદમે કહેતાં ગોહિલ વિચારમાંથી બહાર આવ્યો.

ફ્રીઝરવાળા એક વાહનને એમ્બ્યુલન્સમાં ફેરવી નાખી હતી. એ એમ્બ્યુલન્સનો ઉપયોગ ડ્રગ્સની તસ્કરી માટે થતો હતો. શબમાં ડ્રગ્સ ભરીને એ જ એમ્બ્યુલન્સમાં મુંબઈ બહાર લઈ જવાતું હતું, એવી માહિતી શોએબે આપી હતી. પોલીસ હવે એ એમ્બ્યુલન્સને શોધી રહી હતી.

‘બીજી કોઈ જાણકારી મળી?’ ગોહિલે પ્રશ્ન કર્યો.

‘એક ફૂટેજમાં નંબર પ્લેટ સ્પષ્ટ દેખાય છે... આ છે એમ્બ્યુલન્સનો નંબર.’ કદમે કાગળ પરનો નંબર દેખાડતાં કહ્યું.

‘અત્યારે એમ્બ્યુલન્સ ક્યાં છે?’ ગોહિલે પૂછ્યું.

‘શોએબનું કહેવું છે કે જમીનમાંથી લાશ મળવા માંડી ત્યારે જ એમ્બ્યુલન્સ ગુજરાત મોકલી દેવાઈ હતી!’ કદમે કહ્યું.

‘ઓકે. કામતને આ કામ સોંપી દે... ગુજરાત પોલીસનો સંપર્ક સાધીને એમ્બ્યુલન્સને ટ્રેસ કરવાનું કહી દે!’ આરે પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર રાજીવ કામતને પણ ગોહિલે તપાસમાં સંડોવ્યો.

‘કદમ... આપણે વાહનના માલિકને શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ.’ કહીને ગોહિલે પૂછ્યું: ‘આરટીઓની વેબસાઈટ ચેક કરી?’

‘કરી... એમ્બ્યુલન્સનો રજિસ્ટ્રેશન નંબર એ જ છે!’ કદમે કહ્યું.

‘કોને નામે રજિસ્ટર્ડ છે?’ ગોહિલે પૂછ્યું.

‘કોઈ વિરાજ મોરેના નામે!’

‘કોણ છે આ વિરાજ મોરે?’

‘શોએબના કહેવા મુજબ ડૉક્ટર આયુષ પાઠકની લૅબનો ટેક્નિશિયન!’ (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| BORED | સંગ્રહ |
| BOARD | કંટાળાજનક |
| CHORD | તલવાર |
| HOARD | તાર |
| SWORD | પાટિયું |

### ઓળખાણ પડી?



પ્રકાશનું પર્વ ગણાતા દિવાળીના તહેવાર દરમિયાન સજાવટ અને ઉલ્લાસના પ્રતીક તરીકે વપરાતા આ તોરણની ઓળખાણ પડી?

અ) ફૂલ સજાવટ બ) ગુલાબ - વાટિકા ક) ફૂમતાં - લટકણ ડ) કોડી - કાચ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ફ | ૨ ટા | ક | ૩ ડા | | ૪ મિ | ઠા | ૫ શ | | ૫-અ વા |
| ૬ ર | ઇ | | ૭ બી | ૮ રં | જ | | ૯ ક | ૧૦ ચો | ળું |
| ૧૧ કા | મ | ણ | | ૧૨ ગો | લ | કું | | પ | |
| ૧૩ ટ | કી | | ૧૪ ચા | ળી | સ | | ૧૫ વ | ડા | ૧૫-અ રો |
| | ૧૬ પ | ૧૭ ર | ક | | | ૧૮ સ | | ૧૮-અ પૂ | ત |
| ૧૯ ધ | ર | તી | | ૨૦ સ | ર | ળ | | ૨૦-અ જ | લ |
| ન | | | ૨૧ ચા | ર | | ગ | | ન | |
| ૨૨ પૂ | રાં | ૨૩ ત | | ૨૪ સ્વ | ૨૫ ગ | તો | ક્તિ | | ૨૫-અ આ |
| જ | | રા | | ૨૬ તી | ર | | | ૨૭ આ | વ |
| ૨૮ ન | સી | હ | ત | | ૨૯ મ | હા | ક | ર્ષ | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | ૯ | | ૧૦ | |
| | | ૧૧ | | | | | | | |
| ૧૨ | | | | ૧૩ | | | ૧૪ | ૧૪-અ | |
| | | | ૧૫ | | | ૧૬ | | | |
| ૧૭ | | ૧૮ | | ૧૯ | | | | | ૨૦ |
| | | ૨૧ | | | | ૨૨ | | ૨૩ | |
| ૨૪ | ૨૫ | | | | ૨૬ | | | ૨૭ | |
| | | | ૨૮ | | | | ૨૯ | | |
| ૩૦ | | | | | | | ૩૧ | | |

#### આડી ચાવી

૧. આત્મતત્ત્વ સંબંધી (૪)
૩. સ્થૂળ, જડ (૩)
૭. --- થવું એટલે યાદ આવવું (૨)
૯. ત્રાંસુ, જાળિયું (૪)
૧૧. ભાવની છોળ (૩)
૧૨. --- કરવું એટલે જોર તલબી વાપરવી (૩)
૧૩. --- કરવી એટલે યુક્તિ કરવી (૨)
૧૪. હોંશિયાર, ચબરાક (૩)
૧૬. હોબાળો (૩)
૧૭. કાળી ચૌદશ (૩,૪)
૨૧. મેઘરાગની એક રાગિણી (૩)
૨૨. નાગાસાકી ને --- પર અણુબૉંબ ફેંકાયેલો (૪)
૨૪. મહેલ, પવિત્ર ધામ (૪)
૨૬. હરસનું દરદ (૨)
૨૭. શઠ, ધૂર્ત (૨)
૨૮. આશરે, લગભગ (૫)
૩૦. પડકાર (૪)
૩૧. વજીર, પ્રકરણ, પાટ (૩)

#### ઊભી ચાવી

૧. કાર્યક્રમના અંતે થાય (૬)
૨. --- જવું એટલે નજર પડવી (૨)
૪. સહનશીલતા (૩)
૫. --- ભરવો એટલે વેરો આપવો (૨)
૬. છાશ બનાવવાનો દિવસ (૪)
૮. ધર્મને લગતું (૩)
૧૧. સૂર્ય (૨)
૧૪. --- ચકીની વાર્તા બધા જાણે (૨)
૧૪.અ. એક સ્વાદ (૨)
૧૫. અચળ સ્થાન (૬)
૧૬. ---માંથી આપણે કક્કો બારખડી શીખ્યા (૨,૩)
૧૮. એક ફૂલ (૩)
૧૯. ઘોડો, સાળવીનો કૂચડો (૨)
૨૦. હિમાલયને લગતું (૫)
૨૩. શિખામણ (૨)
૨૫. ખસવા, ડોલવા, ચળવા (૩)
૨૬. બીમાર, એક શાયર (૩)
૨૯. વહેતું પાણી (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘કેળવણીમાં ગાંધીજીનું મૌલિક પ્રદાન અનુબંધનું છે’ પંક્તિમાં ‘પ્રદાન’ શબ્દનો અર્થ જણાવો.

અ) યાદદાસ્ત બ) પ્રવૃત્તિ ક) યોગદાન ડ) પ્રયોગ

### માતૃભાષાની મહેક

દિવાળીનો આરંભ લોકવ્યવહારમાં વાઘબારશથી થાય છે. એ દિવસે વાઘના સ્વરૂપવાળા દૈત્યનો વધ થયો હોવાથી વાઘબારશ કહેવાય છે. આસો વદ ૧૨ના દિવસને ધર્મશાસ્ત્ર ગોવત્સદ્વાદશી પણ કહે છે. તે દિવસે વાછરડા સાથેની ગાયનું પૂજન કરવું એમ ધર્મશાસ્ત્ર કહે છે. આને વાક-બારસ પણ માનવામાં આવે છે. સરસ્વતીપૂજનનું તે દિવસે મહત્ત્વ છે.

### સુડોકુ-૯૧૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૩ | | | | ૯ | | |
| ૧ | ૬ | | ૫ | | ૨ | | | |
| | | | | | ૮ | | | ૨ |
| ૬ | ૪ | | | | | | | |
| ૫ | ૧ | ૭ | | | | ૨ | ૯ | ૪ |
| | | | | | | | ૬ | ૧ |
| ૭ | | | ૧ | | | | | |
| | | | ૯ | | ૫ | | ૭ | ૩ |
| | | ૫ | | | | ૧ | ૮ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૪ | ૬ | ૫ | ૨ | ૮ | ૯ | ૭ |
| ૬ | ૮ | ૫ | ૩ | ૯ | ૭ | ૨ | ૧ | ૪ |
| ૨ | ૯ | ૭ | ૧ | ૪ | ૮ | ૩ | ૬ | ૫ |
| ૫ | ૩ | ૯ | ૭ | ૧ | ૪ | ૬ | ૮ | ૨ |
| ૭ | ૬ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૯ |
| ૪ | ૨ | ૮ | ૯ | ૬ | ૩ | ૭ | ૫ | ૧ |
| ૧ | ૭ | ૬ | ૨ | ૩ | ૯ | ૫ | ૪ | ૮ |
| ૮ | ૫ | ૩ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૬ |
| ૯ | ૪ | ૨ | ૫ | ૮ | ૬ | ૧ | ૭ | ૩ |

### ગુજરાત મોરી મોરી રે

અપાત્ર સમક્ષ ઉત્તમ વસ્તુ પણ નિરર્થક સાબિત થાય છે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

આગળ અંધા ગાન બહેરા ને આરસી આગળ

### ઈર્શાદ

‘ઈલા, દિવાળી! દીવડા કરીશું; તારા સર્યા વ્યોમ થકી અહીં શું ?
કેવા ફટાકા આ અહીં ફૂટે છે ! આ કાનના તો પડદા તૂટે છે.’
- ચંદ્રવદન મહેતા

### માઈન્ડ ગેમ

દીપાવલી ઉજવણીનો તહેવાર છે. ભારતના કયા રાજ્યમાં દિવાળીની ઉજવણી વિશેષરૂપે નથી કરવામાં આવતી એ જણાવો.

અ) ગુજરાત બ) મહારાષ્ટ્ર ક) પંજાબ ડ) કેરળ

### ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| FICKLE | ચંચળ |
| CRACKLE | તડતડવું |
| HACKLE | ચીરવું |
| SHACKLE | બંધન |
| TACKLE | આડખીલી |

ઓળખાણ પડી? જ્યોર્જ હેડલી

માઈન્ડ ગેમ જનશેર ખાન

ચતુર આપો જવાબ અર્થ જણાવો ફાંફાં

ગુજરાત મોરી મોરી રે જમણો હાથ કરે તે ડાબો હાથ ન જાણે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) મહેશ સંઘવી (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિપીન શાહ (૧૫) હર્ષા મહેતા (૧૬) લજિતા ખોના (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) પ્રવીણ વોરા (૧૯) મીનળ કાપડિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ચેતન છેડા (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભરત કજરિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) અરવિંદ કામદાર (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતિન જયંતિલાલ બજરિયા (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) ભરત કજરિયા

# રાશિ ભવિષ્ય



# વિક્રમ સંવત ૨૦૮૨



વાચક વર્ગ આપ સૌને મારા તરફથી નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન વિ. ૨૦૮૨ની શરૂઆત કારતક સુદ એકમને બુધવાર તારીખ- ૨૨-૧૦-૨૦૨૫ના રોજ નવા વર્ષના પ્રારંભમાં 'પિંગલ' સંવત્સર રહે છે. આ દિવસે તુલા રાશિમાં ચંદ્રનું ભ્રમણ રહેશે. વર્ષની શરૂઆતમાં ગૌચરમાં સ્થિર ગ્રહો મુજબ ગુરુ ગ્રહ કર્ક રાશિમાં ભ્રમણ કરે જે તા. ૫-૧૨-૨૦૨૫. મિથુન રાશિમાં વક્રી થઈ પુનવર્સુ નક્ષત્રમાં સ્થિર રહેશે. તા. ૧-૬-૨૦૨૬થી કર્ક રાશિમાં માર્ગી બનશે. શનિગ્રહ વર્ષ દરમિયાન મીન રાશિમાં પૂર્વ ભાદ્રપ્રદ નક્ષત્રમાં ભ્રમણ કરશે જે તા. ૨૦-૧-૨૦૨૬થી ઉત્તર ભાદપ્રદ નક્ષત્રમાં પ્રવેશ કરશે. મોટી-નાની પનોતી રાશિ મુજબ ફળ આપશે. રાહુ ગ્રહ અને કેતુ ગ્રહમાં ૧૮ માસ દરમિયાન રાહુ-કુંભ રાશિમાં અને કેતુ સિંહ રાશિમાં વક્રી રહે છે. શતતારા નક્ષત્રમાં પ્રારંભિક ભ્રમણ કક્ષામાં રહે છે. અન્ય ગ્રહો પોતાની ગતિ મુજબ જ પરિભ્રમણ કરે છે.

**-જલધારા દિપક પંડ્યા**



## મેષ
### અ, લ, ઈ

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ ગુરુ વર્ષની શરૂઆતથી ચોથા ભાવે રહે છે. જે તા. ૫-૧૨-૨૦૨૫થી વક્રી થઈ ત્રીજાભાવે આવે અને તા. ૧-૬-૨૦૨૬થી માર્ગી કર્ક રાશિમાં ચોથાભાવે ભ્રમણ કરશે. રાહુ ગ્રહ અગિયારમાં ભાવે શુભફળના દાતા બનશે. શનિ મહારાજ પ્રારંભથી જ બારમા ભાવે સાડાસાતીના પ્રથમ તબક્કો લોખંડના પાયે પનોતી બેસેલ છે જે આપને લોઢાના ચણા ચાવવા જેવો સમય કહેવાય.

માનસિક અને શારીરિક સ્થિતિઃ- આ વર્ષ આપની માનસિક સ્થિરતા ડગમગ રહે. નિર્ણય શક્તિનો અભાવ જોવા મળશે. અમુક પ્રશ્નો એવા ઊભા થાય જેનો ન્યાય કરવો મુશ્કેલ બનશે. માનસિક તાણમાંથી મુક્ત બની ફક્ત સત્ય તરફ ન્યાય ન આપતા સમાધાની ન્યાય આપવા પ્રયત્ન કરશો. મનની પીડા બહાર દશ્યમાન નહીં થાય. ત્રીજા ભાવે ગુરુની સ્થિતિ અને બારમા ભાવે શનિ તમારી ઊંઘ હરામ ન થાય તો ભાગ્ય તમારું સોનાથી પણ રૂડું કહેવાશે.

શારીરિક આરોગ્ય અંગે તકલીફ રહેશે. પેટને લગતી તકલીફ વધશે. જરૂરી હશે તો શસ્ત્રક્રિયા પણ થાય. ખાન-પાનની પરેજી હશે તો વાયુ વિકારનાં દર્દોમાં રાહત અનુભવશો. મોટી બીમારી નથી પણ દવાખાનું બંધ નહિ થાય. કાયાને કંચનવર્ણી બનાવવા- આહાર-વિહારના સૂત્રને અનુસરશો તો વૈદ્ય તમારા ઘેર નહિ આવી શકે.

પારિવારિકઃ- આપની રાશિમાં ત્રીજા ભાવથી શનિ પરિવારને સાચવશે. જો તમારે ત્યાગવૃત્તિ રાખવી હશે તો. શનિ પારિવારિક જૂના સબંધો ફરી નવેસરથી એકડો ઘૂંટાવશે. વિવાહ યોગ્ય યુવાનો માટે સમય શુભ ગણાય. પ્રણયનાં પુષ્પો ખીલવી તો શકશો પણ સુગંધ ભેળવવી મુશ્કેલ બનશે. તમારી પરિવાર અંગેની ચિંતાઓ હળવી થતી જણાય. શુભ માંગલિક કાર્યો ઉકેલી શકશો.

સંતાન અંગેની ચિંતાઓ દૂર થાય. કુદરતની મદદથી સંતાનોની પ્રગતિમાં સફળતા મળે. વડીલોની આરોગ્ય અંગે ચિંતા વધારે. મીતભાષી બની મૂકપ્રેક્ષક બનશો તો પરિવારમાં તમારું સ્થાન ટકાવી શકશો.

નોકરી - વેપારી વર્ગઃ- નોકરીયાત વર્ગને સમય મધ્યમ રહે, શનિ દેવની દૃષ્ટિ ન્યાયપ્રિય છે માટે નોકરીમાં જો ઈમાનદારી અને ખંતથી કાર્ય કરતા હશો તો તમારું સ્થાન ટકી રહેશે. નોકરીમાં સરકારી નોકરિયાતને મોટી જવાબદારી આવશે અને સાવધાની રાખવી જરૂરી બનશે. ખાસ અગત્યના દસ્તાવેજ-કાગળો-ફાઈલ અંગે જવાબદારી લેવાથી તકલીફમાં વધારો જ કરશે. નવી નોકરિયાત વર્ગને સમય મધ્યમ રહે. ઉપરી અધિકારી સાથે મતભેદ રહ્યા કરશે.

વેપારી વર્ગને નવાં કાર્યોમાં સફળતા મળે. ગુરુ ગ્રહની શુભદૃષ્ટિ વેપારમાં લોકપ્રિયતા આપશે. મોટી ઓળખાણ થાય અને મિત્રોથી વેપારમાં મોટા લાભ મેળવો. નાના પાયે વેપારી વર્ગને સમય શુભ રહે. આયાત-નિકાસના વેપાર વિદેશ વ્યાપાર અંગે આ વર્ષ શ્રેષ્ઠ રહેશે. વેપારમાં સરકારી નિયમોને આધીન રહી કરશો તો 'હુકમના એક્કા' જેવું પદ મેળવશો.

આર્થિક સ્થિતિઃ- આપના આ વર્ષમાં વિદેશથી આવક વધશે. બહારના સંપર્કથી આવકમાં વધારો થાય. લોન દ્વારા જૂના દેવાની પતાવટ થાય. નાણાં ભીડ વર્ષની મધ્યમાં અનુભવશો. ઉઘરાણી પરત આવશે. શૅર-લોટરીમાં સાહસ ના કરવું યોગ્ય રહે. આવકનો મોટો ભાગ સ્થાવર મિલકત-કોર્ટ કચેરી અને દવા પાછળ વેડફાય નહિ તેની તકેદારી રાખવી. જૂની બચતો કામ આવે. વર્ષના અંતે ભાવિની બચત જોઈ શકશો. બંધ મુઠ્ઠી લાખની ખુલે તો રાખની આ ઉક્તિને અનુસરશો તો સમાજમાં આર્થિક સ્રોત ઊભા કરી શકશો.

સ્થાવર સંપત્તિ સુખઃ- આ વર્ષમાં મુખ્ય સારું કાર્ય હશે તો તે સ્થાવર મિલકત વસાવવાનો પૂર્ણ થાય. તમારા મકાન-વાહન-દ્રવ્ય સંપત્તિ વસાવી શકશો. તમે વારસાગત મિલકતમાં પ્રશ્નો ઉકેલી શકશો. તમારી ઈચ્છાપૂર્તિ થઈ જાય. નવા મકાનમાં રહેવા જવાની તમારી ઈચ્છા પૂર્ણ થાશે તે અંગે જરૂરી નાણાકીય કાર્યો લોન પાસ થવી. નાણાકીય મદદ મેળવી શકશો. પરિવારમાં સંપૂર્ણ સહકાર મળશે. વિદેશમાં નિવાસસ્થાન કે મિલકત વસાવી શકશો.

પ્રવાસઃ- આ વર્ષે વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. નાની યાત્રા ધાર્મિક ઘણી જ થાય. ગંગા સ્નાનનું ફળ મળશે. તેવી યાત્રા ઘણી જ થાય. નોકરી-વેપાર અર્થે બહાર દૂર જવાનું થાય.

શત્રુ-મિત્રવર્ગઃ- આ વર્ષે મિત્રથી વિશ્વાસઘાત થાય. મિત્રો સાથે ખપ પૂરતો વ્યવહાર રાખવો. નાણાકીય આપ-લે ન કરવી. મોટી વગ ધરાવનાર મિત્રો સાથે સંબંધ બંધાય. રાજકીયક્ષેત્રે મિત્રતા કેળવાશે.

શનિદેવની દૃષ્ટિ છૂપા શત્રુ ઊભા કરાવશે તમારે ઓળખવાના રહેશે કે કોણ શત્રુ હિત છે અને કોણ મારું અહિત કરનાર શત્રુ છે. કોર્ટ કચેરીમાં સમાધાની રાખશો. જન્મના ગ્રહો કે મહાદશા અશુભ ફળ આપનારા હશે તો આ વર્ષે જેલના દર્શન થઈ શકે તેમ છે. માટે શત્રુને દૂર કરવા કરતા આપણે સાવધાની રાખવી યોગ્ય રહેશે. જૂના કેસની સુનાવણીમાં વિજય સામા પક્ષનો થાય તેમ છે. નવા કાયદાકીય દંડ/સજા ના થાય માટે સરકારી નિયમો-કાયદાનું પાલન કરી કોઈ કાર્ય કરવાની શરૂઆત કરશો.

અભ્યાસઃ- સંશોધનક્ષેત્રમાં સફળતા મળે કોઈ સાધના-મંત્ર-સિદ્ધિના ક્ષેત્રમાં હશો તો સફળતા મળશે. અભ્યાસુવર્ગને ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત થાય.

(૧) કારતકઃ- તમારી મનોરંજન યુક્તિ ક્રિયાઓ સારી રહેશે. વારસાગત મિલકતના કોર્ટ-કેસમાં સફળતા મળે. ખોટા ખર્ચા વધશે. અભ્યાસુવર્ગને મહેનત ખૂબ કરવી પડશે. વિવાહિત વ્યક્તિને વિસંવાદિતતા વધશે. પ્રેમ પંખીડાને વિખેરાઈ ના જાય તેની વાણી દ્વારા સંયેમતા રાખવી. રાજકીયક્ષેત્રે ખૂબજ સમજદારીથી નિર્ણય અને વાણીથી સંબોધન કરવું. નોકરી-વેપારમાં સમય શુભ રહે. પ્રવાસ ન કરવો. આરોગ્ય અંગે કાળજી લેવી.

(૨) માગશરઃ- લગ્નજીવનમાં ભંગાણ ના થાય માટે સંવાદિતતા રાખવી. સંતાનો અંગેની ચિંતા દૂર થાય. શૅર-લોટરીથી લાભ થાય.

(૩) પોષઃ- તમારા વિચારો કેવા છે તે તમારાં કાર્યોથી સાબિત થશે. ભાગ્ય સાથ આપશે. લાંબી યાત્રા થાય. નોકરીમાં બદલી થાય. દામ્પત્ય જીવનમાં સુગમતા રહે.

(૪) મહાઃ- વેપારી વર્ગને નવીન તકો મળે. વેપારમાં વૃદ્ધિ થાય. યાત્રા-પ્રવાસ ફળે. રાજકીયક્ષેત્રે સફળતા મળશે. નોકરીમાં ઉચ્ચપદ મળે. સ્થાવર મિલકતમાં અટવાયેલાં કાર્યો પૂર્ણ થાય.

(૫) ફાગણઃ- મિત્રોથી વિશ્વાસઘાત થાય. નોકરિયાત વર્ગને મોટી જવાબદારી ના લેવી. અપયશ મળે. વેપારમાં પ્રગતિકારક સમય રહે. શૅર-લોટરીમાં ધન લાભ થાય. દામ્પત્ય જીવનમાં ખટરાગ રહેશે. સંતાનોની વિલંબથી પ્રગતિ થાય.

(૬) ચૈત્રઃ- નાણાકીય પ્રશ્નો હલ થાય. જૂના દેવામાંથી મુક્તિ મળે. વિદેશથી વેપારમાં ધન લાભ થાય. સંતાનોની વિદેશમાં જવાની ઈચ્છા પૂર્ણ થાય. અભ્યાસ અર્થે તમારે વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. નોકરીમાં સાવધાની રાખવી. ફસાઈ ના જાવ.

(૭) વૈશાખઃ- આરોગ્ય અંગે કાળજી લેવી આંખ-માથાનાં દર્દો થાય. વડીલોની તબિયત કથળે. પરિવારથી દૂર જવાનું થાય. નવી નોકરી મળે. સરકારી કાર્યોમાં સફળતા મળે. રાજકીય ક્ષેત્રે ખોટા આળ આવી શકે.

(૮) જેઠ (અધિક જેઠ):- પરિવારમાં આનંદમય સમય પસાર થાય. તમારાં ધારેલાં કાર્યો પાર પડતા જાય. તમારા કાર્યની કદર થાય. શોખ-મનોરંજન પાછળ સમય અને નાણાંનો ઉપયોગ વધશે.

(૯) જેઠઃ- મોજશોખનાં સાધનો સુવિધા વધારશો. સ્થાવર મિલકતમાં વધારો થાય. વિવાહિત જીવનમાં મધુરતા રહે. નાની યાત્રા સુખદ રહે. કાયદાકીય ક્ષેત્રે વિજય મેળવો.

(૧૦) અષાઢઃ- સંતાનો અંગે ચિંતા વધે. નાણાભીડ અનુભવો. મિત્રોથી ખોટાં કાર્યો થાય. વેપારમાં ભાગીદારી સાથે લખાણ-હિસાબોમાં સાવધાની રાખવી અને કાળજીની શોધ લેવી. વિદેશ યાત્રા જો કરવી હોય તો થાય. વારસાગત મિલકતનો પ્રશ્નો ઉકેલાય.

(૧૧) શ્રાવણઃ- સર્વ સુખની પ્રાપ્તિનો અનુભવ કરી શકાશે. તમારા ક્રોધને કાબૂમાં રાખવો. પ્રવાસ ના કરવો. વેપારી વર્ગ માટે સમય ઉત્તમ રહે. સ્થાવર મિલકત માટે જરૂરી લોન પાસ થાય. વિવાહિત જીવનમાં વૈમનસ્ય રહે.

(૧૨) ભાદરવોઃ- નોકરિયાતવર્ગ સમય શુભ રહે. ઉચ્ચ પદ મળે. તમારા પ્રશ્નો નોકરીમાં ઉકેલાતા જણાય. બીમારી દૂર થાય. અભ્યાસમાં જ્વલંત સફળતા મેળવો. મિત્રોથી વિશ્વાસઘાત થાય. ખોટા સાહસ ન કરવા.

(૧૩) આસોઃ- જીવનસાથી સાથે વિયોગ થાય પણ સંવાદિતતા તો રહેશે. સમાજમાં નામના વધે તેવાં કાર્યો થાય. પરિવારમાં માંગલિક કાર્યો થાય. નોકરીમાં બદલી થાય. પણ ચડતી-પડતી રહ્યા રહે. ઉપરી અધિકારી સાથે વિવાદ ના કરવો. ધારેલાં કાર્યો પાર પડશે.

આ વર્ષ શનિ તમને બંધનમાં તો નાખશે જ તમારા પરિવારમાં આત્મીયતા કેળવી શકશો અને મિત્રોની પરખ સારી થશે. નોકરી વેપારમાં નાણાકીય પ્રવાહ જળવાશે. ગુલાબની સુગંધ સાથે કાંટા પણ રહેશે. કેવી રીતે હાથમાં પકડવું તે તમારે વર્ષ દરમિયાન જોવું.



## વૃષભ
### બ, વ, ઉ

આપની રાશિના સ્થિર ગ્રહો મુજબ ગુરુ બીજા ભાવે અને તા. ૧-૬-૨૦૨૬થી માર્ગી બની ત્રીજા ભાવે શુભ ફળદાયી રહેશે. શનિ મહારાજ અગિયારમાં ભાવે શુભ ફળદાતા રહે છે. રાહુ દસમા ભાવે શુભ ફળ આપે છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ- આ વર્ષે તમારા મનને પહાડ જેવું અડીખમ બનાવો. તમારા મનના વિચારોને આયોજન પ્રમાણે પગથિયાં બનાવી કાર્ય કરશો તો સર્વ મનોરથ પૂર્ણ થશે જ. માનસિક સ્થિરતાં સારી રહેશે. પાણીના પ્રવાહની જેમ લાગણીમાં તણાતા જશો. યાદ રાખવું વધારે પડતા ગળ્યા પદાર્થમાં કીડી પડતાં વાર નથી લાગતી. માટે મનને લાગણીમાં પૂર્ણ બાંધશો નહિ. નહિતર તમે કુદરત વિરુદ્ધ કાર્ય કરવા મજબૂર બનશો. પરિવારમાં ન્યાય કરતાં તેમના કર્મના દોષ સામે પાંડદુના બનશો. પણ ગીતાના સંદેશને અનુસરવું યોગ્ય રહેશે. નહિતર માનસિકતાનો ભોગ બનતા વાર લાગશે નહિ. શરીની પીડા નાની મોટી રહેશે. તમારા આરોગ્ય માટે આ વર્ષ થોડું નબળું પુરવાર થાય. કોલેસ્ટ્રોલ - બી. પી.ના દર્દો - હૃદય છાતીને લગતાં દર્દોમાં કાળજી લેવી. વર્ષમાં એકાદવાર દવાખાનાની ટ્રીટમેન્ટ લેવી પડે. જેઓ ઉપરોક્ત બીમારીમાં સપડાયેલા છે તેમણે અવારનવાર તબીબી મુલાકાતમાં વધારો કરવો જોઈએ.

પારિવારિકઃ- ઘર એક મંદિર અને પરિવારના સાથ સહકાર તમને સ્વર્ગના સુખનો અનુભવ કરાવશે. વર્ષે પારિવારિક આનંદ માણી શકશો. વડીલોની મીઠી નજર રહે. દાંપત્યજીવનમાં પ્રણયના પુષ્પો ખીલશે. વિવાહ યોગ્ય યુવાનો માટે સમય શ્રેષ્ઠ રહે. સંતાનો માટે સમય શુભ નથી. વ્યાધિ આવ્યા કરે. સહોદર સાથે સંબંધો સુધરે. સહકુટુંબમાં રહેતા હશો તો કાર્યની કદર થાય.

નોકરી-વેપારી વર્ગઃ- નોકરિયાત વર્ગને સમય શુભ રહે. નવી નોકરીની શોધમાં સંતોષકારક જવાબ મળશે. પ્રમોશન મળશે. બદલી થાય. વિદેશમાં નોકરી કરવા ઈચ્છુકને સમય મધ્યમ રહે. સરકારી કર્મચારી માટે સમય શુભ નથી. સરકારી કાયદાથી પરેશાની રહેશે. વેપારીવર્ગને પરિવર્તનશીલ સમય બતાવે છે. વેપાર વૃદ્ધિ માટે નવા નવા ગોરખધંધા શોધવા પડે. ક્યાંક સરકારી સકંજામાં આવી ના જાય તેની સાવધાની રાખવી. સરકારી નીતિ-નિયમને ધ્યાનમાં રાખી વેપાર કરવાથી લાભ થાય. આ વર્ષે વેપારમાં અણધારો સારો લાભ થઈ શકે.

આર્થિક સ્થિતિઃ- આ વર્ષે લક્ષ્મીના વૈભવ લક્ષ્મીનું સ્વરૂપ આપનું આંગણું દિપાવશે. દ્રવ્ય સુખમાં વધારો થાય. નાણાભીડ દૂર થાય અને આવકના સ્રોત નવા મળશે. શૅર-લોટરીમાં જોખમ ના કરવું. - વડીલ અને પરિવારના સહકારથી ધનલાભ થાય. મિત્રોથી નાણાકીય લાભ થાય. વેપારમાં ભાગીદારથી ધનલાભ થાય. સ્થાવર મિલકત પાછળ ખર્ચા વધશે.

સ્થાવર સંપત્તિ સુખઃ- આ વર્ષ મકાન-વાહનને લગતા પ્રશ્નો ગૂંચવાતા જાય. નવી સ્થાવર મિલકતમાં અડચણો આવે. વાહનને નુકસાન થાય. વિદેશમાં મિલકત હશે તો વહેંચવા કે ગિરવે મૂકવાનો સમય આવે. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય.

શત્રુ-મિત્રવર્ગઃ- આ વર્ષે મિત્ર હોય તો દુઃ-ખમાં આગળ હોય. સુખમાં પાછળ રહે. તેવા અનુભવ થાશે. વિશ્વસનીય કાર્ય કરશે. મિત્રોથી નાણાકીય લાભ થાય. વેપારમાં વિશ્વાસે વહાણ ચલાવજો. મિત્રોથી પૂર્ણ સહકાર મળશે. શત્રુ વર્ગથી માઠા અનુભવ થાય. મીઠાબોલા શત્રુને ઓળખવા મુશ્કેલ બનશે. કોર્ટ-કચેરી થાય. કાયદાનો ભંગ કરનારને મોટી સજા કે જેલવાસ ભોગવવો પડી શકે. જન્મના ગ્રહો સાનુકૂળ હશે તો શત્રુ વિજયી બનશો.

અભ્યાસઃ- વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં ખૂબ જ મહેનત માગી લે તેમ છે. માતા સરસ્વતીને પ્રસન્ન કરવા મુખપાઠ મોઢે કરવા જરૂરી રહેશે. ઉચ્ચ અભ્યાસમાં પાસ થવાના ફાંફાં ના પાડે તે જોશો. વર્ષારંભથી પૂર્ણ ધ્યાન અભ્યાસ તરફ રાખવાથી ધાર્યા પરિણામ મેળવશો.

(૧) કારતકઃ- આ મહિને વિવાહ-વેવિશાળ નક્કી થાય. કોઈ યોજના સાકાર કરી કશો. આવક વધશે. વેપારમાં વિશ્વાસઘાત થાય.

(૨) માગશરઃ- સ્થાવર મિલકતના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં સુખદ સમય રહે. નોકરિયાત વર્ગને બદલી થાય. મિત્રોથી લાભ થાય. કોર્ટના કાર્યમાં વિજય મળે.

(૩) પોષઃ- પરિવારમાં બગડેલા સંબંધો સુધરશે. આવક વધશે. વાણી દ્વારા વેપાર કરનારને ધનયોગ થાય. વારસાગત મિલકતોના પ્રશ્નો ઉકેલાશે.

(૪) મહાઃ- આ મહિનામાં નાની યાત્રા થાય. ધાર્યા પરિણામ આવશે. તમારુ ભાગ્ય તમને પૂર્ણ સાથ આપશે. જીવનમાં મધુરતા જળવાય. આરોગ્ય સારું રહે.

(૫) ફાગણઃ- આ મહિનામાં તમારા વેપારમાં ખાસ કાળજી રાખવી. માલ-સામાનમાં છેતરામણી થાય. સામાન ચોરાઈ ના જાય તેની તકેદારી રાખવી. વેપારમાં અપયશ મળે. નવા સ્થાવર મિલકતના હમણા સાહસ ન કરવા યોગ્ય રહે.

(૬) ચૈત્રઃ- મિત્ર વર્ગથી મનોરંજન-મોજ મસ્તીનો સમય પસાર થાય. વેપારમાં લાભ થાય. અગત્યના વ્યક્તિથી તમારા ન ધારેલ સરકારી કાર્યો પાર પડશે.

(૭) વૈશાખઃ- આ મહિને લાંબી યાત્રા થાય. વિદેશમાં સ્થાવર મિલકત વસાવી શકશો. મિત્રવર્ગથી વિવાદ ના કરવો. નોકરીમાં બદલી થાય. આરોગ્ય કથળે.

(૮) અધિક જેઠઃ- વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. પરિવારમાં આનંદમય વાતાવરણ રહેશે. વાણીથી વેપાર કરનારને ધનલાભ થાય. જૂના દેવામાંથી મુક્તિ મળે. મિત્રોથી ધન લાભ થાય. ધાર્મિક કાર્યો થાય.

(૯) જેઠઃ- આપના કાર્યની કદર થાય. પરિવારમાં આવકથી લાભ થાય. ઘરના સભ્યોનો સહકાર સરકારી કાર્યોમાં લાભ કરતા બનશે. શુદ્ધિ વિષયક કાર્યોમાં સરળતા મળે.

સહોદરો સાથે સંબંધો સુધરે. પ્રવાસયાત્રા સુખદ રહેશે. ભાગ્ય ચમકતું જોશો. વડીલોની મીઠી નજર મળે.


(૧૦) અષાઢઃ- તમારા બહાર જવાના પ્રયત્નોને સફળતા મળે. વિચારોની સ્થિરતા રાખવાથી કાર્ય દીપી ઊઠશે. સ્થાવર મિલકતના ગૂંચવેલા પ્રશ્નો ઉકેલાય. વેપારમાં વધારો થાય. દાંપત્યજીવનમાં મધુરતા રહે.

(૧૧) શ્રાવણઃ- આવક સાથે જાવક વધશે.યાત્રા અને કોર્ટના કાર્યોમાં ખર્ચા વધશે. વેપારમાં વિશ્વાસઘાત થાય. ભાગીદારથી નુકસાન થાય. વાણી પર સંયમ રાખવો.

(૧૨) ભાદરવોઃ- સ્થાવર મિલકતના પ્રશ્નો સરળ બનશે. વારસાગત મિલકતમાં આવક વધશે. નોકરીમાં ઉચ્ચ પદ મળે. આરોગ્ય સુધારા ઉપર રહે. શત્રુથી વિજય મળે. સંતાનોની પ્રગતિ થાય.

(૧૩) આસોઃ- મકાન-વાણી અંગે લોન પાસ થાય. સરકારી કાર્યો ખોરંભે ચડે. રાજકીય ક્ષેત્રે અપયશ મળશે. નોકરીમાં બદલી થાય. સહોદરો સાથે વિવાદ દૂર થાય.

આમ આ વર્ષેની લાભપાંચમ વર્ષ દરમિયાન કોઈને કોઈ ક્ષેત્રમાં લાભ કરાવતો રહેશે. સ્વતંત્રતા છતાંય શાંતિનો અનુભવ ઈશ્વરનું શરણમાં જ મળશે. પરિવારમાં તમારી પરીક્ષા થતી હોય તેમ અનુભવશો. મનને મનાવવા કરતાં સમજણથી જીવન જીવતા શીખી જશો તો સુખ-સમૃદ્ધિ અને શાંતિદાયક સમય પસાર કરશો.



## મિથુન
### ક, છ, ઘ

આપના માટે આ વર્ષ ખૂબ જ શ્રેષ્ઠ પુરવાર થાય. ગુરુ વર્ષની શરૂઆતથી પ્રથમ ભાવે સો ગુના માફ કરનાર કહ્યો છે. તારીખ ૧-૬-૨૦૨૬થી કર્ક રાશિમાંથી બીજા ભાવે આવતા શુભ ફળ આપનાર રહેશે. શનિ ગ્રહ વર્ષ દરમિયાન દસમા ભાવે રહે રહી કારકિર્દીમાં ઉતાર-ચઢાવ આપશે. રાહુ ભાગ્ય સ્થાને અને કેતુ ત્રીજા ભાવે શુભદાયી રહે છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ- વાયુ વિકારમાં વધારો થવાથી માનસિક અસ્વસ્થતા અનુભવશો. એકલતા અનુભવો. તમારા નિરાશા, અસફળતા જેવા શબ્દો પ્રયોગ મનમાં ઘરના કરવા ના દેશો. "જાન હૈ તો જહાન હૈ." આ ઉક્તિ યાદ રાખવી. વિચારોને સારા બનાવી અમલમાં મૂકવાથી માનસિક સ્થિરતા જળવાશે. સ્વસ્થતાનું અભિયાન વર્ષારંભથી શરૂ કરવું. શરીરને કષ્ટ આપવા કરતાં શરીરને સ્વસ્થ રાખવાના નુસખા અપનાવવા. આંખ-ગળાના દર્દો થાય. વડીલ વર્ગને આરોગ્ય અંગે કાળજી વધુ લેવી.

પારિવારિકઃ- પરિવારમાં સહપરિવારની ઈચ્છા પૂર્ણ થાય. લગ્ન કરવા યોગ્ય યુવાનોને શ્રેષ્ઠ સમય બતાવે છે. મનપસંદ પાત્ર પસંદગી કરી શકશો. સહોદર સાથે મતભેદ થાય.

નોકરી - વેપારી વર્ગઃ- નોકરિયાત વર્ગને આ વર્ષ મધ્યમ ફળદાયી રહે. ઉપરી અધિકારી તમારી કદર નહિ કરે પણ કાર્ય પ્રત્યે વફાદારી હશે તો ટકી શકશો. મોટી જવાબદારી માથે ના લેવી. ખોટા આક્ષેપોથી નોકરીમાં બરતરફ થવું પડે. સરકારી કાર્યોમાં કર્મચારીને વધુ સમય ખૂબ જ સંઘર્ષમય રહે. વેપારમાં વર્ષ શુભ રહે. તમારી મહેનત રંગ લાવશે. જોખમ -સાહસભર્યા વેપારમાં સફળતા મળે. નવો વેપાર કરવા માગતા હશે તો દિશા મળશે - અગત્યની લોન પાસ પણ થાય. વેપારમાં ભાગીદારથી લાભ થાય. હરીફો સામે ટકી શકશો.

આર્થિક સ્થિતિઃ- આ વર્ષે સોનાની ખાણ હાથમાં લાગે છે. તમારા નાણાંકીય સર્વ કાર્ય પૂરા થાશે. જૂના દેવામાંથી મુક્તિ મેળવશો. વાણીથી થતાં વ્યવસાયમાં ધનલાભ થાય. સરકારી ઈનામ/ પારિતોષિક રકમ મોટી મળી શકે. વયોવૃદ્ધને પેન્શન - કે પી.એફ.નું મોટું ભંડોળ આવી શકે. વેપાર-નોકરીમાં લક્ષ્મીની અપાર કૃપા બતાવે છે.

સ્થાવર સંપત્તિ સુખઃ- આ સમય સ્થાવર મિલકત માટે મધ્યમ રહે છે. જો તમારા રહેઠાણનું રિનોવેશન પૂર્ણ થવાનું હોય તો કે નવા નિવાસનું પઝેશન મળવાનું હોય તો વિલંબ બાદ પૂર્ણ થાય. શનિદેવની કૃપા હશે તો જ મકાન-વાહનના પ્રશ્નો ઉકેલાશે. વારસાગત મિલકત માટે બાંધછોડ કરવી પડશે.

શત્રુ-મિત્રવર્ગઃ- પીઠ પાછળ નિંદા કરનાર વર્ગથી ખૂબ જ સાવધાની રાખવી. કોર્ટના કાર્યમાં સફળતા મળે. જૂનાં કેસનો ગૂંચવાડો વધતો થાય. સમાધાની વલણથી સફળતા મળે. મિત્ર વર્ગથી કાર્યમાં સહાયતા મળે. મિત્રો સારા મળે ને સંબંધો સાચવી શકશો. નવી મિત્રતાથી લાભ થાય પણ નાણાંકીય વ્યવહાર ન કરવો યોગ્ય રહે.

અભ્યાસઃ- વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં ઉચ્ચપદ મળે. ઉચ્ચ ડિગ્રી મેળવશો- વિદેશમાં અભ્યાસ કરનારને માન-સન્માનને પાત્ર બનશો. મહેનતનું પૂર્ણ ફળ મળશે.

(૧) કારતકઃ- નોકરીમાં ઉચ્ચપદ અને બદલી થાય. કાયદાકીય સફળતા મળે. દાંપત્યજીવનમાં ખટરાગ વધતો જાય. સંતાનોથી વ્યાધિ વધશે. નાની યાત્રા થાય. આવક મળે.

(૨) માગશરઃ- પરિવારના પ્રશ્નો ઉકેલાય સહોદર સાથે મતભેદ થાય પણ મનભેદ નહિ થાય. આરોગ્ય સુધરે. જૂના રોગમાંથી મુક્તિ મળે. પ્રવાસ માટે શુભ સમય રહે. સાહસભર્યા કાર્યો થાય. રાજકીય ક્ષેત્ર સારો સમય રહે.

(૩) પૌષઃ- જીવનસાથીની શોધ પૂર્ણ થતી જણાય છે અને દાંપત્યજીવનમાં મધુરતા રહે. સમાજમાં નામના-ખ્યાતિ વધે તેવાં કાર્યો થાય. રાજકીય ક્ષેત્રે ઉચ્ચ હોદ્દો મળે. વેપારમાં વધારો થાય. વાયુ પ્રકૃતિના રોગથી બચવું.

(૪) મહાઃ- વાણીથી સંબંધો સાચવવા - સંયમ રાખવો. પડવા - વાગવા - આંખ -ગળાના રોગથી સાચવવું. નવી મિલકત વધે. આવકમાં વધારો થાય.

(૫) ફાગણઃ- શેર-લોટરીમાં ખોટા સાહસ ન કરવા. આ સમય ધીરજ અને શાંતિ માગી લે તેમ છે. મિત્રથી વિશ્વાસઘાત થાય. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય.

(૬) ચૈત્રઃ- વેપારમાં અવરોધ બાદ સફળતા મળે. મોટી યાત્રા સફળ થાય. રાચરચીલા યુક્ત નિવાસસ્થાન બનાવી શકશો. મોજશોખ - મનોરંજનયુક્ત સમય શુભ બતાવે છે.

(૭) વૈશાખઃ- સમાજમાં નામના પ્રતિષ્ઠા વધે તેવા શુભ કાર્યો થાય. મિત્ર વર્ગથી યશ મળે. વેપારમાં મોટા લાભ થાય. નવી યોજના સાકાર થાય. રાજકીય ક્ષેત્રે સફળતા મળે. ભાગ્યમાં પરિવર્તન આવે - સ્થાવર મિલકતમાં ખરીદી માટે શુભ સમય રહે.

(૮) અધિક જેઠઃ- આ સમય સંઘર્ષમય રહેશે. વિદેશ જવાની ઈચ્છા પૂરી થાય. વિદેશમાં સ્થાયી રહેવાની અરજી સ્વીકાર્ય થશે. આરોગ્ય કથળે. વિવાહયોગ્ય યુવાનોને સમય શ્રેષ્ઠ રહે છે.

(૯) જેઠઃ- સહોદરથી પ્રભાવભર્યા કાર્યો થાય. સરકારી કાર્યોમાં સફળતા મળે. બળ કરતાં કળથી કામ થશે. આવકનો વરસાદ અવિરત ચાલુ જ રહેશે.

(૧૦) આષાઢઃ- આ સમય આરોગ્ય સુધરતું જણાય. વડીલોને આરોગ્ય અંગે વધુ કાળજી લેવી. નહિતર હોસ્પિટલાઈઝ થવું પડે. નોકરીમાં ઉચ્ચ પદ મળે. સહકર્મચારી સાથે વિવાદ દૂર થાય. નેતૃત્વ શક્તિથી સર્વકાર્યો સરળતાથી પાર પડશે.

(૧૧) શ્રાવણઃ- આ માસમાં રોગ-શત્રુને દૂર કરવા કમર કસવી પડે. ખાન-પાનમાં પરેજી રાખવી. માનસિક સ્થિતિ અશાંતિ જણાય. પરિવારની આર્થિક જવાબદારી વધતી જાય. પ્રવાસ ન કરવો.

(૧૨) ભાદરવોઃ- તમારા માટે સાહસભર્યો સમય રહે પણ તમે જોયા વગર કૂવામાં પડશો તો તકલીફમાં તો મુકાશો માટે પાણી પહેલા પાળ બાંધી પછી કોઈ સાહસ વેપાર - નોકરી કોઈપણ કાર્યમાં કરશો તો સફળતા મળશે.

(૧૩) આસોઃ- આ માસમાં આવકના ખર્ચનું બજેટ જળવાશે. સંતાનોની પ્રગતિ થાય. શેર-લોટરી ધન લાભ થાય. પરિવારમાં શાંતિ જળવાય. ભાગ્યમાં અવરોધ બાદ સફળતા મળે.

આમ આ વર્ષ રણમાં મૃગજળ સમાન રહે. ચાતક પક્ષી પાણીની તરત તૃષા સંતોષવા સ્વાતિ નક્ષત્ર વરસતા વરસાદનું પાણીની રાહ વર્ષભર જોવી પડે છે તેમ સારા સમયને સમજવા અને સારો સમયને સાચવવા તમારે જાતે જ મન પર નિયંત્રણ કરવું પડશે.



## કર્ક
### ડ, હ

આપની રાશિમાં વર્ષ દરમિયાન ગુરુ પ્રથમભાવે રહે છે. ૫-૧૨-૨૦૨૫થી વક્રી ગુરુ બારમા ભાવે રહે છે. મધ્યમ ફળદાયી રહેશે. રાહુ આઠમા ભાવે ભ્રમણ કરે છે. તે શુભ ફળ આપનાર નથી. શનિદેવ ભાગ્ય ભાવે રહે છે જે સુખફળ આપનાર જાહેર-જીવન માટે રહે છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ- આવનારું વર્ષ તમારી માનસિક સાથે લાગણીને જોડતા તમે મનની સ્થિતિને સુધારી શકશો. વધુ પડતી લાગણી ઊધઈને જેમ લોકો તમારો લાભ ન લે જોશો. પરિવારમાં તમારા વિચારોનું મહત્ત્વ-માન નહિ મળે. તમારું સ્વમાન ઘવાય તેવું લાગે જે મનની વ્યગ્રતા વધારશે. વડીલો સાથે ચર્ચા કરવી પણ નિર્ણય તમારે મનથી લેવો. સમાજમાં મનોબળ મજબૂત રાખીને કાર્ય કરશો તો સ્થાન તમારું ટકાવી શકશો. મન હોય તો માળવે જવાય, આ ઉક્તિ પ્રમાણે તમારી મરજી મુજબ જીવવાનું પસંદ કરવું. બીજાની સમસ્યા હલ કરવા જતા તમારા મનોવિરુદ્ધ કાર્ય ન કરવા યોગ્ય રહે.

શારીરિક આરોગ્ય મધ્યમ રહે. નાની મોટી બીમારીથી શરીર વણાય જશે. તમારો ભ્રમ હશે કે મને મોટી બીમારી છે પણ વાયુ પ્રકૃતિના રોગ શરીરમાંથી રજા નહિ મળે. અથાક પરિશ્રમ-કસરત-વ્યાયામ તમને વાયુ જન્ય રોગથી છોડાવી શકે. પેટને લગતી બીમારીથી સાચવવું.

પારિવારિકઃ- પરિવારમાં ત્યાગની ભાવના અને તમારી સામે ખોટું થતું હશે છતાંય આંખો બંધ કરી ચાલતા રહેશો તો પરિવારમાં મૂક સભ્યથી શાંતિ કેળવી શકશો. પરિવારમાં વડીલોથી મનદુઃ-ખના પ્રસંગો બને. જીવનસાથી સાથે મધુરતા રહે. વિવાહ યોગ્ય યુવાનો માટે સમય ઉત્તમ રહે. સંતાનોને લગતા પ્રશ્નો ગૂંચવાતા જાય માટે સંતાનોની કાળજી લેવી.

નોકરી-વેપારી વર્ગઃ- આ વર્ષે નવી નોકરીની શોધ પૂર્ણ કરી શકશો. ધાર્યા પ્રમાણે નોકરીમાં પદ પ્રાપ્ત થાય. તમારા ઉપરી અધિકારી સાથે સમાધાન થઈ સંબંધોમાં સુધારો થાય. સહકર્મચારીનો સહયોગ સારો સાંપડે. સરકારી કર્મચારીને નોકરીમાં યશ મળે.

વેપારમાં સમય મધ્યમ રહે. વધુ પડતું જોખમ વેપારમાં ન કરવું. અજાણ્યા વ્યક્તિ સાથે વેપારમાં માલ-સામાનની આપ-લે વિચારી અને સાવધાની પૂર્વક કરવી. વેપાર સરકારી કાયદા-નીતિને અનુરૂપ કરવા. સરકારી સજા કે ટેક્ષની બાબતે ફસાઈ જાવ. નવા ઉદ્યોગનું સાહસ ન કરવું યોગ્ય રહે.

આર્થિક સ્થિતિઃ- આ વર્ષે એક સાંધતા તેર તૂટે જેવી સ્થિતિ સર્જાય. દેવું-કરજ થઈ શકે. પરિવારમાં નાણાભીડ અનુભવો. ખોટા ખર્ચા ઉપર કાબૂ રાખવો. કાયદા પાછળ નાણાં ખર્ચ થાય અને પરિવાર પાછળ ખર્ચ થાય. નોકરીમાં લોન પાસ થાય. લોન દ્વારા દેવું પૂર્ણ થાય. ઘરમાંથી ચોરી-લૂંટ દ્વારા નકદ નાણાં જાય જો જન્મના ગ્રહ પણ અશુભ ફળ આપી ગોચરના ગ્રહ સાથે ફળ આપતા હશે તો. ઘરમાં નોકરવર્ગથી ચોરી બાબતે સાવધાની રાખવી.

સ્થાવર સંપત્તિ સુખઃ- જમીન-મકાન-વાહન સુખ આ વર્ષે છે. મકાનમાં રીનોવેશન કરશો. તમારા વારસાગત મિલકતના પ્રશ્નો વણઉકેલ્યા રહેશે. મિલકતને લઈને લોન પાસ થઈ શકશે.

શત્રુ-મિત્ર વર્ગઃ- મીઠાબોલા શત્રુ ઊભા થાય. તમારે મીઠા શત્રુને ઓળખવાનો છે. કોર્ટ કચેરીમાં સમાધાનથી વિજય મેળવશો. જૂના કેસની સુનાવણી તમારી તરફી આવશે. મિત્રવર્ગથી સારા સંબંધો રહેશે. સારા મિત્રોની પરખ સાથે સાચા મિત્રોની કસોટી પણ કરી શકશો. મિત્રથી વેપારમાં સફળતા મળશે. અગત્યની ઓળખાણ દ્વારા તમારાં ન ધારેલાં કાર્યો મિત્રોથી પતાવટ થશે.

અભ્યાસઃ– અભ્યાસ માટે આ વર્ષ ઉત્તમ રહે. તમારા ધાર્યા પરિણામની રાહ જોતા હશો તો આ વર્ષે જોઈ શકશો. સરસ્વતી માતાની અપાર કૃપા થશે. ઉચ્ચ ડિગ્રી માટે સારી લાઈન અભ્યાસની પસંદ કરશો.

(૧) કારતકઃ– સહોદરથી ધન લાભ થાય. જીવનસાથીની સાથે સંવાદિતતા રહે. સંતાનોની પ્રગતિ થાય. અભ્યાસુ વર્ગને વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. નોકરીમાં યશ મળે.

(૨) માગશરઃ– સ્થાવર મિલકતમાં ખરીદી થાય. નવા મકાન–વાહનની ખરીદી–વેચાણનાં કાર્યોમાં સફળતા મળે. લાંબી મુસાફરી થાય. આરોગ્ય સુધરે.

(૩) પોષઃ– શૅર–લોટરીથી લાભ થાય. નાણાભીડ દૂર થાય. વિદ્યાર્થી વર્ગને અન્ય પ્રવૃત્તિમાં ઈનામ/પારિતોષિક મેળવો.

(૪) મહાઃ– આ માસમાં નોકરિયાત વર્ગને બરતરફ થાય કે બદલી થાય. નોકરીમાં આવક વધશે. અગત્યની લોન પાસ થઈ શકશે. શત્રુઓની પીછેહઠ થાય. સંતાનોની પ્રગતિ થાય. અભ્યાસુ વર્ગને સફળતા મળે.

(૫) ફાગણઃ– દામ્પત્ય જીવનમાં ખટરાગ રહ્યા કરે. સમાજને લગતાં કાર્યોમાં અપયશ મળે. વેપારમાં ભાગીદાર હશે તો ભાગીદારી છુટી થાય. આવકનો સ્રોત જળવાય. સરકારી દંડ/સજામાંથી મુક્તિ તો જ મળશે જો તમે સાચા હશો તો નહિતર ભગવાન પણ છોડાવા નહિ આવી શકે.

(૬) ચૈત્રઃ– આ સમય વાહન અક્સ્માતથી સાચવવું. મકાનના ખરીદ–વેચાણના વેપારમાં નુકસાન થાય. આવક કરતાં ખર્ચા વધશે. વાણીથી વેપાર કરનારને લાભપ્રદ સમય રહે. પરિવારમાં સુખદ પળો માણી શકશો.

(૭) વૈશાખઃ– આ સમય ભાગ્ય સાથ આપે છે. નાણાભીડ દૂર થતી જણાય. મિત્રોથી ધન લાભ થાય. આરોગ્ય સુધરે. સમાજમાં નામના પ્રતિષ્ઠા વધે તેવાં કાર્યો થાય.

(૮) અધિક જેઠઃ– વેપારમાં પ્રગતિ થાય મિત્રોથી લાભ અને સુખદ પળો માણી શકો. આવક વધે સાથે મનોરંજનમય સમય પસાર થાય. રાજકીયક્ષેત્રે સફળતા મળે.

(૯) જેઠઃ– લાંબી યાત્રા થાય. નાણાં ખર્ચ પ્રવાસ પાછળ થાય. નોકરીમાં સન્માન મળે. વિવાહિત જીવનની સુખદ પળો માણી શકો. વિવાહયોગ્ય યુવાનો માટે વેવિશાળ નક્કી થાય. વેપારમાં ઉચ્ચ શિખરે બિરાજમાન થાય. આંખના, ગળાના રોગ થાય.

(૧૦) અષાઢઃ– સમય સારો છે વાણી પર સંયમ રાખવો રાજકીયક્ષેત્રે સફળતા રહેશે. નવી નોકરી મળવાની શોધ પૂર્ણ થાય. વેપારમાં મોટી વગ ધરાવનાર વ્યક્તિથી વિશ્વાસઘાત ના થાય તેની સાવધાની રાખવી. વેપારમાં હિસાબનો મેળ જોતા રહેવું.

(૧૧) શ્રાવણઃ– પરિવારની જવાબદારી વધતી જાય. વિદેશથી પરત આવનાર માટે શુભ સમય રહેશે. દામ્પત્યજીવનમાં સમાધાન થાય. કોર્ટનાં કાર્યોમાં રાહ જોવી પડે. આરોગ્ય કથળે. ગરમીના રોગ થાય.

(૧૨) ભાદરવોઃ– પરિવારમાં વાણી પર સંયમ રાખવું. ખપ પૂરતું જ બોલવું તો જ તમારી કદર થશે. વડીલોની તબિયત બગડે. સમાજનાં કાર્યોમાં કલંક લાગે નહિ માટે મોટી જવાબદારી ના લેવી યોગ્ય રહે.

(૧૩) આસોઃ– તમારા સાહસ ભરેલા કાર્યોથી આનંદમાં રહેશો. વાણીથી સંબંધો સુધરે. આવક વધશે. વિવાહિત જીવનમાં સંવાદિતતા વધે. સહોદર સાથે મતભેદ થાય.

આમ આ વર્ષે જેવા કર્મ કરો તેવા ફળ ભોગવશો. આ વાક્યને યાદ રાખી સારા કર્મ કરવાની ટેક રાખવી. તમારા મનની હકારાત્મકતા વિચાર જ સારાં કાર્યો કરાવશે. ધાર્મિક પુસ્તકોનું વાંચન તમારા જીવનમાં ઘણું જ પરિવર્તન આપશે.



## સિંહ
### મ, ટ

વર્ષની શરૂઆતમાં ગુરુ અગિયારમા ભાવે રહે છે. તારીખ ૧–૬–૨૦૨૬થી બારમા ભાવે ગુરુગ્રહ ભ્રમણ કરશે. જે મધ્યમ ફળદાયી રહેશે. ધાર્મિક યાત્રા કરાવે. શનિ મહારાજની નાની પનોતી લોખંડના પાયે શરૂ થઈ છે જે કર્મરૂપી સાથે લટકતી તલવાર જેવી રહેશે. આઠમા ભાવે શનિદેવ જીવતા નરક જેવી સ્થિતિ આપશે, પણ કર્મ જો સારા અને સાચા હશે તો શનિ તમારું કાંઈ જ બગાડી નહીં શકે. રાહુ વર્ષની શરૂઆતથી સાતમા ભાવે રહી દેહ ભુવનને જુએ છે અને કેતુ પ્રથમ ભાવે રહે. જીવનની પરિવર્તન નોંધ કરાવી રહેશે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– દેહ ભુવને કેતુ તમારા આધ્યાત્મિક માર્ગને મોકળો બનાવે છે. મન તો ઈશ્વરનું શરણું લેવા જાશો તો બેડો પાર થઈ જાશે પણ માયાવી દુનિયાની પંચાતમાં ફસાઈ જાશો તો મનથી નિરાશા – ભાંગી પડશો. જીવન જીવવા માટે નવસર્જન અને પરિવર્તન જરૂરી છે. આ વાક્ય પ્રમાણે તમારે વર્તણૂક બદલાવી પડશે. કોઈ મનબળોને પાછું પાડવા ઈચ્છે તો તમે હાર ન માનતા પ્રયત્ન ચાલુ જ રાખશો. મનની ઈચ્છા અને આશાને જીવંત રાખવા પ્રયત્ન ચાલુ જ રાખવા. તો માનસિક સ્થિતિ સારી રહેશે.

આરોગ્ય માટે આ વર્ષ અવારનવાર ડૉક્ટરની મુલાકાત લેવી પડશે. દવા લાંબો સમય ચાલે તેવો સમય સૂચવે છે. પિત્ત પ્રકૃતિજન્ય – ચામડીના રોગ થાય. માથેના મારી મુકશો. પેટને લગતી બીમારીમાં આહાર–વિહારમાં ખૂબ જ ચીવટ માગી લેશે. વયોવૃદ્ધને તબિયત અંગે ખૂબ જ કાળજી લેવી પડશે.

પારિવારિકઃ– શનિ ગ્રહની દૃષ્ટિ પરિવારના સ્થાને રહેશે. અને શનિદેવ કર્મના ફળ પરિવાર અને શરીરથી વધુ આપે છે. માટે આ વર્ષ પરિવારની સાંકળમાંથી છૂટકારો નહીં મળે. સહપરિવાર યાત્રા–ધાર્મિક પ્રવાસ કરી શકશો. વડીલો તમારી સેવા લેશે. દાંમ્પત્ય જીવનમાં નાની બાબતે ચકમક રહ્યા કરશે. વિવાહ કે સગાઈ થવાના હોય તેમણે ખાસ વર્તણૂકમાં ધ્યાન રાખવું નહીંતર ફોક થઈ શકે છે. સંતોનાની પ્રગતિ થાય. સંતાન અંગેની ઈચ્છા પૂર્ણ થાય. પરિવારથી તમે કપરા સમયને પાર કરી જશો. કુટુંબના સભ્યોની મદદ અને સહાકરથી સુખદ પળો વર્ષમાં માણી શકશો.

નોકરી – વેપારી વર્ગઃ– નોકરિયાત વર્ગને વર્ષ શુભ રહે. ઉપરી અધિકારી સાથે સમાધાન થાય. આવક વધશે. કાયમી નોકરી મળી શકે. તમારા સરકારી પગાર લેવાના સ્વપ્નો સાકાર થતાં જોશો.

વેપારમાં સમય સારો રહે. પણ વિશ્વાસઘાતથી સાવધાની રાખવી. ભાગીદારીથી દગો થાય. અજાણ્યા વ્યક્તિથી છેતરામણી થાય. વેપારી વર્ગને સમયસૂચકતા વાપરી યોગ્ય નિર્ણય કરવો પડશે. નવા વેપાર માટે સમય મધ્યમ રહે.

આર્થિક સ્થિતિઃ– આવક માટે વર્ષ શુભ છે. લક્ષ્મીજીના પગલાં તમારા આંગણે દિવાળીએ પધરામણી કરશે. નાણાકીય દૃષ્ટિએ વર્ષ શુભ છે. ધાર્મિક યાત્રા ઘણી જ થાય. તેની પાછળ નાણાં ખર્ચા થાય. ભાવિની બચત કરી શકશો. સ્થાવર મિલકત માટે લોન મેળવશો. ખોટા ખર્ચા પર કાબૂ મેળવી શકશો. આકસ્મિક ધનલાભ સારો થાય. વર્ષની મધ્યમાં થોડો કપરો સમય નાણાકીય રીતે રહેશે.

સ્થાવર સંપત્તિ સુખઃ– નવા વાહન – મકાન અંગેની ખરીદી થાય – તમારા નવા મકાનમાં જવાની ઈચ્છા પૂર્ણ થાય. વારસાગત મિલકતનો ઉકેલ સમાધાનથી આવશે. તમારા જૂના કોર્ટમાં ગયેલ મિલકતના કાર્યો પૂર્ણ થાય. તે અંગે જરૂરી લોનો પણ મેળવી શકશો. નવા મોટા વાહનની ખરીદી થાય.

શત્રુ – મિત્રવર્ગઃ– મીઠાબોલા – છુપા શત્રુઓ વધશે. તમારી ગુપ્ત બાબતો રાખવી પડશે. વિચિત્ર અનુભવ શત્રુ તરફથી થાશે. માટે 'બંધ મુઠ્ઠી લાખની ખોલી તો રાખની'' આ ઉક્તિને ધ્યાનમાં રાખવી. તમારે શત્રુ આગળ કે મિત્ર આગળ મૂક પ્રેક્ષક બનીને રહેવાનું છે. શત્રુ તમારો જાણતા હશો છતાંય ચૂપ રહેવું. સમયની રાહ જોવી યોગ્ય રહે.

મિત્ર વર્ગથી સમાધાનની ભાવના રાખવી. જૂના મિત્રો સાથે ફરી સારા સંબંધો બંધાય. મિત્રોથી ધનલાભ થાય. મિત્રો સાથે મોજ–મસ્તી આનંદની પળો માણી શકશો.

અભ્યાસઃ– વિદ્યાર્થી વર્ગને પરીક્ષામાં પાસ તો થઈ જાશો પણ મહેનત માગી લે તેમ છે. અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. સારી લાઈન અભ્યાસ માટે યોગ્ય દિશા મળી શકશે અને નક્કી કરેલ દિશામાં અભ્યાસની શરૂઆત કરી શકશો.

(૧) કારતકઃ– સ્થાવર મિલકતની ખરીદી થાય. વારસગત મિલકતમાં ધનખર્ચ થાય. નિર્ણય શક્તિનો અભાવ રહેશે. વેપારમાં મધ્યમ ફળ મળે.. નોકરીયાત વર્ગને લાભપ્રદ સમય રહે.

(૨) માગશરઃ– લાંબો પ્રવાસ થાય. મોજ–મનોરંજનયુક્ત સમય પસાર થાય. આરોગ્ય સુધરે. નોકરી અર્થે બહાર જવાનું થાય.

(૩) પોષઃ– શૅર–લોટરીથી લાભ થાય. સંતાનોની પ્રગતિ થાય – સંતાન અંગેની ઈચ્છા પૂર્ણ થાય. તમારા અભ્યાસમાં ધાર્યા પરિણામ મેળવી શકશો. ખાન–પાનમાં પરેજી રાખવી.

(૪) મહાઃ– આ સમય શત્રુ–મિત્રને ઓળખવા અઘરા બનશે. જૂના દેવામાંથી મુક્તિ મળે. કોર્ટના કાર્યમાં સફળતા મળે. નોકરી ઉચ્ચપદ – પ્રમોશન મળે – નોકરીમાં બદલી કે નોકરી તમે બદલવા ઈચ્છતા હોય તો સફળતા મળશે.

(૫) ફાગણઃ– આ સમય જાહેર જીવનમાં સંકળાયેલા હશો તો તમારે ખૂબ જ સાવધાની રાખવી પડશે. અપયશ મળે કે કંલકિત થવું પડશે. દાંમ્પત્ય જીવનમાં છૂટાછેડા સુધીની વાત આગળ વધી ના જાય તેની મર્યાદા રાખશો. નોકરીમાં તમારું સ્થાન ટકાવી શકશો. તમારી પીઠ પાછળ નિંદા કરનાર શત્રુ તમારું કશું બગાડી નહીં શકે. ચડવા–વાગવાથી સાચવવું.

(૬) ચૈત્રઃ– જીવનસાથી સાથે વિવાદ ન કરવો. સમયને માન આપી શાંતિથી સમય પસાર કરવો. જીવનસાથીની આરોગ્ય અંગે તકલીફ વધશે. શસ્ત્રક્રિયા થાય. રાજકીય ક્ષેત્રે સ્થાન ભ્રષ્ટ થાય કે પદથી વિમુક્ત થવું પડે.

(૭) વૈશાખઃ– આ સમય આવકની બાબતે શુભ છે. તમારી નાણાકીય અટકેલા કાર્યો પૂરા થાય. વાણીથી સંબંધો બગડે. ભાગ્ય સાથે આપે. તમારા સરકારી ખોરંભે ચડેલા કાર્યો એકાએક પૂર્ણ થાય. રાજકીય ક્ષેત્રે સ્થિતિ ડહોળાયેલી જ રહેશે. પણ તમારા પદ પ્રમાણે કાર્યથી મુક્ત ના થવું.

(૮) અધિકઃ– જેઠઃ– વેપારમાં પ્રગતિ થાય. નવી દિશા મળે. મિત્રોથી લાભ થાય. નોકરીમાં મિત્રોથી શુભ સમય રહે. પરિવારમાં આનંદમય સમય પસાર થાય. દાંમ્પત્ય જીવનમાં સુગમતા રહેશે.

(૯) જેઠઃ– નાની–મોટી ધાર્મિક યાત્રા સુખદ રહેશે. વિદેશમાં મિલકત વસાવવાનો વિચાર શુભ રહેશે. તમારી વેપાર માટેની યોજના સાકાર થતી જણાય.


(૧૦) અષાઢઃ– તમારી મોટા વગ ધરાવનાર વ્યક્તિની ઓળખાણ થાય અને મિત્રતામાં ફેરફાર થાય. વેપારમાં ભાગ્ય સાથ આપે છે. વેપારમાં પ્રગતિ જોઈ શકશો. સમાજમાં ઉચ્ચ પદ ધરાવનાર વ્યક્તિથી લાભ થાશે. બુદ્ધિથી સરકારી કાર્યોમાં સફળતા મેળવશો.

(૧૧) શ્રાવણઃ– આ સમય સપરિવાર યાત્રા પ્રવાસ માટે શ્રેષ્ઠ રહેશે. નોકરિયાત વર્ગને સમય શુભ રહેશે. વેપારમાં યશ કીર્તિ વધે તેવા કાર્યો થાય.

(૧૨) ભાદરવોઃ– તમારા ધારેલા સર્વ કાર્યો પૂર્ણ થથા જણાય. આરોગ્ય અંગે પડવા વાગવાથી કાળજી લેવી. સ્થાવર મિલકતમાં લાભ થાય. સહોદરથી મોજ–મનોરંજન મેળવો.

(૧૩) આસોઃ– આ સમય જીવનસાથી સાથે સમાધાનથી પાર કરવાનો છે. નોકરીમાં ઉપરી અધિકારી સાથે વિવાદ થાય. સાહસભર્યા કાર્યો થાય. નાની–મોટી યાત્રા ઘણી જ થશે. પરિવારથી આર્થિક ધનલાભ થાય. આરોગ્ય કથળે.

આમ આ સમય બંધનમાં હશો, પણ પરિવારથી મિત્રથી – સમાજ, કોઈપણ ક્ષેત્રમાં કાર્ય કરવામાં સાંકળ તમને ભરાયેલી રહેશે. તમારે બંધ સાંકળે તાળું ખોલી રહેવાનું છે. પરિવારમાં અનિચ્છનીય બનાવ બનશે પણ હરિ ઈચ્છા માની લેવી પડશે. રાજકીય ક્ષેત્રે કાટાળો મુગટ તમને પહેરાવશે અને પગમાં સાંકળ બાંધેલી હોય તેવો અનુભવ તમે તમારા પદ પરથી નક્કી કરશો. કુદરતના સાંનિધ્યમાં વ્યાધિ–ઉપાધિ બધું જ ભૂલી સમય સાથે સમાધાન કરી લેવું યોગ્ય રહેશે.



## કન્યા
### પ, ઠ, ણ

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ ગુરુગ્રહ દસમા ભાવે રહે છે જે તા. ૧–૬–૨૦૨૬થી અગિયારમાં ભાવે કર્ક રાશિમાં ભ્રમણ કરશે. શનિ દેવ સાતમા ભાવે અને રાહુ વર્ષારંભથી છઠ્ઠા ભાગે અને કેતુ બારમા ભાવે સ્થિર છે. જે મધ્યમ ફળ આપનાર છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– આ વર્ષે માનસિક રીતે એકલાપણું અનુભવશો. આ તમારો ભ્રમ છે, પણ માનસિક સ્થિતિ સારી પણ નહીં રહે. અશાંતિ – વ્યગ્રતાથી અને સતત વિચારશીલ મન તમારા મનને અસ્વસ્થ બનાવી શકે છે. તમારે ઉત્સાહભર્યા વાતાવરણમાં રહેવા અને આનંદ – ઉલ્લાસમય રહેતા વ્યક્તિના સંપર્કમાં રહેવું જરૂરી બનશે. વયોવૃદ્ધે આધ્યાત્મિક તરફ પ્રયાણ કરવું યોગ્ય રહે. માનસિક સ્વસ્થ થવા દવા લેવાની ન થાય તેવા હકારાત્મક વિચારો અપનાવશો.

શારીરિક આરોગ્ય મધ્યમ રહે. હૃદય–છાતીના દર્દો થવાની શક્યતા છે. પ્રેશરની બીમારી આવી શકે. પેટમાં વાયુ વિકાર વધી શકે. શરીરમાં વાયુનું શમન થાય તેવા ઉપચાર કરવાથી નિરોગી બની રહેશે.

પારિવારિકઃ– પરિવારમાં સુખ – શાંતિ – સમૃદ્ધિ હશે. પણ તમને સંતોષ મળશે નહિ. રચનાત્મક કામ અને વડીલોની સાથે બેસી વાત કરવાથી પરિવારની મુશ્કેલીનો અંત આણી શકશો. દાંમ્પત્ય જીવનમાં મીઠા ઝઘડા થાય. મોટી તકલીફ નથી. જીવનસાથીના આરોગ્ય અંગે કેર લેવી યોગ્ય રહેશે.સંતાન અંગેના પ્રશ્નો ઉકેલાય. વિવાહ કે સગાઈ થવાની હોય તેવા યુવાનોને વાણી–વર્તણૂકમાં સુધારો કરવો યોગ્ય રહેશે.

નોકરી–વેપારી વર્ગઃ– આ વર્ષે રોજગારી શું કહેવાય અને બેકારીમાં કેવી દશા થાય તેવા અનુભવ કરી શકશો. ચાલુ નોકરીમાં ખૂબ જ કાળજી લેવી. ખોટી ટીકા–નિંદાથી ગેરસમજ ઊભી થઈ શકે છે. તમારી વધુ પડતી જવાબદારી નોકરીમાંથી બરતરફ કરાવશે અને જે છે તેમાં સંતોષ માની નવી નોકરી માટે પ્રયત્ન ન કરશો. 'ચડતા રોટલાને પાટું મારવાથી' પસ્તાવું પડશે. સરકારી નોકરિયાતને સસ્પેન્ડ થવું પડે. તમારા નોકરીના હક્ક માટેના પ્રશ્નો હલ થશે નહિ. માટે તમારા હોદ્દા પ્રમાણે કાર્યભાર સંભાળી લેવો યોગ્ય રહેશે. વેપારમાં જ્યાં હાથ નાખશો ત્યાં સોનાની ખાણ જ હાથ લાગશે. ટુંકમાં વેપારમાં ખૂબ જ પ્રગતિદાયક સમય રહેશે.

આર્થિક સ્થિતિઃ– આપના આ વર્ષનું બજેટમાંથી જમા પાસુ સારું સૂચવે છે. નાણાકીય સમય શ્રેષ્ઠ છે. જૂની ઊઘરાણી પરત આવશે. વિદેશથી ધન લાભ થાય. ખર્ચા સામે આવક ટકી શકશે. શૅર લોટરીથી ધનલાભ થાય. આકસ્મિત ધનલાભ છે. દ્રવ્ય સુખ વધશે.

સ્થાવર સંપત્તિ સુખઃ– આ વર્ષ 'એક મહલ હો સપનો કા' વાક્ય પ્રમાણે તમારા ઘરનાં ઘરની ઈચ્છા પૂર્ણ થાય. નવું મકાન લઈ શકશો. મોટું વાહન ખરીદી શકશો. તેના માટે જરૂરી લોન પાસ થઈ શકશે. રાચ–રચીલાયુક્ત સુંદર નિવાસસ્થાન ધરાવશો.

શત્રુ–મિત્રવર્ગઃ– આ વર્ષ તમારે છુપા શત્રુ અને સામસામે શત્રુતા દર્શાવતી વ્યક્તિઓ વધતા જણાશે. શત્રુથી ભય કે ત્રાસ ના થાય માટે મૌનવ્રત ધારણ કરવું અને ચુપચાપ તમારા કાર્યમાં સતત પ્રવૃત્તિશીલ રહેવું યોગ્ય રહે. જૂના કેસમાં વિજય મળે. શત્રુઓની પીછેહઠ ત્યારે થાય જ્યારે તમારી ચાલ – વિચાર અને તમે શું કરવા માગો છો તે કળી ન શકે.

મિત્રવર્ગથી મીઠાબોલા બહારના સંબંધો રાખવા. તમારા જીવનના અગત્યના પ્રશ્નોના બધા જ પાનાં મિત્રો સામે ના ખોલશો. વિશ્વાસઘાત થાય તેમ છે. મિત્રોથી નાણાકીય વ્યવહાર ના કરવા.

અભ્યાસઃ– વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં મહેનત કરશે તો શુભ પરિણામ મળશે જ. ઉચ્ચ અભ્યાસમાં મહેનત તમારી રંગ લાવશે જ.

(૧) કારકતઃ– વિવાહ માટે વાતચીત ચાલતી હશે તો આ સમયે 'હા'માં જવાબ મળશે. પરિવારની સંપૂર્ણ જવાબદારીથી દબાયેલા રહેશો. ન ધારેલા સાહસ દ્વારા સફળતા મેળવશો.

(૨) માગશરઃ– વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. ત્યાં જવાની ફાઈલમાં તમારું ધાર્યું ફળ મળશે. સહોદર સાથે બાંધછોડ કરશો તો સંબંધો સુધારી શકશો.

(૩) પોષઃ– જમીન – મકાન – વાહન સુખની ઈચ્છા પૂર્ણ થાય. નવા વાહન ખરીદી શકો. ઘરમાં રાચ–રચીલાયુક્ત વસ્તુ વસાવી શકશો. વેપારમાં નવી મિલકત વસાવો. વેપારમાં વૃદ્ધિ થાય.

(૪) મહાઃ– વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં ઈત્તર પ્રવૃત્તિમાં આગવું સ્થાન મળે. સંતાનોની પ્રગતિ થાય. તેમના કાર્યો સિદ્ધ થતા જોશો. તમારે શૅર–લોટરીથી લાભ. મિત્રવર્ગથી લાભ – ધનલાભ થાય.

(૫) ફાગણઃ– નોકરીમાં અધિકારી સાથે મતભેદ થાય. વિવાદ વધે. ખોટા આળ કે કલંક લાગે તેમ છે માટે નોકરીમાં સાવધાની રાખવી. ઘરમાં નોકરવર્ગથી સાવચેતી રાખવી.ચોરી થવાનો ભય રહે.

(૬) ચૈત્રઃ– વિવાહિત જીવનમાં રથના પૈંડામાં હાલક – ડોલક થતા જોવા મળે. શંકા–વહેમથી દૂર રહેવું યોગ્ય રહે. જાહેર સમાજમાં અપમાનના ઘૂંટતા પીવા પડે તેમ છે. માટે મોટી જવાબદારી ના લેવી.

(૭) વૈશાખઃ– સગાઈ કે વિવાહ થવાના હોય તે માટે વાણી – વર્તન અને ક્રોધ પર કાબૂ રાખવો. ફોક થવાના યોગ છે. જીવનસાથીને શસ્ત્રક્રિયા થાય કે આકસ્મિક સંકટ ઊભું થાય. રાજકીય ક્ષેત્રે નુકસાન થાય. વેપારમાં ભાગીદારથી વિશ્વાસઘાત થાય.

(૮) અધિક જેઠઃ– વેપારમાં વધારો થાય. વારસાગત મિલકત મળે. ભાગ્ય સાથ આપે. પ્રવાસ થાય. સારા વર્ગના મિત્રોથી લાભ થાય. ભાગીદારીથી લાભ થાય.

(૯) જેઠઃ– વેપારમાં વધારો થાય. વિદેશને લગતી વસ્તુનો – આયાત – નિકાસ કરનારને ધનલાભ પ્રદાન કરનાર સમય રહે. મિત્રોથી સફળતા માટે મદદ મળે. વાણી પર સંયમ રાખવો. ખર્ચ ઓછા કરવા.

(૧૦) અષાઢઃ– આંખ – ગળાના – ચામડીના રોગમાં રાહત થાય. વેપારમાં પ્રગતિના પંથે જઈ રહ્યા છો. હરીફોથી આગળ વધશો. મિલકતમાં વધારો થાય.

(૧૧) શ્રાવણઃ– દાંમ્પત્ય જીવનમાં મધુરતા રહેશે. યુવાન વર્ગને સગાઈ/વેવિશાળ નક્કી થાય. નોકરિયાત વર્ગને બદલી થાય. આવકમાં વધારો થાય.

(૧૨) ભાદરવોઃ– વિદેશમાં જવાની ઈચ્છા પૂર્ણ થાય. ધાર્યા કાર્યો પાર પડતા જણાય. આવક વધશે. સરકારી કાર્યોમાં પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય કથળે.

(૧૩) આસોઃ– પરિવારમાં વાણી દ્વારા જૂના સંબંધો ફરી બંધાય. આવક વધશે. વિદેશથી લાભ થાય. પ્રવાસ – યાત્રા વ્યર્થ ભ્રમણ સૂચવે છે.

આમ આ વર્ષ આપના માટે ઊગતા સૂર્યની પ્રથમ કિરણ સોનેરી સપનાં સાકાર કરનાર રહે. પહાડ જેવું અણમન પર તમારો આત્મવિશ્વાસને ડગવા ના દેશો. પ્રભુ ભક્તિમાં જોડાયેલ મન તમારા શુભ કાર્યોને પારખી શુભ પરિણામ આપશે.



## તુલા
### ર, ત

આપની રાશિમાં સ્થિર ગ્રહો મુજબ ગુરુ ભાગ્યસ્થાને મિથુન રાશિમાં રહે છે. જે તા. ૧–૬–૨૦૨૬થી માર્ગી કર્ક રાશિમાં પ્રવેશી દસમા ભાવે સ્થિર થાય છે. ગુરુ આપને શુભ ફળદાયી રહેશે. શનિ ગ્રહ છઠ્ઠા ભાવે બળવાન રહી શુભ ફળ આપે છે. રાહુ પાંચમા ભાવે શુભ ફળ આપે છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– આરોગ્ય માટે આ વર્ષ મધ્યમ રહેશે. સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મન રહે છે. માટે ખાન–પાનમાં કુદરતનો નિયમ મુજબ કરવાથી મન અને શરીર બન્ને તંદુરસ્ત રહે છે. તમારા મગજના વિચારોને ખુલ્લી હવામાં શ્વાસ લેવા માટે છૂટા મૂકજો. મનમાંથી રાગ–દ્વેષ કે ભ્રમણાઓ, વહેમ–શંકાને તિલાંજલિ આપજો. તમારા માટે સૌ સમાન છે. સ્વભાન છોડી મનને મનાવી વર્તમાનમાં આનંદી જિંદગી જીવશો તો તન અને મન બન્નેમાં તાજગી અનુભવશો. ભૂતકાળને વાગળશો નહિ.

શારીરિક પેટને લગતી તકલીફ થાય. પગના ઘૂંટણના સાંધાની, કાનની, હાથમાં કોણીના ભાગમાં તકલીફ થાય. કિડનીની તકલીફ વારંવાર થતા તેમને ખાસ કાળજી લેવી.

પારિવારિકઃ– પરિવારમાં ભાઈ–બહેન સાથે સંબંધો સુધરશે. સંતાનોથી મનદુઃ–ખ થાય. સંતાનોને ઉપાધિમાં મુકાય. દાંપત્ય જીવનમાં સમજણથી કુટુંબના પ્રશ્નો ઉકેલી શકશો. વિવાહ યોગ્ય યુવાનો માટે પાત્ર પસંદગી થાય પણ ટકાવવી અઘરી રહેશે. વડીલોની મીઠી નજર ગુમાવવી પડે. તમારા પરિવારમાં જો મુખ્ય વ્યક્તિ હશો તો કુનેહથી નિર્ણય કરવો. લાગણીથી ન્યાય ના કરશો.

નોકરી– વેપારી વર્ગઃ– આ સમય નોકરિયાત વર્ગને સાનુકૂળતાભર્યો રહેશે. નોકરીમાં અત્યાર સુધીના આવતા અવરોધો દૂર થશે.

શત્રુ–મિત્ર વર્ગઃ– આ વર્ષે શત્રુઓ માટેની સંખ્યા ગણી નહીં શકાય કારણ, શત્રુતાનો જડ–મૂળથી નાશ થશે. છૂપા શત્રુની ચાલાકી ચાલશે નહિ. તમારી કુટનીતિથી કોર્ટ–કચેરીમાં પણ વિજય મેળવશો. નોકરીમાં તમારી સાથેના કામ કરનારની કુનેહથી તેને હંફાવી શકશો. વેપારમાં હરીફોની કામગીરી નહિ ચાલે.

મિત્ર વર્ગ માટે પરીક્ષાનો સમય છે. તમારા મિત્ર ક્યારે હાથતાળી દઈ જતા રહેશે નક્કી નથી. માટે નાણાકીય વ્યવહાર મિત્ર સાથે ના કરવો. મિત્રોને જામીન કે સહી–સિક્કામાં ના પડશો. કોઈ પણ રીતે સાક્ષીમાં પણ મિત્રોની બાબતમાં પડવું યોગ્ય રહે. તમારા જૂના મિત્રો પણ રાજકારણ રમી શકે છે.

અભ્યાસઃ– અભ્યાસ માટે આ વર્ષે તમારે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસો તો પાણી નહિ આવે અને ઊંડો અભ્યાસ કરનાર કે ઉચ્ચ અભ્યાસ માટે ''વર્ષારંભથી એક જ ધારી મહેનત કરશો તો પાતાળમાંથી પાણી કાઢી શકશો અને ધાર્યું પરિણામ મેળવશો.

(૧) કારતકઃ– આ સમય આવક વધશે. વાણી પર સંયમ રાખવો. જાહેર જીવનને લગતાં કાર્યોમાં પ્રતિષ્ઠા વધશે. વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. નોકરીમાં મરતબો જળવાશે.

(૨) માગશરઃ– મિત્રવર્ગથી નાણાકીય લાભ થાય. પરિવારમાં ઉશ્કેરાટભર્યું વાતાવરણ રહે. લાંબી યાત્રા સફળ થાય. સંતોનોની પ્રગતિ થાય. ભાગ્ય સાથ આપે. મોજ–મનોરંજન યુક્ત વાતાવરણ રહે.

(૩) પોષઃ– અગત્યના દસ્તાવેજનાં કાર્યોની પતાવટ થાય. પરિવાર સાથે પ્રવાસમાં મજા માણી શકશો. વેપારમાં મોટા સાહસમાં સફળતા મળે. સહોદરથી સંબંધો સુધરે. અભ્યાસમાં મહેનત માગી લે.

(૪) મહાઃ– નવા મકાનમાં કે વાહન ખરીદવા માટે સાનુકૂળતાભર્યો સમય રહે. રાચરચીલાયુક્ત ઉત્તમ નિવાસસ્થાન બનાવો. નોકરીમાં બદલી થાય. સહોદરથી સંબંધ સુધરે.

(૫) ફાગણઃ– સંતાનોની અભ્યાસમાં ઈતર પ્રવૃત્તિમાં આગવી ઓળખ ઊભી કરે. મિત્રથી વિશ્વાસઘાત થાય. સરકારી દંડ/સજા થાય. જમીન–મકાનના વેપારમાં લાભ થાય. શેર–લોટરીમાં જોખમ ના કરવું. પેટના રોગ થાય.

(૬) ચૈત્રઃ– નોકરિયાતવર્ગને બદલી થાય. ઉપરી અધિકારી સાથે મતભેદ થાય. પિતાતુલ્ય વ્યક્તિ કે પિતાની તબિયત અંગે કાળજી લેવી. કોર્ટ–કચેરીમાં નુકસાન થાય. મિત્રોથી વિશ્વાસ ગુમાવશો. પેઢુ– પેટના રોગ થાય. ઘરઘાટીથી ઘરમાં ચોરી થાય.

(૭) વૈશાખઃ– જાહેરજીવનનાં કાર્યોમાં નામના મેળવશો. નાની શસ્ત્રક્રિયા અચાનક થાય. શત્રુઓથી ભય રહે. ચામડી– ચામડીની એલર્જીને લગતી નાદુરસ્તી થાય.

(૮) અધિક જેઠઃ– વિવાહ યોગ્ય યુવાનો માટે સમય શુભ છે. વેપારમાં ભાગીદારીથી લાભ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. આંખ–ગળાનાં દર્દો થાય. સપરિવાર ઉમંગથી દિવસો માણી શકશો.

(૯) જેઠઃ– આ સમય પિતાની નામના વધશે. લાંબી યાત્રા સફળ થાય. વેપારમાં વૃદ્ધિ સાથે આવક વધશે. ભાગ્ય સાથ આપશે. બુદ્ધિ વિષયક કાર્યોમાં સફળતા મેળવો. જીવનસાથી સાથે મધુરતાભર્યા સંબંધ રહે. સંતાનોની પ્રગતિ થાય. સરકારી કાર્યો પૂર્ણ થાય. વેપારી મંડળમાં આગેવાનની પદ મળી શકે. નોકરીમાં સુખદાયી દિવસો રહે.

(૧૦) અષાઢઃ– નાણાભીડ દૂર થાય. પરિવારમાં વાણીથી પ્રભાવ પડશે. સહોદરથી લાભ થાય. વડીલ વર્ગનું માન વધે તેવાં કાર્યો થાય. સમાજમાં સારું કાર્ય કરી શકશો. રાજકીય ક્ષેત્રે સમય અનુકૂળ ભર્યો રહેશે.

(૧૧) શ્રાવણઃ– વિદેશ વેપારથી ધનલાભ થાય. વેપારમાં હરીફો વધશે. વેપાર અર્થે વિદેશમાં જવાનું થઈ શકે. દાંપત્ય જીવનમાં સુગમતા રહે. સંતાનોની પ્રગતિ થાય. વિદ્યાર્થીવર્ગને મહેનતનું ફળ સારું મળે. નોકરીમાં સમય મધ્યમ રહે. તમારી ઈચ્છા પ્રમાણે કાર્ય થાય.

(૧૨) ભાદરવોઃ– શારીરિક આરોગ્ય સારું રહે. જૂના હઠીલા રોગમાંથી મુક્તિ મેળવો. મિત્રોથી લાભ થાય. રાજકીયક્ષેત્રે તમારો ડંકો વાગશે. ઉદ્યોગ–વેપારમાં સુવર્ણ સમય રહે. શેરલોટરીમાં જોખમ ના કરવું.

(૧૩) આસોઃ– વિદેશથી તમારા માટે શુભ સમાચાર આવે. મિત્રોથી લાભપ્રદ સમય રહેશે. દાંપત્ય જીવનમાં સંવાદિતતા વધે. સાહસ દ્વારા વેપારમાં મોટા પાયે ધનલાભ થાય. નોકરીમાં બદલી થાય. અધિકારીથી ઠપકો સાંભળવો પડે. શત્રુવિજયી બનો. આરોગ્ય સારું રહે.

આ વર્ષે તમારી નામના વધશે. રમતના ખેલાડીની જેમ રમતવીર સ્પર્ધામાં પોતાની કળાકૌશલતા બતાવે તેમ તમારા જીવનનો સાર તમે કાઢી લેશો.



## વૃશ્ચિક
### ન, ય

આપ આ વર્ષે પનોતીની સાંકળમાંથી છૂટશો. શનિદેવ પાંચમા ભાવે રહી સંપૂર્ણ શુભફળ આપે છે. વર્ષની શરૂઆતમાં ગુરુ ભાગ્ય ભાવે શુભ ફળ આપે છે. તારીખ ૫–૧૨–૨૦૨૫ થી ૧૬–૦૨–૨૦૨૬ સુધી શુભ ફળદાયી રહે છે. મિથુનમાં વક્રી ગુરુ આઠમા ભાવે મધ્ય ફળ આપશે. રાહુ વર્ષની શરૂઆતમાં ચોથા ભાવે રહે છે જે શુભફળદાયી નથી.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– માનસિક સ્થિરતા જળવાય. મનથી ખાસ વિચારીને નિર્ણય કરવો. આનંદથી જીવન જીવતા શીખી લેશો.

શારીરિક આરોગ્ય માટે આ વર્ષ કાયાથી કષ્ટ કપાશે. હૃદય–છાતીના દર્દો થાય. શસ્ત્રક્રિયા નાની આવે. એલર્જી– ચામડીના રોગ થાય. ઋતુગત તાવ, શરીરમાં થાક લાગવો, પેટની તકલીફ વધે.

પારિવારિકઃ– પરિવારમાં એકતા જળવાય. વિવાહ યોગ્ય યુવાનો માટે શુભ રહે. જીવનસાથી સાથે સુમેળ સધાય. સંતાનોની પ્રગતિ થાય અને સંતાનોની ચિંતા દૂર થાય. વડીલોની મીઠી નજર ગુમાવવી પડે. નાના ભાઈ બહેન સાથે વિવાદ ઉકેલાય. માંગલિક કાર્યો પૂર્ણ થાય.

નોકરી–વેપારી વર્ગઃ– નોકરિયાત વર્ગની બદલી થાય. બઢતી મળે. નવી નોકરીમાં મુશ્કેલી ઊભી થાય. સહ કર્મચારીઓથી વિરોધ સહન કરવો પડે.

વેપારમાં અવરોધ દૂર થાય. નાના વેપારી વર્ગને ધન લાભ કર્તા વર્ષ રહે. ઉદ્યોગપતિ માટે શુભ વર્ષ છે. અજાણ્યા સાથે વેપાર કરતા સાવધાની રાખવી. વેપારમાં થોડા નિયમો, પરિવર્તનો આવી શકે.

આર્થિક સ્થિતિઃ– આ વર્ષે ભાગ્યની સાથે કર્મથી લક્ષ્મીજી જોડેલા છે. લક્ષ્મીજી તમારા આંગણે રેલમછેલ કરવા આવ્યા છે. વેપાર–નોકરી, સંપત્તિ, વિદ્યા તમારી પોતાની આવડતથી ધન ઉપાર્જન ખૂબ જ સારું થશે. નાણાંકીય ખર્ચ સારા રસ્તે થશે.

સ્થાવર સંપત્તિસુખઃ– પરિવારમાં વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. નવી મિલકત ખરીદવાના યોગ નથી. નવાં વાહન–મિલ્કત– જમીનની ખરીદી– વેચાણમાં ઠગાઈ જાવ. ઘરમાં ચોરી થાય માટે વિશ્વાસે દસ્તાવેજ ન મૂકવા અને સ્થાવર મિલકતમાં વિશ્વાસ ન મુકવો કોઈ ઉપર.

શત્રુ–મિત્રવર્ગઃ– કોર્ટના કાર્યમાં સફળતા મળશે. નવા કેસ ન થાય તેની તકેદારી રાખવી. મદદનીશની સલાહ લેવી. છૂપા શત્રુથી આવધાની રાખવી.

મિત્રવર્ગમાં મિત્રતાની ઊણપ અનુભવો તેમના વાત–વતુર્ણુકમાં ફેરફાર જોવા મળે.

અભ્યાસઃ– અભ્યાસમાં સફળતા મળે. મનપસંદ લાઈનમાં સફળતા મળે. સરસ્વતીની કૃપા રહે.

# રાશિ ભવિષ્ય વિક્રમ સંવત ૨૦૮૨



(૧) કારતકઃ– ધારેલા કાર્યો પાર પડે. મિત્રોથી ધન લાભ થાય. મોજ મનોરંજન સુખ ભોગવો. વિવાહિત જીવનમાં સુખદ સમય મળે. સંતાનોથી સુખ મળે.

(૨) માગશરઃ– વેપારમાં વધારો થાય. લાંબી યાત્રા થાય. ક્રોધ ઉપર કાબૂ રાખવો. વિવાહ યોગ્ય યુવતી–યુવાનો માટે શ્રેષ્ઠ સમય રહે. અભ્યાસમાં પ્રગતિ થાય.

(૩) પોષઃ– વાણીથી વિવાદ ના થાય માટે મૌન રાખવું. આર્થિક સ્થિતિ સુધરે. વારસાગત મિલકતમાં પ્રશ્નો હલ થાય.

(૪) મહાઃ– સાહસ વગર સિદ્ધિ નથી. સહોદર સાથે વિવાદ– વિયોગમાં ન ફેરવાય તેની કાળજી લેવી. પરિવારમાં શુભ પ્રસંગો બને. આરોગ્ય સુધરે. નાણાં ભીડ અનુભવો. સ્થાવર મિલકત માટે લોન પાસ થાય.

(૫) ફાગણઃ– ઘર–જમીન– વાહન અંગે સમય શુભ નથી. ખરીદ–વેચાણ નુકસાની ભોગવો. આગ– અકસ્માતથી સાધવાની રાખવી. વિદેશ જવાના યોગ પ્રબળ બને છે. બીપીની તકલીફ થાય. હૃદયની તકલીફ વધે. વયોવૃદ્ધ આરોગ્ય અંગે કાળજી લેવી.

(૬) ચૈત્રઃ– શેર–લોટરીમાં ઉતાર–ચઢાવ જોવા મળશે. વિદ્યાર્થીવર્ગને મહેનત પ્રમાણે પરિણામમાં પાછા પડતા જણાવી સંતાનો સાથે વ્યાધિ–ઉપાધિ થાય. મિત્રોથી વિશ્વાસઘાત થાય. સ્થાવર મિલકતમાં સમય શુભ નથી.

(૭) વૈશાખઃ– સંતાનો અંગે ચિંતાજનક સમય રહેશે. નોકરીમાં બદલી થાય. ઉપરી અધિકારી સાથે સંબંધો સુધરે. પરિવારમાં હળવાશભર્યું વાતાવરણ અનુભવો.

(૮) અધિક જેઠઃ– નવી નોકરીની શોધ પૂર્ણ થાય. આરોગ્યમાં સારૂં પરિણામ મેળવો. વાણીથી સંબંધો સુધરે. કોર્ટ–કચેરીમાં વિજય મેળવો.

(૯) નિજ જેઠઃ– વિવાહિત જીવનમાં સમાધાન થાય. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. વેપારમાં ધનલાભ થાય. ભાગ્ય સાથ સારો આપે છે.

(૧૦) અષાઢઃ– સગાઈ– વેવિશાળ યુવા વર્ગને જો શોધ ચાલુ હોય તો પસંદગીનું પાત્ર મેળવશો. વેપાર માટે સફળતા પ્રાપ્ત થાય. નવા સંબંધો બંધાય. મિત્રોથી લાભ થાય. ઉઘરાણી પરત આવે. રાજકીય ક્ષેત્રે સારો સમય છે.

(૧૧) શ્રાવણઃ– વેપાર– ઉદ્યોગમાં પ્રગતિ થાય. ફસાયેલા નાણાં પરત આવે. અંગ– ગુપ્ત અંગોના રોગ થાય. યાત્રા–પ્રવાસ ધાર્મિક થાય. વિદેશમાં રહેતા મિત્રોથી લાભ થાય.

(૧૨) ભાદરવોઃ– વેપારમાં શત્રુઓની પીછેહઠ થાય. હરીફોથી આગળ વધશો. સરકારી દંડ ને સજામાં ભરાય ના જાવ તે જોશો. નાણાંકીય ભીડ દૂર થાય. મિત્રોથી સુખ મેળવો. સર્વ કાર્યો પૂરાં થતાં આનંદ અનુભવો.

(૧૩) આસોઃ– વિદેશ વસતા મિત્રોથી લાભ થાય. મોટા પાયે વેપાર કરતા વેપારીને સમય શ્રેષ્ઠ રહે છે. પરિવારમાં નાણાંકીય આવક વધશે. ભાગ્ય ખીલશે.

આ વર્ષે આપની ધીમી ગતિમાં કાચબાની જેમ છે પણ જીત તમારી થશે. તમે તમારી મંજિલ સુધી પહોંચી શકશો.



## ધન

**ભ, ધ, ફ, ઢ**

આપની રાશિમાં વર્ષ દરમિયાન રાહુ ત્રીજા ભાવે શુભ ફળ આપનાર બને છે. ગુરુ ગ્રહ આઠમા ભાવે રહે છે જે ૫–૧૨–૨૦૨૫થી ૧–૬–૨૦૨૫ સુધી સાતમા ભાવે રહી શુભફળ આપે છે. શનિ મહારાજ આપને અઢી વર્ષની લોખંડના પાયે પનોતી સાંકળ લઈને મોકલેલ છે. જે તમારા માટે કયું બંધન આપે છે ફળ ચિંતા અને કષ્ટ આપના હશે.

માનસિક અને શારીરિક સ્થિતિ

દેહાધિપતિની શુભદૃષ્ટિ વર્ષ દરમિયાન તમારા ઉપર શુભ રહે છે. એટલે આરોગ્ય તો સારું રહેશે. ચોથા ભુવને શનિદેવ રહી દસમી દૃષ્ટિથી તમારી રાશિને જોતા વાયુ પ્રકોપ વધારશે. માનસિક અશાંતિ શનિદેવની કૃપાથી વધશે. ત્યારે જાણતા હોવાથી હવે રસ્તો તમારે કરવાનો કે માનસિક સ્વાસ્થ્ય કેવી રીતે રહેવું જેની અસર શરીર પચ સારી રહે. વાયુનો સમય વિચારોને મગજમાંથી અને શરીરમાંથી થાય તેવા પ્રયાસ કરવા.

પારિવારિકઃ– પરિવારથી થોડા સમય માટે સંબંધો સુધરશે પણ પછી તેને જાળવી રાખવા તમારા હાથમાં રહેશે. ત્યાગની ભાવના રાખશો તો જ કદર તમારી થશે જ. દાંમ્પત્ય જીવનમાં વિખવાદ નાના–મોટા રહ્યા કરશે, પણ છૂટાછેડા નહીં થાય. સંતાનોની પ્રગતિ ખૂબ જ સારી થાય. સંતાન અંગેની ઈચ્છા આ વર્ષે પૂર્ણ થાય. વિવાહ–સગાઈની વાતો જ આવે પણ નક્કી હજી નહીં થાય. પિતાની તબિયત બગડે.

નોકરી–વેપાર વર્ગઃ– આ વર્ષે નોકરિયાત વર્ગને શનિદેવની કૃપાથી ખટપટ રખાવશે. વિરોધી ઊભા થાય–વધુ પડતી જવાબદારી ના લેવી. સમયને માન આપવું. ઉતાવળમાં સારી નોકરી ન છોડવી. વેપારી વર્ગને જૂના વેપારમાં થોડાક અંશે પ્રગતિ થાય. નવા વેપારમાં જોખમ ન કરવું. વિશ્વાસઘાત થાય તેમ છે. તમારા વિચારોથી વિરુદ્ધમાં પાસાં પડશે. વેપાર માટે સમય મધ્યમ રહેશે. જે કામ કરશો તેમાં પૂરા મનથી ખંતથી મન પરોવી હિસાબમાં અને માલમાં કાળજી લેશો... નહીંતર કાયદાકીય ગુનામાં આવી જશો.

આર્થિક સ્થિતિઃ– ધન પ્રાપ્તિમાં વધારો થાય. બચત કરી શકશો. સહોદરથી નાણાકીય મદદ થાય. પરિવારની નાણાકીય જવાબદારી સારી રીતે કરી શકશો. નોકરીયાત વર્ગને આવક વધશે. વેપારમાં ધન લાભ થાય. મિત્રથી ધન અંગે પૂર્ણ સહાય મેળવો. મકાન અંગે, વાહન અંગે લોન પાસ થાય. વર્ષની મધ્યમાં નાણાકીય ઉઘરાણી પરત આવે.

સ્થાવર–સંપત્તિ સુખઃ– જમીન–મકાન નવા લેવા માટે આ વર્ષે તૈયારી કરી લેશો. જે જમીન–મકાન મળશે, તે ધર્મભૂમિ અને લક્ષ્મી વર્ધક રહેશે. નવા વાહનની ખરીદી થાય. વારસગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. વેપાર ખર્ચ દુકાન, શેડ, ઓફિસ લઈ શકશો અને ભાડાની દુકાન હશે તો પોતાની કરી શકશો.

શત્રુ–મિત્ર વર્ગ આ વર્ષ કાયદાકીય ગૂંચ ઉકેલાય, તમે સજા ભોગવતા હશો તો ઓછી થાય. જૂના કેસનો નિકાલ હજી આવે નહીં. કચેરીમાં ફસાવાય નહીં તેની તકેદારી રાખવી... ખાસ–જામીન કે સાક્ષી ન થશો. મિત્રતામાં ભેદભાવ જોઈ શકશો – સારા વર્ગના મિત્રોથી સારું રહેશે. ખોટી સોલત ધરાવતા મિત્રોથી દૂર રહેવું. યોગ્ય ગણાય નહીંતર કાદવના છાંટા તમારી ઉપર પણ ઊડી શકે.

અભ્યાસઃ– અભ્યાસમાં સફળતા મળે, ધો–૧૦, ૧૨માં તમારી મહેનતનું ફળ મળે. અનુસ્નાતક, ડૉક્ટર, ઈજનેરી લાઈનમાં સફળ બનશો. રમત–ગમત ક્ષેત્રે અણધારી સફળતા મળે.

(૧) કારતકઃ– આરોગ્ય અંગે કાળજી લેવી. વિદેશી–વેપારથી લાભા થાય. જીવનસાથી સાથે ખટરાગ રહેશે. જાહેરજીવન સાથે સંકળાયેલા કાર્યમાં લાભ થાય. સંતાનોની પ્રગતિ થાય.

(૨) માગશરઃ– વેપાર માટે લાભપ્રદ સમય રહે. લાંબી યાત્રા થાય. ક્રોધ ઉપર કાબૂ રાખવો. સ્થાવર મિલકતમાં ખરીદી–વેચાણ માટે સમય શુભ છે.

(૩) પોષઃ– વિવાહ યોગ્ય યુવાન માટે સમય શુભ. વેપારમાં ભાગીદારથી પ્રગતિ થાય. બુદ્ધિ વિષયક કાર્યોમાં સફળતા મળે. નોકરીમાં બદલી થાય. પ્રગતિ થાય. નાની યાત્રા થાય.

(૪) મહાઃ– વેપારથી ધનલાભ થાય. નવા નાણાકીય સાહસ થાય. બે નંબરની આવકમાં ફસાઈ જાવ. નોકરી અર્થે પ્રવાસ થાય. પરિવારમાં આંનદ–મંગલ સમય રહે. વાણી પર સંયમ રાખવો.

(૫) ફાગણઃ– નવા સાહસભર્યા કાર્યોમાં અવરોધ બાદ પાર પડે. નાણાંભીડ દૂર થાય. યાત્રા–પ્રવાસમાં તકલીફ પડે, પણ તમારા બધા જ કાર્યો પાર પડશે. રાજકીય ક્ષેત્રે સફળતા મળે. સહોદર સાથે વિવાદ ટાળવો, લખાણમાં સહી–સિક્કા કરતા સાચવવું.

(૬) ચૈત્રઃ– ખોટા સાહસ ન કરવા. સહોદર સાથે સંબંધો અને પાડોશી સાથે તકરાર થાય, સંબંધો બગડે તેમ છે. સ્થવાર સંપત્તિમાં ખરીદ–વેચાણમાં લાભ થાય.

(૭) વૈશાખઃ– વેપારમાં અજાણ્યા સાથે નાણાકીય વ્યવહારમાં ચોકસાઈ રાખવી. સંતાનોને વ્યાધિ થાય. પણ સંતાનોને અભ્યાસ–કારકીર્દિમાં સફળતા મળે. દામ્પત્ય જીવનમાં મધુરતા જળવાય.

(૮) અધિકજેઠઃ– અભ્યાસમાં ઉચ્ચ ડિગ્રી મેળવો. યશ–પ્રતિષ્ઠા વધે તેવા કાર્યો થાય. યુવાવર્ગને સગાઈ–વેવિશાળ માટે યોગ્ય પસંદગીનું યાત્ર મેળવશો. દાંમ્પત્ય જીવનમાં પ્રણયના પુષ્પો પાંગરે– નોકરીમાં બદલી થાય. શુભ સમય રહે. મિત્રોથી લાભ થાય. કોર્ટના કાર્યોની પતાવટ થાય.

(૯) જેઠઃ– લગ્નજીવન સુમેળ ભર્યું રહે. પરિવારમાં સુખ–શાંતિ–આંનદ રહે. નાણાકીય લાભ વધે વેપારમાં વધારો થાય.

(૧૦) અષાઢઃ– વેપારમાં ભાગીદારથી લાભ થાય. વારસાગત મિલકતનાં પ્રશ્નો હલ થાય. કાયદાકીય ગૂંચ ઉકેલાય. મિત્રથી લાભ થાય.

(૧૧) શ્રાવણઃ– આ માસમાં મિત્રવર્ગથી લાભ થાય. વેપારમાં ઠગાઈ જાવ. વાણી દ્વારા સંબંધો બગડે. યાત્રા ન કરવી.

(૧૨) ભાદરવોઃ– રાજકીય ક્ષેત્રે સફળતા મેળવો. મિત્રવર્ગથી લાભ થાય. નવા વાહનની ખરીદી થાય. મોજશોખ પાછળ ખર્ચ થાય. મિત્રથી આંનદદાયક સમય મળે.

(૧૩) આસોઃ– આ માસમાં સરકારી કાર્યો અટકેલા પૂરા થાય. વેપારમાં લાભ મેળવો. લાગવગથી અગત્યના કાર્યો થાય. પરિવારમાં માંગલિક કાર્યો થાય.

આ વર્ષમાં હરણફાળ ભરી પ્રગતિ થાય, ઐશ્વર્ય, ધન–સંપત્તિ સઘળું, સારું ફળ મેળવો. તમારા મનથી મક્કમ રહેવું. મન ચંગા તો કથરોટ મેં ગંગા.



## મકર

**ખ, જ**

આપની રાશિમાં શરૂઆત ગુરુ સાતમાભાવથી જુએ છે અને ૫–૧૨–૨૫થી ૧–૬–૨૫ સુધી વક્રી મિથુન રાશિમાં છઠ્ઠા ભાવે રહે છે. જે મધ્યમ ફળદાયી રહેશે. રાહુ વર્ષની શરૂઆતથી બીજા ભાવે અને કેતુ આઠમા ભાવે રહે છે. શનિ મહારાજની સાડડાસાતીની સાંકળમાંથી મુક્તિ મળી શનિ ત્રીજા ભાવે શુભફળદાયી છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– મનના તરંગોમાંથી બહાર આવી આત્મવિશ્વાસથી જીવવા તમારા નિર્ણય સાચા ત્યારે જ લઈ શકશો જયારે ત્યારે તમે નિષ્પક્ષ રહેશો. મનના ખોટા વિકારોને દૂર કરવા ઈશ્વર શરણ–ધાર્મિક વાંચન, સમાજના સારા વ્યક્તિ સાથે ઉઠક–બેઠક રાખવી. મનને સ્વસ્થ રાખી વિના કારણ ભવિષ્યની ચિંતા ઈશ્વર ઉપર છોડવી.

શારીરિક આરોગ્ય મધ્યમ રહેશે. વર્ષમાં અવારનવાર નાની–મોટી ઋતુગત બીમારી આવશે. આંખ–ગળાના અંગત આરોગ્ય બગડે.

પારિવારિકઃ– આ વખતે કપડા પણ તમારા સગા ન થાય તો પરિવારના સભ્યો વિશે શું કહેવું? તમારે ચૂપચાપ કર્મ કર્યે જવાનું છે. જીવન સાથે સમજતા હોવા છતાં તમે એકલતા અનુભવશો. વાણીથી વ્યવહાર વિખેરાય. નાણાકીય બાબતે વિવાદથી પરિવારમાં સંબંધો બગડે. વિવાહ યોગ્ય યુવાનો માટે સમય મધ્યમ રહે. પાત્ર પસંદગી થાય. સંતાનોની પ્રગતિ થાય. કુટુંબના સભ્યો તમારી પાસે 'પાનખરની ઋતુ' સમાન અનુભવ થાય.

નોકરી વેપારી વર્ગઃ– નોકરિયાત વર્ગને નોકરીમાં ગમે તેટલી અડચણ આવે પણ છોડવી નહીં, ચડતા રોટલાને પાટું ન મારવી. સમય તમારો નોકરીમાં ચડાવ–ઉતાર રહેશે. સરકારી નોકરિયાતને બરતરફ થાય તેમ છે. નોકરીમાં સહકર્મચારીથી રાજકારણ રમાતું લાગે.

વેપારમાં અવરોધ આવે, નવા વેપારમાં ઠગાઈ જાવ, નાણાં ફસાય વિશ્વાસઘાત થાય. માલ પાછો આવે કોઈને કોઈ બહાને નુકસાની ભોગવવાની તૈયારી રાખવી પડશે.

આર્થિક સ્થિતિઃ– આ વર્ષે બીજા ભાવે રાહુ તમારી બે નંબરની વગર મહેનતની આવકમાં વધારો જોવા મળે. બાકી 'નાણાં વગરનો નાથિયો નાણે નાથાલાલ.' તમારા ખર્ચા બીમારી પરિવારમાં ખોટા માર્ગે થાય. વેપારમાં આવક કરતાં જાવક વધુ દેખાશે. જરૂર વગર ખિસ્સામાં હાથ ન નાખવો. અથવા લક્ષ્મીજીને રિઝવવા તન–મનથી પૂજા કરવી યોગ્ય રહે. મિત્ર–ઘરના સભ્યો સંબંધી પણ નાણાકીય બાબતે મોં ફેરવી લેશે.

સ્થાવર સંપત્તિ સુખઃ– સ્થાવર મિલકત માટે ખરીદ–વેચાણના વેપારીને મંદી જોવા મળશે. નવા મકાન–ફલેટ નોંધવવા માટે રોકાણમાં નાણાંકીય ખાદ્ય અનુભવો. વાહન ખરીદી કે ઓફિસ–દુકાનની ખરીદી માટે ઘાટામાં સોદા ન થાય તેની તપાસ કરાવવી.

શત્રુ–મિત્ર વર્ગઃ– મીઠા બોલા શત્રુ ઊભા થાય. જે તમારી માટે 'ઊધઈ' બરાબર ગણશો. કાયદામાંથી બહાર આવી શકશો. નોકરી વેપારમાં મધ જેવા મીઠા શત્રુની ઓળખ ધ્યાનમાં રાખી કાર્ય સંભાળવા.

મિત્ર વર્ગથી લાભ થાય. મિત્રોથી નાણાકીય લાભ તેમ જ સમય સૂચકતાથી સલાહ સાચી મેળવશો.

અભ્યાસુઃ– અભ્યાસમાં માતા સરસ્વતીદેવી અને ગણેશની કૃપા મળશે.

(૧) કારતકઃ– આ માસમાં વિવાહયોગ્ય યુવાનો માટે શુભ સમય છે. જાહેર જીવનમાં યશ મળે. વારસાગત મિલકતથી વેપારમાં લાભ થાય. મિત્ર વર્ગથી ભાગ્ય ખૂલે. નાની યાત્રા થાય. કોર્ટના કાર્યમાં મિત્રની મદદ મળે.

(૨) માગશરઃ– વેપારમાં યશ મળે. નવીન તક મળે વેપારમાં સ્થાવર મિલકતના પ્રશ્નો ગૂંચવાય. સાહસ દ્વારા સફળતા મળે. મોટા માણસોની વગ ધરાવવાથી અગત્યનાં કાર્યો થાય.

(૩) પોષઃ– વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય, નોકરિયાત વર્ગની બદલી થાય, પ્રમોશન થાય. વિદેશ સાથે વ્યાપારમાં સંકળાયેલા હશો તો પ્રગતિકારક સમય રહે. પેટને લગતી બીમારીમાં કાળજી લેવી. કોર્ટ–કચેરીમાં વિજય મેળવો. શત્રુ વિજયી થાવ.

(૪) મહાઃ– વિવાહિત જીવનમાં સંવાદિતતા રહે. અપમાન–અહમ ઘવાતો હોય તેવા વિચારોથી દૂર રહેવું. પ્રતિષ્ઠા વધે. સગાઈ–વેવિશાળ નક્કી થઈ શકે. સ્થાવર મિલકતનાં કાર્યોમાં સફળતા મળે. વેપારમાં હરિફો સાથે વિજય મેળવો.

(૫) ફાગણઃ– પરિવારમાં વાણીથી અને નાણાંકીય બાબતે સંબંધો બગડે નહીં તે જોવું. જમીન–મકાન–વાહનની ખરીદી અંગે નિર્ણય થાય. સ્થાવર મિલકતના ગૂંચવાયેલા પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય સુધરે. પરાક્રમી કાર્યો થાય. નાણાં ભીડ અનુભવો. નોકરીમાં વિવાદ.

(૬) ચૈત્રઃ– તમારી આસપાસ રહેતા વર્ગની સાથે વિરોધ વધે. વિચારોમાં ઉશ્કેરાટ–વ્યગ્રતા–ઉચાટ રહે. સહોદરથી વિવાદ ન કરવો અપયશ મળે. ખોટા સાહસ વેપારમાં ન કરવા નુકસાન થાય. નાણાકીય જાવક વધતી થાય આરોગ્ય મધ્યમ રહે.

(૭) વૈશાખઃ– આ સમય આરોગ્ય કથળે, શસ્ત્ર ક્રિયા થાય. વેપારમાં થોડો સુધારો થાય. સ્થાવર મિલકતમાં પ્રશ્નો ઉકેલાય. ભાગ્ય સાથ આપે કાર્યમાં રાચરચીલા યુક્ત વસ્તુની ખરીદી થાય. મોજ–મનોરંજન પાછળ સમય પસાર થાય.

(૮) અધિક જેઠઃ– તમારા નવા મકાન–વાહન ખરીદવાની ઈચ્છા પૂર્ણ થાય. આરોગ્ય સારું રહે. સંતાનોની પ્રગતિ થાય. નોકરિયાત વર્ગને સહકર્મચારી સાથે સુલેહ થાય વેપારમાં કર્મચારી સાથે સમાધાનથી કાર્યનો ઉકેલ આવે. રાજકીય ક્ષેત્રે સમય શુભ રહે.

(૯) જેઠઃ– નોકરીમાં પ્રમોશન મેળવો. ઉપરી અધિકારીથી લાભ થાય. બદલી થાય. સરકારી કાર્યોમાં સફળ બનશો. કોર્ટ–કચેરીમાં તમારી તરફેણમાં નિર્ણય આવે. આરોગ્ય સારું રહે. વેપારમાં બૌધિક કાર્યોમાં સફળતા. શત્રુ વિજયી બુદ્ધિથી મેળવો. દામ્પત્ય–જીવનમાં મધુરતા રહે. સંતાનોની ઈચ્છા પૂર્ણ થાય.

(૧૦) અષાઢઃ– પરિવારમાં વાણીથી સંબંધો સુધરે. નાણાભીડ દૂર થાય. રાજકીયક્ષેત્રે વિજય થાય. લાંબી યાત્રા સફળ થાય.

(૧૧) શ્રાવણઃ– યોગ્ય નિર્ણય જીવનનો થાય. તમારા ભાગ્યથી જીતશો. સહોદરથી લાભ થાય. સ્વાભિમાન ત્યજી સરળ બનશો તો તમારી શાખ જળવાશે, નહીંતર તમે કરેલાં કાર્યોમાં પાણી ફરી વળશે.

(૧૨) ભાદરવોઃ– વેપારમાં જવલંત સફળતા. રાજકીય ક્ષેત્રે ઉચ્ચ હોદ્દો મેળવો. મિલકત અંગે લોન પાસ થાય. સરકારી કાર્યો ખોરંભે ચડેલા ઉકેલાય. ભાગ્ય દેવીની અમી નજર તમારી ઉપર શુભ રહેશે.

(૧૩) આસોઃ– મોટા પાયે સાહસ વેપારમાં થાય અને લાભ થાય. આરોગ્ય અંગત બગડે. વિચારોમાં હકારાત્મકતા રાખવી. વિવાહિત જીવનમાં શુભ સમય રહે– વિદેશનાં કાર્યો પાર પડે.

આમ આ વર્ષે પારકા પોતાના વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી શકશો. જીવન કેવી રીતે જીવવું તે શીખવા મળે. વધુ પડતાં વાણીને વિરામ અને મગજને શાંત રાખી શકશો તો વર્ષના આ નાજુક સમયને સહજતાથી પસાર કરશો.



## કુંભ

**ગ, સ, શ, ષ**

આ વર્ષે ગુરુ ગ્રહ વર્ષની શરૂઆતમાં પાંચમા ભાવેથી પસાર થાય છે. જે ૫–૧૨–૨૦૨૬થી ૧–૬–૨૦૨૬ સુધી છઠ્ઠાભાવે રહેશે. મધ્યમ ફળદાયી રહેશે. રાહુ તમારી રાશિમાં વર્ષારંભથી ભ્રમણ કરી રહ્યો છે. જે દુંદુભિનાદ સાથે વર્ષમાં તાંડવ તમારા જીવનમાં મચાવશે. શનિદેવની સાડાસાતીનો રૂપાનો પાયો શુભફળ આપનાર બને છે. બીજા ભાવે શનિશુભ ફળ આપે છે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– આ વર્ષે શારીરિક આરોગ્ય સાચવવું. માનસિક પરેશાની વધુ રહે. તમારા મગજમાં ચાલતી મથામણની અસર હૃદય ઉપર પડી શકે. વયોવૃદ્ધને અટૅક કે હેમરેજ થવાની શક્યતા ખરી. તમારું આરોગ્ય તમારા હાથમાં છે. માનસિક સ્થિરતાં રાખવી– નરસિંહ મહેતા જેવું જીવન જીવવું.

પારિવારિક કુટુંબના સભ્યો તમારા માટે માન–મર્યાદાના શબ્દ ભૂલી જશે. અને ખોટા વિચારો અને ખોટા ખોટા નિર્ણય પરિવારમાં લેવાશે. દામ્પત્ય જીવનમાં નાની બાબતે ખટરાગ થયા કરે. વડીલોમાં આઘાત જનક બનાવ બને. સહોદર સાથે નાણાકીય મદદ નહીં મળે. આ વર્ષ ફક્ત સંબંધો બોલવાનું ઉપરનું રહેશે. સંતાનોની પ્રગતિ થાય. વિવાહ યોગ્ય યુવાનો માટે વર્ષના અંતે કંઈક અંશે જન્મના ગ્રહો સાથે આવતા હશે તો પાત્ર – પસંદગી કરી શકશો.

નોકરિયાત–વેપારી વર્ગઃ– નોકરિયાત વર્ગને નવી નોકરીની શોધ પૂરી થાય. નોકરીમાં બદલી થાય નોકરી અર્થે વિદેશ જવાનું થાય.

વેપાર માટે સમય સારો રહે. અવરોધ દૂર થતા જાય. મોટા વેપાર માટે સાહસથી લાભ થાય. વેપારમાં હરીફોથી આગળ વધી જશો.

આર્થિક સ્થિતિઃ– આ વર્ષે લક્ષ્મી પૂજન તમને ફળશે. 'જયાં હાથ નાખો ત્યાં સોનાની ખાણ હાથ લાગે, દેવામાંથી મુક્તિ મેળવો.' નોકરીમાં આયવૃદ્ધિ થાય. વેપારમાં વાણી દ્વારા વેપારમાં ધનલાભ થાય. ભાવિની બચતો કરી શકશો. વાર સાગત મિલકતથી ધન લાભ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ– આ વર્ષે જૂની મિલકતમાં રિનોવેશન કરાવી શકશો. મકાન–જમીનના લે–વેચ માટે સમય શુભ રહે. વિદેશમાં મિલકત વસાવી / દુકાન / ઓફિસ–બિઝનેસને લગતી મિલકત વસાવી શકશો. મકાન માટે મોર્ગેજ લોન–વાહન અંગે લોન પાસ થાય. તમારી પોતાના મકાનમાં રહેવાની ઈચ્છા પૂર્ણ થાય.

શત્રુ–મિત્ર વર્ગઃ– આ વર્ષે કાયદાકીય કાવાદાવામાં સપડાય જાવ. જૂના કેસમાં ઉકેલ આવે. નવા કેસ ના થાય તેની તકેદારી રાખવી. મીઠા બોલા શત્રુ રહેશે પણ તમારું કંઈ જ બગાડી શકશે નહીં.

મિત્રોથી લાભ થાય. મિત્રોથી આવકમાં મદદ મળે. મિત્રોથી શુભ સમય સૂચવે છે.

અભ્યાસઃ– અભ્યાસમાં ઉચ્ચ ડિગ્રી મેળવો. અભ્યાસમાં અવરોધ દૂર થાય.

(૧) કારતકઃ– આ માસમાં વેપારમાં વધારો થાય. વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં સફળતા મળે. આકસ્મિક ધન લાભ થાય. વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં સફળતા મળે. આકસ્મિક ધનલાભ થાય. નોકરિયાત વર્ગને લાભપ્રદ સમય રહે.

(૨) માગશરઃ– નાના વેપારી વર્ગને આવકમાં વધારો થાય. સ્થાવર સંપત્તિમાં રાચરચીલું, મોજ શોખની વસ્તુ વસાવશો. વારસાગત મિલકતથી વેપારમાં મોટો લાભ થાય. નોકરિયાત વર્ગ ઉચ્ચપદ મેળવે. યાત્રા સફળ થાય.

(૩) પોષઃ– સંતાનોની પ્રગતિ થાય. અભ્યાસમાં ઉચ્ચપદ મેળવો. વેપારમાં નવીન તક સાંપડે. મિત્રવર્ગથી ધનલાભ થાય. દામ્પત્ય જીવનમાં સંવાદિતા જળવાય.

(૪) મહાઃ– વેપારમાં ભાગીદારથી વિદેશ કે બહારથી લાભ થાય. લાંબી યાત્રા નોકરી–વેપાર અર્થે થાય. સહોદર સાથે સંબંધો સુધરે. નવા સાહસથી લાભ થાય. વિદ્યાર્થી વર્ગને અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છા પૂર્ણ થાય. સંતાનોની વ્યાધિ વધે. નોકરીમાં બદલી થાય.

(૫) ફાગણઃ– આ માસમાં વેપારી વર્ગને ભાગીદારી હોય તો ક્રોધ પર કાબૂ રાખવો. શંકા–વહેમમાં ખોટા ભ્રમથી લગ્નજીવન પર માઠી અસર પડી શકે છે. સંતાનોની વ્યાધિ વધે નહીં તેની તકેદારી લેવી. રાજકીય ક્ષેત્રે અપયશ મળે. ખોટા આક્ષેપોથી–નોકરી– વેપારમાં સાવધ રહેવું.

(૬) ચૈત્રઃ– વેપારમાં વિશ્વાસે વહાણ ન ચલાવવું. ચામડીના એલર્જીના રોગ થાય. આગ–અકસ્માતથી સાચવવું. પડવા – વાગવાનું થાય. ક્રોધ તમારો મોટો શત્રુ છે સાચવવું.

(૭) વૈશાખઃ– પરિવારમાં તમારા ગુસ્સાની અસર દેખાશે. વાણીને વિરામ આપવો યોગ્ય રહે. નોકરીમાં સારું રહે. જૂની દુશ્મનાવટથી નુકસાન થાય. આવક કરતાં જાવક વધે.

(૮) અધિક જેઠઃ– સ્થાવર મિલકત અંગે લોન પાસ થાય. જોખમી સાહસ કરશો. સંતાનોની પ્રગતિ.

(૯) જેઠઃ– વેપારમાં કાર્ય પ્રત્યે ચોકસાઈ રાખવી કોર્ટ–કચેરીમાં શુભ સમય રહે. સ્ત્રી મિત્રોથી સાવધાન.

(૧૦) અષાઢઃ– ચાંદી થવાનો ભય રહે. ભાગીદાર વર્ગથી સચેત રહેવું. વેપારમાં યશ–ગાથા વધે. નવા ધંધાની વિચાર–સરણી શુભ રહે. આકસ્મિક ધન લાભ થાય. વિવાહિત જીવનમાં ચકમક રહ્યાં કરે.

(૧૧) શ્રાવણઃ– નોકરીમાં બદલી થાય–નવી નોકરીની શોધમાં સફળ રહો. અભ્યાસમાં અવરોધ આવે. વિવાહિત જીવનમાં જતું કરવાથી બધું જળવાશે.

(૧૨) ભાદરવોઃ– દામ્પત્ય જીવનમાં સમાધાનની ભાવના રાખવી. ભાગ્ય સાથ આપે. સાહસથી સિદ્ધિ મળે–તમારા વિચાર્યાં પ્રમાણે કાર્ય થાય.

(૧૩) આસોઃ– સર્વ કાર્ય પૂરા થતા જણાય. સરકારી કાર્યોમાં દંડ / સજાની જોગવાઈનો લાભ મેળવશો. બહારગામ રહેવા જવાનું થાય. નોકરી અર્થે પ્રવાસ થાય. મિલકત અર્થે લોન પાસ થાય.

ત્યાગની ભાવના, આ વર્ષે તમારા માટે માનસિક સ્વસ્થતા માગી લે છે. જેટલા તમે મગજથી ક્લેશ રહેશો તેટલા તમે પોતાના પર સંકટો આવવા નહીં દેશો. સૂર્ય સમાન બનવું. હંમેશાં નિત્ય ક્રમ પ્રમાણે પોતાનું કાર્ય કર્મે જ કરવું. નકારાત્મક વિચારો તમારા શરીરમાં ધીમું ઝેર સમાન બની શકે છે.



## મીન

**દ, ચ, ઝ, થ**

આપની રાશ્યાધિપતિ વર્ષની શરૂઆતમાં ચોથા ભાવે રહે છે જે ૫–૧૨–૨૦૨૫થી ૧–૬–૨૦૨૬ સુધી કર્ક રાશિમાં પાંચમે રહી શુભફળ આપે છે. રાહુ બારમા ભાવે અશુભ ફળ દાયી રહે છે. શનિ ગ્રહનો આપની રાશિમાં સાડાસાતીમાં બીજા તબક્કામાં સોનાના પાયેથી પનોતી પસાર થાય છે જે દેહભુવને રહી સોનાની કસોટી થાય તેમ તમારી સર્વત્ર કસોટી શનિ મહારાજ કરાવશે– આ અશુભફળ આપનાર બને છે, પણ કર્મ પ્રધાન દેવતા કર્મ સારા હશે તો તમારી કીંતિના ધજા–પતાકા લહેરાવશે.

માનસિક અને શારીરિક સ્થિતિઃ– 'મન હોય તો માળવે જવાય, તમારા દઢ મનોબળ તમને કાર્ય પૂર્ણ કરવામાં મદદ કરશે. શારીરિક આરોગ્યમાં વાયુ વિકાર વધે– પેટમાં ગાંઠ કે અન્ય શસ્ત્રક્રિયા થઈ શકે તેમ છે. આળસ ત્યાગી આજનું કાર્ય અત્યારે જ કરશો–કાલ પર ન છોડશો તો શરીર અને મનથી નિશ્ચિત રહી શકશો. કોઈપણ ગૂંચને ઉકેલવા બળ કરતાં બુદ્ધિનો ઉપયોગ કરશો તો સંબંધો જાળવી શકશો.

પારિવારિક :– પરિવારમાં ગૂંચને ઉકેલવા જતું કરીને સંબંધ જતો ના કરશો. કુટુંબમાં સંબંધો માટે કાતર મૂકવા કરતાં સોય દોરાનું કામ કરવું યોગ્ય રહે. દામ્પત્ય જીવનમાં શનિની દૃષ્ટિ સુખનું ચેન નહીં આપે. લગ્નજીવન માટે શ્રી ગણેશ કરનારાને ત્યાગની ભાવનાથી લગ્ન ટકાવવા જરૂરી બનશે. સમયને માન આપી પરિવારમાં સંપની ભાવના જાળવવી. સંતાનોની પ્રગતિ થાય. વડિલોને આરોગ્ય અંગે કાળજી લેવી.

નોકરિયાત–વેપારીવર્ગઃ– સરકારી નોકરીની શોધમાં સફળતા મળે. સારી નોકરીની શોધ પૂર્ણ થાય. તમારી કાયમી નોકરીમાં યશ મેળવો. વેપારમાં સારુ ફળ આપે. નવા વેપારમાં તકો વધે અને વેપારી સ્ટાફમાં સહકાર સારો મળે, ન ધારેલી ઊંચાઈ પર આપ ઊડી રહ્યા છો. ઘણી જ સફળતાના પગથિયાં સર કરશો. સમાજની ઓળખાણ તમને કામ લાગશે.

આર્થિક સ્થિતિઃ– આ વર્ષે આવક અને જાવકના સવૈયા સરખા રહેશે. આવક વધશે સાથે અણધાર્યા ખર્ચા વધતા સરવાળે શૂન્ય જ દેખાશે. ધનલાભ ધારો તેટલો મળશે. વેપારમાં–નોકરીમાં મોજ–મસ્તી સાથે દવાખાના પાછળ નાણાં ખર્ચ વધે. અગત્યની લોન આ વર્ષે પાસ થાય.

સ્થાવર સંપત્તિ સુખઃ– આ વર્ષે ઘરમાં નાણાકીય દ્રવ્ય અંગે ચોરી થાય તો સાચવવું. આ વર્ષે સ્થાવર મિલકત લેવાનું ટાળવું. ઘરમાં ચોરી થાય. અવાર – નવાર નાણાં ચોરાય બેધ્યાનપણું ન રાખવું. વાહનની ખરીદી ના કરવી, નુકસાન સહન કરવું પડે.

શત્રુ–મિત્રવર્ગઃ– છુપા શત્રુ વધુ ઊભા થાય. તમારી પીઠ પાછળ ઘા, કરતા નિંદા કરનાર શત્રુનો વધારો થાય. શત્રુને સમજાવવા અઘરા પડશે માટે વિશ્વાસે વહાણ ન ચલાવવું. મિત્રો મીઠાબોલા જ શત્રુતા બતાવશે, તમારી કારકીર્દિ પર ખોટા આક્ષેપો લગાવી સમાજમાં પાછા પાડી શકે છે.

અભ્યાસઃ– અભ્યાસમાં ધાર્યું પરિણામ મળે. સંશોધનકર્તા વર્ગને સફળતા મળશે.

(૧) કારતકઃ– વિવાહિત જીવનમાં મધુરતા રહે. વેપારમાં ધન લાભપ્રદ સમય રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે તેવા કાર્યો થાય. ભાગ્ય સાથ આપે.

(૨) માગશરઃ– નોકરી–વેપારીમાં ઉચ્ચપદ મળે. લાંબી યાત્રા થાય. સંતાનોની પ્રગતિ થાય. શેર–લોટરીથી ધનલાભ થાય. આર્થિક સ્થિતિ સુધરે.

(૩) પોષઃ– વેપારમાં અનેક નવીનતકો મળે. નિણર્ય યોગ્ય તમારે કરવો પડે. સ્થાવર મિલકતમાં વધારો થાય. નવીન વાહન ખરીદી થાય.

(૪) મહાઃ– મિત્રોથી લાભ થાય. સમાજમાં સારીવગ ધરાવનાર વ્યક્તિની ઓળખાણ થાય. સંતાનોની પ્રગતિ થાય.

(૫) ફાગણઃ– સરકારી દંડીસજાના ભોગવનાર બનો કાયદાકીય ગૂચમાં ભરાઈ જાવ માટે સરકારી નિયમોને ધ્યાનમાં રાખીને કાર્ય કરવા.

(૬) ચૈત્રઃ– વિવાહિત જીવનમાં ખટરાગ વધે. સમાજમાં યશ–પ્રતિષ્ઠાને હાનિ થાય કે માનભંગ થાય તેવા સંજોગો ઊભા ન થાય તેની તકેદારી રાખવી. આરોગ્ય કથળે. વિદેશ જવામાં મૃત્યુ તુલ્ય કષ્ટ પડે.

(૭) વૈશાખઃ– મગજ ખૂબ જ શાંત રાખીને વિચારીને કાર્ય કરવા. ઉતાવળા સૌ બહાવરા વિવાહિત જીવનમાં છુટાછેડા સુધી આવી જાવ.

(૮) અધિક જેઠઃ– આવક વધે. નવા નાણાકીય પ્રશ્નો હલ થાય. પરાક્રમી કાર્યો થાય. નાની યાત્રા થાય. મોજશોખ– મનોરંજન પાછળ નાણાં ખર્ચ વધે.

(૯) જેઠઃ– સ્થાવર મિલકતમાં ખરીદી થાય. નવા વાહનની ખરીદી થાય. આવકના સ્ત્રોત જળવાય. સંતાનની પ્રગતિ થાય. વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં વધારો થાય. ઉચ્ચ ડિગ્રી મેળવો. તમારા પાસા સવળા પડે.

(૧૦) અષાઢઃ– નવીન માર્ગ મેળવો. પ્રગતિ વધતી જાય. સંતાન અંગે ચિંતા વધે. જીવનસાથી સાથે પ્રેમ ભર્યો સમય પસાર થાય. નોકરીમાં સમય સાનુકૂળતા ભર્યો રહે. વેપારમાં હરણફાળ ભરશો.

(૧૧) શ્રાવણઃ– આ માસમાં સંતાનોની ન ધારેલી સફળતા મળે. અભ્યાસમાં મહેનતનું ફળ મળે. લોટરીથી ધન–લાભ થાય. નવી મિલકતમાં વધારો થાય.

(૧૨) ભાદરવોઃ– આ માસમાં નોકરી સારી અધિકારીવાળી મેળવો. સ્વમાન ઘવાય નહીં તેવા શબ્દ ન બોલવા, આરોગ્ય કથળે. સંતાનોથી અવરોધ આવે. વેપારમાં અવરોધ ઊભા થાય.

(૧૩) આસોઃ– આ માસમાં આવક વધે. વેપારમાં સંયોગ સારો રહે. ભાગીદારથી લાભ થાય. હરીફો વધશે. વિરોધી વધુ ઊભા થાય. પરિવારમાં શાંતિ જળવાય. દામ્પત્ય જીવનમાં ખટરાગ રહે.

આ વર્ષે ન ધારેલી સફળતા મળશે. સમાજમાં નામના–યશ–કીર્તિ વધશે. પોતાની જાતે જ આગળ વધશો. ગુલાબ જેવી સુવાસ ચોમેર તમારી ફેલાશે. સૂરજને વાદળા ઢાંકવાથી પ્રકાશ આપવાનું બંધ નથી કરતો. હંમેશાં ચમકતો જ રહે છે. સરકારી કાયદાની અંદર રહી કોઈ પણ કાર્ય કરશો તો સરકારી નજરકેદ નહીં બની શકો– ડગલા એવા ભરવા કે તેનાં પરિણામ શું આવે તે પહેલાં વિચારવું. ■


# સંસ્કૃતિની રંગોળી


માના વ્યાસ - વિલેપાર્લે


નીપા કે.


દૃષ્ટિ પંચોલી - પાલડી, અમદાવાદ


ચૈતાલી પટેલ


દર્શના રાવલ - કાંદિવલી


અલોમી પરીખ


ભૂમિ દેસાઈ, કાંદિવલી (વે.)


કૃપા સંપટ - ભાવિકા સંપટ


અદિતી રોહિત - સાયન


કોમલ નિશિત પટેલ - સાંતાક્રુઝ



દીપાલી પાર્થ પંચોલી-પાલડી, અમદાવાદ


દીપિકા પંચમતીયા - જૂહુ


જિજ્ઞા ઓઝા - બોરીવલી (વે.)


કલ્પના મહેન્દ્ર ગડા - ઘાટકોપર (ઈસ્ટ)



નિશા હિતેશ શાહ


સોનલ વિશાલ પરીખ - કાંદિવલી (વે.)


તન્વી શેઠ


આર્યા શાહ - બોરીવલી (વે.)


પ્રતીક પરમાર - મલાડ (વે.)



વિદિતા દેસાઈ - બોરીવલી (વે.)


તેઝલ કારિયા- હીરાનંદાની થાણે


પ્રવીણ વોરા - યુએસએ


પ્રિયંકા નાયક - ઘાટકોપર (ઈસ્ટ)


ઊર્વી સંઘવી અને ફોરમ ભટ્ટ - વિલેપાર્લે (વે.)



સ્વાતી શર્મા, અમરદીપ હૉસ્પિટલ, ડૉ. પ્રભુ સોલંકી



પાર્થ જિતેન્દ્ર નાકર - કાંદિવલી (વે.)


પંછી - માહિમ


પ્રજ્ઞા કલાપી


વિહાના ઠક્કર - થાણે (વે.)


સિદ્ધિ મહેતા




નીલમ ઠક્કર - મુલુંડ (વે.)


શાનવી અને રચના મહેતા



શ્વેતા કોઠારી - ગોરેગાંવ (વે.)


ગોરેગાંવ (વેસ્ટ)ના એક વાચક



રેચલ વિવેક નાગડા - ઘાટકોપર


અંકિતા નિખિલ પારેખ - સાંતાક્રુઝ (વે.)


રુચિ જૈન - થાણે (વે.)


પાર્થ અને નિરવી મહેતા - પાર્લા (વે.)

# મહિલા વર્લ્ડ કપમાં આજે ટોચની બે ટીમ વચ્ચે ટક્કર

ઇન્દોર: મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં આજે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) ટોચની બે ટીમ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે ટક્કર છે. બેઉ ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે, પરંતુ લીગ પૉઇન્ટ્સ ટેબલમાં સર્વોચ્ચ સ્થાને રહેવા તેમની વચ્ચે હરીફાઈ છે. ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર વન ઑસ્ટ્રેલિયા તેમ જ બીજા નંબરની ટીમ ઇંગ્લૅન્ડના આ સ્પર્ધામાં પાંચ-પાંચ મૅચ બાદ એકસરખા નવ-નવ પૉઇન્ટ છે.

સાઉથ આફ્રિકાની ટીમ પણ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે, જ્યારે સોમવારે શ્રીલંકા સામેના પરાજયને પગલે બાંગ્લાદેશની ટીમ સેમિ ફાઇનલની રેસની બહાર થનારી પ્રથમ ટીમ બની હતી.

ભારત પૉઇન્ટ્સ ટેબલમાં ચોથા સ્થાને છે, પરંતુ ગુરુવારે ભારતે ન્યૂ ઝીલૅન્ડને અને રવિવારે બાંગ્લાદેશને હરાવવું ખૂબ જરૂરી છે.

દરમ્યાન મંગળવારે કોલંબોમાં ફરી વરસાદ વિલન બન્યો હતો. સાઉથ આફ્રિકાએ નિર્ધારિત ૪૦ ઓવરમાં નવ વિકેટે ૩૧૨ રન કર્યા ત્યાર બાદ પાકિસ્તાનનો સ્કોર ચાર વિકેટે ૩૫ રન હતો ત્યારે વરસાદને લીધે મૅચ અટકી ગઈ હતી.

### એશિયા કપ ટ્રોફીના મુદ્દે ભારતને શ્રીલંકા અને અફઘાનિસ્તાનનો ટેકો

# નફ્ફટ નકવી હજી માનવા તૈયાર નથી, બીસીસીઆઇ હવે આઇસીસીની મધ્યસ્થીથી તેની સાન ઠેકાણે લાવશે

નવી દિલ્હીઃ ભારતે એશિયા કપ ટૂર્નામેન્ટ જીતી લીધી એને મહિનો થવા આવશે, પરંતુ પાકિસ્તાનના આંતરિક બાબતોને લગતા પ્રધાન અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના ચૅરમૅન મોહસિન નકવીના હઠાગ્રહને કારણે ભારતને ચૅમ્પિયનપદની ટ્રોફી મળવાનો મુદ્દો હજી પણ ઉકેલાયો નથી એટલે બીસીસીઆઇએ આ મામલો આવતા મહિને આઇસીસીમાં રજૂ કરીને નકવીની સાન ઠેકાણે લાવવાનું નક્કી કર્યું છે. બીસીસીઆઇએ પોતાનું વલણ ફરી સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે નકવીના હાથે ભારત ટ્રોફી નહીં સ્વીકારે. જય શાહ આઇસીસીના ચીફ છે.

૨૮મી સપ્ટેમ્બરે દુબઈમાં પાકિસ્તાનને ફાઇનલમાં હરાવ્યા બાદ ભારતીય ટીમે નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડી હતી જેને પગલે નકવી ટ્રોફી તેમ જ ભારતીય ખેલાડીઓ માટેના મેડલ પોતાના અધિકારીઓ મારફત મેદાન પરની ડેસ્ક પરથી લઈ ગયા હતા અને ભારતીય ખેલાડીઓના હકની એ ચીજો એસીસીની ઑફિસના કબાટમાં બંધ કરી દીધી હતી અને સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી કે ' મારા હસ્તે જ આ ટ્રોફી એનાયત કરાશે. બીસીસીઆઇમાંથી કોઈ પ્રતિનિધિ આવે તો તેમને જ આ ટ્રોફી અપાશે.' જોકે નકવીની આ વ્યવસ્થાને ભારતે ફરી વાર નકારી છે.

દરમ્યાન, ટ્રોફીના આ કિસ્સામાં ભારતને શ્રીલંકા અને અફઘાનિસ્તાને ટેકો આપ્યો છે અને એ બે દેશના ક્રિકેટ બોર્ડે ભારતને ટ્રોફી પહોંચાડી દેવા નકવીને વિનંતી કરી હતી. બીસીસીઆઇ તરફથી નવેસરથી એસીસી ચૅરમૅન નકવીને ઇમેઇલ મોકલવામાં આવી હતી, પરંતુ તેઓ ટસના મસ નથી થયા.

# હાર્દિક અને ગર્લફ્રેન્ડ માહિકા શર્મા દિવાળી પાર્ટીમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં

મુંબઈઃ છેલ્લે એશિયા કપમાં શ્રીલંકા સામેની મૅચમાં રમનાર ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજાને કારણે એક મહિનાથી ટીમ ઇન્ડિયાથી દૂર છે, પરંતુ મૉડેલ-ઍક્ટ્રેસ માહિકા શર્માની ખૂબ નજીક છે. માહિકા સાથેના તેના ડેટિંગની બાબતમાં દર અઠવાડિયે નવા-નવા કિસ્સા બહાર આવ્યા કરે છે જેમાં દિવાળી-પાર્ટીનો માહિકા સાથેનો સંગાથ લેટેસ્ટ કિસ્સો છે.

હાર્દિક અને માહિકા શર્મા, બન્ને જણ થોડા મહિનાથી રિલેશનશિપમાં છે અને તાજેતરમાં જ ૩૨ વર્ષીય હાર્દિકે આ રિલેશનશિપને ઇન્સ્ટાગ્રામ પર પુષ્ટિ આપી હતી. તેમની મિત્રતાને લગતી ઘણી સ્ટોરી સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ છે. સોમવારે ઇન્સ્ટાગ્રામ પર શૅર કરવામાં આવેલા ફોટોમાં બન્ને જણ લાલ રંગના ડ્રેસમાં સજ્જ હતા અને એક દિવાળી-પાર્ટીમાં હાજરી આપ્યા બાદ બહાર આવી રહેલા જોવા મળ્યા હતા.



હાર્દિક દમદાર લાલ કુર્તામાં સજ્જ હતો. તેણે કાળા રંગનું પૅન્ટ પહેર્યું હતું. તેણે લૉફર્સ પહેર્યા હતા, જ્યારે માહિકા રેડ સલવાર સૂટ તથા બ્લૅક લેગિંગ્સ અને સફેદ સૅન્ડલમાં સજ્જ હતી. તેઓ આ પાર્ટીમાં સ્ટાર-ઍટ્રૅક્શન્સ બન્યાં હતાં. હાર્દિક-માહિકાની અગાઉની તસવીર માલદીવ બીચની હતી જ્યાં હાર્દિકે ગર્લફ્રેન્ડ સાથે પોતાનો બર્થ-ડે સેલિબ્રેટ કર્યો હતો. હાર્દિકથી માહિકા સાત વર્ષ નાની છે.

# ભારતીય મૂળના સ્પિનરે પાકિસ્તાનની ધરતી પરથી રચ્યો ઈતિહાસ! અનેક વિક્રમોમાં પણ સામેલ

### કેશવ મહારાજે ૧૦૨ રનમાં પાકિસ્તાનની સાત વિકેટ લીધી

રાવલપિંડીઃ પાકિસ્તાનની ધરતી પર ભારતના ક્રિકેટરો રમતા જોવા મળે એ (પાકિસ્તાનના આતંકવાદ-તરફી અભિગમને કારણે) દોઢ દાયકાથી શક્ય નથી થયું અને હજી ઘણા વર્ષો સુધી સંભવ પણ નથી, પરંતુ ભારતીય મૂળના એક ખેલાડીએ મંગળવારે પાકિસ્તાનની ધરતી પર એક વિરલ સિદ્ધિ મેળવીને કરોડો ક્રિકેટપ્રેમીઓને જરૂર ચોંકાવી દીધા છે. એ ખેલાડી છે સ્પિનર કેશવ મહારાજ જે સાઉથ આફ્રિકા વતી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં એક જ ટેસ્ટ દાવમાં સાત કે સાતથી વધુ વિકેટની સિદ્ધિ ત્રણ વખત મેળવનાર વિશ્વનો પહેલો જ બોલર બન્યો છે.

પાકિસ્તાને સિરીઝની પ્રથમ ટેસ્ટમાં વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાને ૯૩ રનથી હરાવ્યું હતું અને હવે બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં પાકિસ્તાનની ટીમ ૩૩૩ રનમાં ઑલઆઉટ થઈ ગઈ અને તેમની ૧૦માંથી સાત વિકેટ કેશવ મહારાજે લીધી હતી.

કેશવ આત્માનંદ મહારાજ ૩૫ વર્ષનો છે. તે લેફ્ટ-આર્મ સ્પિનર છે અને તેણે ૪૨.૪ ઓવરમાં ૧૦૨ રનમાં પાકિસ્તાનના સાત બૅટ્સમેનને પૅવિલિનનો રસ્તો બતાડ્યો હતો. તેની મુખ્ય વિકેટોમાં કૅપ્ટન શાન મસૂદ અને ટી-૨૦ ટીમના સુકાની સલમાન આગાની વિકેટોનો સમાવેશ હતો. શાન મસૂદ ૮૭ રનમાં આઉટ થતાં ૧૩ રન માટે સદીથી વંચિત રહ્યો હતો. સલમાન (૪૫ રન) પાંચ રન માટે હાફ સેન્ચુરી ચૂક્યો હતો. ૬૬ રન કરનાર સાઉદ શકીલની વિકેટ પણ મહારાજે જ લીધી હતી.



**સાઉથ આફ્રિકા ૪/૧૮૫**

પાકિસ્તાનના ૩૩૩ રનના જવાબમાં સાઉથ આફ્રિકાએ ૧૮૫ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ટ્રિસ્ટેન સ્ટબ્સ ૬૮ રને રમી રહ્યો હતો. ટૉની ડિ ઝોર્ઝી પંચાવન રન બનાવીને આઉટ થયો હતો. સાઉથ આફ્રિકા હજી ૧૪૮ રનથી પાછળ છે.

મહારાજે ટેસ્ટ-કારકિર્દીમાં ૧૨મી વખત દાવ પાંચ કે પાંચથી વધુ વિકેટ લીધી છે. તેણે ડબ્લ્યૂટીસીમાં સૌથી વધુ બે વખત દાવમાં સાત કે વધુ વિકેટની સિદ્ધિ મેળવનાર રવિચન્દ્રન અશ્વિન, ન્યૂ ઝીલૅન્ડના મૅટ હેન્રી, પાકિસ્તાનના નોમાન અલી અને બાંગ્લાદેશના સાજિદ ખાનનો વિક્રમ તોડી નાખ્યો છે. મહારાજ એશિયાની ધરતી પર એક કરતાં વધુ વખત ઇનિંગ્સમાં સાત કે વધુ વિકેટ લેનાર ઑસ્ટ્રેલિયન સ્પિનર નૅથન લાયન પછીનો બીજો બિન-એશિયન બોલર પણ બન્યો છે. મહારાજ એશિયામાં ૫૦ ટેસ્ટ વિકેટ પૂરી કરનાર સાઉથ આફ્રિકાનો ત્રીજો બોલર અને પ્રથમ સ્પિનર બન્યો છે. ડબ્લ્યૂટીસીમાં સૌથી વધુ વખત પાંચ કે વધુ વિકેટ લેનાર લેફ્ટ-આર્મ સ્પિનર્સમાં મહારાજ હવે ત્રીજા નંબરે છે. તેણે રવીન્દ્ર જાડેજાની સિદ્ધિ પાર કરી છે. શ્રીલંકાના પ્રભાત જયસૂર્યાએ નવ વખત, પાકિસ્તાનના નોમાન અલી તથા બાંગ્લાદેશના તૈજુલ ઇસ્લામે આઠ-આઠ વખત મેળવી હતી. હવે સાત વખત આ ઉપલબ્ધિ મેળવનાર કેશવ મહારાજ ત્રીજા સ્થાને છે અને ચોથા સ્થાને જાડેજાના નામે આવી છ સિદ્ધિ છે.

# વન-ડે ક્રિકેટના ૫૪ વર્ષના ઈતિહાસમાં પહેલો જ કિસ્સોઃ તમામ ૫૦ ઓવર માત્ર સ્પિનરોએ કરી, વેસ્ટ ઇન્ડિઝનો વિશ્વવિક્રમ

મીરપુર (બાંગ્લાદેશ): અહીં બાંગ્લાદેશ સામેની બીજી વન-ડેમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમે અજબ વિશ્વવિક્રમ રચ્યો હતો. વન-ડે ક્રિકેટ ૧૯૭૧ની સાલથી રમાય છે અને એમાં ક્યારેય કોઈ એક મૅચમાં પૂરી ૫૦ ઓવર સ્પિનર્સે નહોતી કરી, પરંતુ વન-ડેના ૫૪ વર્ષના ઇતિહાસમાં આવું પહેલી વાર બન્યું છે. બાંગ્લાદેશની ઇનિંગ્સમાં તમામ ૫૦ ઓવર વેસ્ટ ઇન્ડિઝના સ્પિનર્સે પૂરી કરી હતી. શેર-એ-બંગ્લાની પિચ સ્પિનર્સને વધુ ફાયદો કરાવનારી હતી અને એના પર ૫૦ ઓવર પૂરી કરનાર આ પાંચ કૅરિબિયન સ્પિનર્સમાં લેફ્ટ-આર્મ સ્પિનર અકીલ હોસૈન, ઑફ-સ્પિનર રૉસ્ટન ચેઝ, લેફ્ટ-આર્મ સ્પિનર ખેરી પીએર, લેફ્ટ-આર્મ સ્પિનર ગુડાકેશ મૉટી અને ઑફ-સ્પિનર અલિક ઍથાનેઝનો સમાવેશ હતો. મિડિયમ પેસ બોલર જસ્ટિન ગ્રીવ્ઝ ટીમમાં હતો, પરંતુ કૅપ્ટન શાઇ હોપે માત્ર સ્પિનર્સ પર જ ભરોસો રાખ્યો હતો. ચેઝ અને પીએરને વિકેટ નહોતી મળી, પરંતુ મૉટીએ ત્રણ તેમ જ હોસૈન અને ઍથાનેઝે બે-બે વિકેટ લીધી હતી.

**સુપર ઓવરમાં વિન્ડીઝ જિત્યું**

બાંગ્લાદેશના ૫૦ ઓવરના ૭/૨૧૩ના સ્કોર બાદ વેસ્ટ ઇન્ડિઝે કૅપ્ટન શાઇ હોપના અણનમ ૫૩ રનની મદદથી ૫૦ ઓવરમાં ૯/૨૧૩નો સ્કોર નોંધાવતાં મૅચ સુપર ઓવરમાં ગઈ હતી. વેસ્ટ ઇન્ડિઝે એ એક ઓવરમાં એક વિકેટે ૧૦ રન કર્યા હતા, બાંગ્લાદેશની ટીમ ઘણા વાઇડ અને નો બૉલ છતાં એક વિકેટે નવ રન બનાવી શકતાં કૅરિબિયનોનો રોમાંચક સુપર ઓવરમાં વિજય થયો હતો અને શ્રેણી ૧-૧ની બરાબરીમાં આવી ગઈ હતી.

# ખેલો ઇન્ડિયાની દેનઃ સિન્ડ્રેલા અને દિવ્યાંશી ટેબલ ટેનિસમાં બની ગઈ નંબર-વન



નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારના ખેલો ઇન્ડિયાની બે જાણીતી ઍથ્લીટ સિન્ડ્રેલા દાસ અને દિવ્યાંશી ભૌમિકની ટેબલ ટેનિસ જોડીએ ભારત માટે નવો ઇતિહાસ રચ્યો છે. તેમણે ઐતિહાસિક સિદ્ધિ મેળવીને ખેલો ઇન્ડિયાને વિશ્વભરમાં અનેરું ગૌરવ અપાવ્યું છે. સિન્ડ્રેલા અને દિવ્યાંશીની જોડીએ ટેબલ ટેનિસમાં અન્ડર-૧૯ ગર્લ્સ ડબલ્સ વર્લ્ડ રૅન્કિંગ્સમાં નંબર-વનની રૅન્ક હાંસલ કરી છે. ઇન્ટરનૅશનલ ટેબલ ટેનિસ ફેડરેશનની એક યાદીમાં આ જાણકારી આપવામાં આવી હતી. સિન્ડ્રેલા-દિવ્યાંશીની જોડીના નામે ૩,૯૧૦ પૉઇન્ટ છે જે તમામ દેશોની આ વર્ગની ટેબલ ટેનિસ ખેલાડીઓમાં સર્વોત્તમ છે. તેમણે તાઇપેઇની વુ જિઆ-એન અને વુ યિન્ગ-સ્યૂઆનની જોડીને ઝાંખી પાડી દીધી છે. વુ-વુની જોડીના નામે ૩,૧૯૫ પૉઇન્ટ છે. ફ્રાન્સની લીઍના હૉકાર્ટ અને નિના ગુઓ ઝેન્ગ (૩,૧૭૦) ત્રીજા નંબરે છે.

## વેપાર વાણિજ્ય

# રૂપિયામાં ચંચળતા ડામવા રિઝર્વ બૅન્કે ઑગસ્ટમાં ૭.૭ અબજ ડૉલર ઠાલવ્યા

મુંબઈઃ ગત ઑગસ્ટ મહિનામાં હાજર બજારમાં ડૉલર સામે રૂપિયામાં વધેલી ચંચળતા અને ગબડતાં રૂપિયાને અટકાવવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ૭.૭ અબજ ડૉલરનું વેચાણ કર્યું હતું.

રિઝર્વ બૅન્કે તાજેતરમાં જાહેર કરેલા બુલેટિનમાં જાહેર કરેલી ડૉલરનાં ખરીદ અને વેચાણની આંકડાકીય માહિતી અનુસાર ગત ઑગસ્ટ મહિનામાં રિઝર્વ બૅન્કનું ડૉલરમાં ચોખ્ખું વેચાણ આગલા જુલાઈ મહિનાની સરખામણીમાં ત્રણ ગણાં કરતાં વધુ ૭.૬૯ અબજ ડૉલરની સપાટીએ રહ્યું હતું. જોકે, ગત જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં રિઝર્વ બૅન્કે ડૉલરની કોઈ ખરીદી ન કરી હોવાનું ઉમેર્યું હતું. સામાન્યપણે રિઝર્વ બૅન્કે ડૉલર સામે રૂપિયાનાં વિનિમય દર માટે કોઈ સ્તર કે રેન્જનો કોઈ લક્ષ્યાંક નથી રાખ્યો એવું વલણમાં સ્પષ્ટતા કરી છે, પરંતુ જ્યારે રૂપિયામાં ચંચળતા વધે ત્યારે રિઝર્વ બૅન્ક બજારમાં હસ્તક્ષેપ કરતી હોય છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ઑગસ્ટ મહિનામાં ડૉલર સામે રૂપિયામાં ૧.૬ ટકાનો ઘસારો આવ્યો હતો. આ ઉપરાંત સપ્ટેમ્બર મહિનામાં પણ વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા વધવાથી વેપાર અંગેના તણાવ અને ફોરેન પોર્ટફોલિયો રોકાણકારોનો બાહ્ય પ્રવાહ રહ્યો હોવાથી ડૉલર સામે રૂપિયામાં નરમાઈનો જ અન્ડરટોન રહ્યો હતો.

# વૈશ્વિક સોનામાં વિક્રમ તેજી પશ્ચાત્ થાક ખાતી તેજીઃ રોકાણકારોની નજર ફુગાવાના ડેટા પર

લંડનઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે ખાસ કરીને સોનામાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગ ઉપરાંત ફેડરલ રિઝર્વ ઑક્ટોબર અને ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ વચ્ચે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૩૮૧.૨૧ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે વધ્યા મથાળેથી રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હતો અને તેજીએ થાક ખાધો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકાના ઘટીને ૪૨૬૪.૯૧ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૧.૯ ટકા ઘટીને ૪૨૭૮.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૪.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૫૦.૧૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે હજુ સોનાના ભાવમાં વધારો થઈ શકે છે પરંતુ ભાવવધારાની ગતિ ઝડપી નહીં હોય. આથી જ દરેક વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી રહી છે, એમ વિસ્ડમ ટ્રીના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવતાં ઉમેર્યું હતું કે ભૂરાજકીય અને આર્થિક અનિશ્ચિતતા, કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં અવિરત લેવાલી, મજબૂત રોકાણલક્ષી માગ અને ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવીને વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સોનાની તેજીને ટેકો આપી રહ્યો છે.

હવે રોકાણકારોની નજર આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાનાં સપ્ટેમ્બર મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. જોકે બજાર વર્તુળો ફુગાવામાં વર્ષાનુવર્ષ ધોરણે ૩.૧ ટકાનો વધારો થાય તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ જ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી ૨૮-૨૯ ઑક્ટોબરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

# સતત આઠમા વર્ષે મુહૂર્ત ટ્રેડિંગમાં પોઝિટિવ રિટર્નઃ બેન્ચમાર્કમાં મામૂલી ફેરફાર, સ્મોલ અને મિડકૅપમાં સારો સુધારો

### વિક્રમ સંવત ૨૦૮૨ના મુહૂર્ત સત્રમાં ઈન્ડસ્ટ્રીઅલ, ટેલિકોમ અને કોમોડિટી શૅર ઝળક્યા, માર્કેટ કૅપમાં ₹ ૧.૧૬ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુહૂર્ત ટ્રેડિંગ ૨૦૨૫: ભારતીય શેરબજારના બેન્ચમાર્ક, સેન્સેક્સ અને નિફ્ટી મુહૂર્ત ટ્રેડિંગમાં નજીવા વધારા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ ૬૩ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા વધીને ૮૪,૪૨૬.૩૪ પોઇન્ટની સપાટીએ, જ્યારે નિફ્ટી ઇન્ડેક્સ પચીસ પોઈન્ટ અથવા ૦.૧૦ ટકા વધીને ૨૫,૮૬૮.૬૦ પોઇન્ટના સ્તરે પર બંધ થયો છે. જોકે, મિડ અને સ્મોલ-કેપ સેગમેન્ટ્સે સારો દેખાવ કર્યો છે. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ૦.૨૩ ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૯૧ ટકા વધ્યો હતો.

આ ખાસ સત્ર દરમિયાન એચડીએફસી બેંક, ઇન્ફોસિસ અને એક્સિસ બેંક જેવા પસંદગીના હેવીવેઇટ શેર ટોપ ગેઇનર બન્યા હતા. બીજી બાજુ, આઇસીઆઇસીઆઇ બેંક, કોટક મહિન્દ્રા બેંક અને ભારતી એરટેલ સેન્સેક્સ પર ટોપ લૂઝર્સ રહ્યા હતા.

મંગળવારે ખાસ મુહૂર્ત ટ્રેડિંગ સત્ર દરમિયાન ભારતીય શેરબજારો મજબૂત રીતે ખુલ્યા હતા. નિફ્ટસત્ર દરમિયાન સેન્સેક્સ ૮૪૬૬૫.૪૪ની તેની બાવન અઠવાડિયાની ઊંચી સપાટીએ પહોંચ્યો, જ્યારે નિફ્ટી પણ ૨૫,૯૩૪.૩૫ની તેની નવી એક વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જોકે બેન્ચમાર્ક ઊંચી સપાટી ટકાવી શક્યા નહોતા. વિશ્લેષકો સંવત ૨૦૮૨ માટે આશાવાદી છે, ઓટોમોબાઈલ અને બેંકિંગ જેવા ક્ષેત્રોના નેતૃત્વમાં કમાણી વૃદ્ધિની આગાહી કરે છે.

નિફ્ટી ઇન્ડેક્સમાં સિપ્લા (૧.૫૮ ટકા વધ્યો), બજાજ ફિનસર્વ (૧.૧૮ ટકા વધ્યો), અને ઇન્ફોસિસ (૦.૬૯ ટકા વધ્યો) ટોચના વધનારા શેરમાં સામેલ હતા, જ્યારે કોટક મહિન્દ્રા બેંક (૦.૯૮ ટકા ઘટ્યો), આઈસીઆઈસીઆઈ બેંક (૦.૬૫ ટકા ઘટ્યો), અને એશિયન પેઇન્ટ્સ (૦.૬૪ ટકા ઘટ્યો)ના શેર ઇન્ડેક્સમાં ટોચના ઘટનારા શેરમાં સામેલ હતા.

એકંદરે, ઇન્ડેક્સમાં પચાસમાંથી પચીસ શેર ઘટીને બંધ થયા હતા. મોટાભાગના ક્ષેત્રીય સૂચકાંકો ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. નિફ્ટી મીડિયા (૦.૫૬ ટકા વધ્યો), મેટલ (૦.૪૦ ટકા વધ્યો), અને ફાર્મા (૦.૩૪ ટકા વધ્યો) સારા વધારા સાથે બંધ થયા હતા. જોકે, નિફ્ટી રિયલ્ટી (૦.૦૯ ટકા નીચે) અને પીએસયુ બેંક (૦.૦૬ ટકા નીચે) નેગેટીવ ઝોનમાં ધકેલાઇ ગયા હતા. વિશ્વબજારની ઝડપી તેજી સાથે સ્થાનિક સ્તરે ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોની લેવાલીના બળે સતત પાંચમા દિવસની આગેકૂચ જોવા મળી હતી. પાછલાં ૧૦ વર્ષના ડેટા અનુસાર, બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટીમાં મુહૂર્ત ટ્રેડિંગના ૧૦ સેશનમાંથી આઠ સેશનમાં તેજી જોવા મળી છે, જ્યારે માત્ર બે વખત જ ઘટાડા સાથે બંધ થયો છે. એટલે કે આ સેશનમાં માર્કેટનો ટ્રેન્ડ મોટાભાગે સકારાત્મક રહ્યો છે.

છેલ્લે ૨૦૧૭માં નિફ્ટીએ ૦.૬૩ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો, પરંતુ ત્યારબાદ સતત સાત વર્ષ સુધી મુહૂર્ત ટ્રેડિંગમાં બજારે પોઝિટિવ રિટર્ન આપ્યું છે. સરેરાશ નિફ્ટીએ આ દરમિયાન ૦.૩૫ ટકાનું રિટર્ન આપ્યું છે. વર્ષ ૨૦૨૨માં તો બજારે ૦.૮૭ ટકાની જોરદાર છલાંગ લગાવી હતી, જે પાછલા દસ વર્ષમાં સૌથી વધુ હતી.

એકંદરે માહોલ સારો રહ્યો હતો. ભારતીય બજારે બીજા ક્વાર્ટરના મજબૂત પરિણામો, ઉત્સવના આશાવાદ અને સકારાત્મક વૈશ્વિક સંકેતોને આધારે પોતાની ઉર્ધ્વ ગતિ જાળવી રાખી હતી. ડીઆઇઆઇની મજબૂત લેવાલી સાથે ઓક્ટોબરમાં એફઆઇઆઇના પ્રવાહમાં સુધારો થવાથી બજારને સારો ટેકો મળ્યો છે. પીએસયુ બેંકો અને મધ્યમ કદના નાણાકીય ક્ષેત્રોમાં વધારો થયો, જ્યારે ક્રૂડ ઓઇલના નરમ ભાવ અને મજબૂત રૂપિયાથી ઓઇલ શેરોને ફાયદો થયો છે. સ્થાનિક સકારાત્મક આર્થિક ડેટા, સારા કોર્પોરેટ પરિણામ અને એફઆઇઆઇની વેચવાલી અટકવાના આશાવાદ ઉપરાંત શોર્ટ કવરિંગને કારણે વચ્ચે સાર્વત્રિક લેવાલીનો માહોલ જામ્યો છે. એફઆઇઆઇની શરૂ થયેલી ધીમી લેવાલી, યુએસ બોન્ડ યીલ્ડના ઘટાડા અને રૂપિયાની મજબૂતીથી નિફ્ટી બાવન અઠવાડિયાની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ઉત્સવના આશાવાદ અને ઘટતા જતા આઇપીઓ દબાણે પણ તેજીમાં ફાળો આપ્યો અને તેમાં શોર્ટ કવરિંગે ઉછાળાની ગતિને વધુ મજબૂત બનાવી છે.

જોકે, પાછલાં દિવાળી મૂહૂર્તથી આ મુહૂર્તના સોદામાં રોકાણકારોને નિરાશા સાંપડી છે. એ જ રીતે, ગઈ દિવાળીથી આ દિવાળી સુધી તેજીવાળા શેરબજારો માટે મુશ્કેલ સમય રહ્યો છે. ફ્રન્ટ લાઇન શેરઆંક નિફ્ટી અને સેન્સેક્સમાં ૫.૫૦ ટકા અને બેંક નિફ્ટીમાં ૧૧ ટકા સુધારા સામે મિડકેપમાં ૦.૫૦ ટકા સુધારો થયો છે, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ તો ચાર ટકા ગબડ્યો છે. આમાના અમુક શેરો ઊંચા સ્તરથી ૨૦થી ૨૫ ટકાથી વધુ ઘટ્યા હતા.

જો આપણે કામગીરી નોંધાવનાર એસેટ ક્લાસ પર નજર કરીએ, તો પાછલી ધનતેરસથી અત્યાર સુધીમાં સોનામાં ખરેખર ધમાલ મચી છે, ત્યારબાદ ચાંદીનો ક્રમ આવે છે. ક્ષેત્રીય ધોરણે, બેંકો, એફએમસીજી ઓટો અને મેટલ ૧૦ ટકાથી વધુ ઉછાળા સાથે ટોચના ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે મીડિયા, એનર્જી અને આઇટી ૧૦ ટકાથી વધુ ઘટાડા સાથે ટોચના લૂઝર્સ રહ્યા હતા.

પાછલું એક વર્ષ ભારતીય બજારો માટે ખૂબ જ અસામાન્ય રહ્યું છે. ૨૦૨૦ પછીના સૌથી લાંબા સમયથી, આપણે વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરતા બજારોમાં સામેલ છીએ, પરંતુ તાજેતરમાં તેમાં ફેરફાર થયો હોય તેવું લાગે છે અને જો આપણે અમેરિકા, ચીન, જાપાન, કોરિયા, તાઇવાન અથવા તો યુરોપ જેવા કેટલાક બજારો સાથે સરખામણી કરીએ તો, ભારતીય બજારોએ ગતિ જાળવી નથી.

આ સમયગાળાને અસામાન્ય બનાવતી બાબત એ છે કે ફુગાવો ૧.૫૪ ટકાની આઠ વર્ષ નીચી સપાટીએ, જીડીપી વૃદ્ધિ ૭.૮ ટકા, રાજકોષીય ખાધ ૪.૪ ટકા જેવા મજબૂત મેક્રો હોવા છતાં ઇક્વિટી બજારની કામાગીરી નબળી રહી છે. સરકારના તાજેતરના જીએસટી સુધારા, આવકવેરામાં ૧૨ લાખ રૂપિયાની રાહત, વ્યાજ દરમાં ઘટાડો અને ૨૦૨૬માં સીઆરઆરમાં ૧૦૦ બેસિસ પોઇન્યનો ઘટાડો એ યોગ્ય સમયે બૂસ્ટર શોટ છે અને પરિણામે આપણે આગામી ક્વાર્ટરમાં કમાણીમાં સુધારો જોવા મળી રહ્યો છે.

વધુમાં, ઉત્પાદન અને ઇન્ફ્રા ક્ષેત્રમાં થઈ રહેલા માળખાકીય સુધારાઓ સાથે જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ આર્થિક ચક્ર વધુ મજબૂત દેખાય છે. શેરબજારમાં સતત પાચમા સત્રમાં તેજી જોવા મળી હતી. વિક્રમ સંવત ૨૦૮૨ના મુહૂર્ત સત્રમાં ઈન્ડસ્ટ્રિયલ્સ, ટેલિકોમ્યુનિકેશન અને કોમોડિટી શેરો સૌથી અધિક વધ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ.૧.૧૬ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૩ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૯૧ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૧૨ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૧૯ ટકા વધ્યો હતો.

બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મુહૂર્તનાં કામકાજ માટે બપોરે ૧.૪૫ વાગ્યાથી ૨.૪૫ વાગ્યા દરમિયાન વિશેષ સત્ર યોજવામાં આવ્યું હતું. આ સત્રના અંતે સેન્સેક્સ મંગળવારના ૮૪,૩૬૩.૩૭ પોઇન્ટના બંધ સામે ૬૨.૯૭ પોઈન્ટ્સ (૦.૦૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૪,૪૮૪.૬૭ ખૂલી ઉપરમાં ૮૪,૬૬૫.૪૪ સુધી અને નીચામાં ૮૪,૨૮૬.૪૦ સુધી જઈ ૮૪,૪૨૬.૩૪ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૯.૭૩ લાખ કરોડથી રૂ. ૧.૧૬ લાખ કરોડ વધીને રૂ. ૪૭૦.૮૯ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૫૧ ટકા, કોમોડિટીઝ ૦.૪૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૪ ટકા, સર્વિસીસ ૦.૩૮ ટકા, મેટલ ૦.૩૭ ટકા, હેલ્થકેર ૦.૩૬ ટકા અને પાવર ૦.૩૩ ટકા વધ્યા હતા, જ્યારે બેન્કેક્સ ૦.૦૨ ટકા, રિયલ્ટી ૦.૦૧ ટકા ઘટ્યા હતા, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ સ્થિર રહ્યો હતો.

એક્સચેન્જમાં ૪,૧૭૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૩,૦૨૩ સ્ટોક્સ વધ્યા હતા, ૯૫૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૨૦૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૭૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૧ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૦ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બજાજ ફિનસર્વ ૧.૪૨ ટકા, એક્સિસ બેન્ક ૦.૮૦ ટકા, ઈન્ફોસિસ ૦.૭૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૬૦ ટકા, ટાટા મોટર્સ ૦.૫૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૫૩ ટકા અને તાતા સ્ટીલ ૦.૫૨ ટકા વધ્યા હતા, જ્યારે કોટક બેન્ક ૦.૮૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૬૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૫૩ ટકા, ભારતી એરટેલ ૦.૩૯ ટકા, મારુતિ ૦.૨૬ ટકા, ટ્રેન્ટ ૦.૨૪ ટકા અને તાતા કન્સલ્ટન્સી ૦.૨૩ ટકા ઘટ્યા હતા.

# દિવાળીમાં વરસાદનો ધોકો

## મુંબઈ સહિત રાજ્યમાં વીજળીના ગડગડાટ સાથે જોરદાર વરસાદ



**ઝાંખું મુંબઈ...** મુંબઈમાં હવાની ગુણવત્તા ઘટતા મંગળવારે વાતાવરણ ધૂંધળું રહ્યું હતું. અને વિઝિબિલિટી ઘટી હતી. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સાંજના બરોબર દિવાળીની દિવસે અચાનક આવી પડેલા વરસાદને કારણે મુંબઈગરાની ઊજવણી પર પાણી ફરી વળ્યું હતું. સાંજના લક્ષ્મીપૂજા કરવાના સમયે તથા દિવાળીની ખરીદી માટે બહાર નીકળેલા લોકોને વરસાદને કારણે હેરાનગતીનો સામનો કરવો પડયો હતો. મુંબઈ, થાણે સહિત રાજ્યના મોટાભાગ વિસ્તારમાં વીજળીના ગડગડાટ સાથે આવી પડેલા વરસાદને કારણે દિવાળીની તૈયારી અને લોકોની ખરીદીને ફટકો પડયો હતો.

મુંબઈમાં બે-ત્રણ દિવસથી વાદિળયું વાતાવરણ જણાઈ રહ્યું હતું. વાદળિયા વાતાવરણ વચ્ચે સાંજના પાંચ વાગ્યા બાદ વાતાવરણમાં એકદમ પલટો આવ્યો હતો. પવન ફૂંકાવાની સાથે ધુળિયા વાતાવરણ વચ્ચે છ વાગ્યા બાદ (જુઓ પાનું ૪) ▶▶

## સવારના એક્યુઆઈ ૨૦૦ને પાર

### સાંજના વરસાદના ઝાપટાં બાદ એક્યુઆઈમાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં દિવાળીની ઊજવણી નિમિત્તે ફૂટેલા ફટાકડાને કારણે મુંબઈમાં વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ જોખમી સ્તરે વધી ગયું હતું. મંગળવારે સવારના મુંબઈનો સરેરાશ એક્યુઆઈ ૨૦૦ને પાર કરી ગયો હતો. બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સમાં સૌથી વધુ માત્રામાં પ્રદૂષણ રહ્યું હતું. સવારના અહીં એક્યુઆઈ ૩૭૫ જેટલો ઊંચો નોંધાયો હતો. જોકે મુંબઈમાં સાંજ બાદ પડેલા વરસાદના ઝાપટાંને કારણે વાતાવરણમાં રહેલી ધૂળ અને પ્રદૂષણના કણ જમીન પર બેસી જતા મુંબઈનો સરેરાશ એક્યુઆઈ સાંજના ૭.૩૦ વાગે ૧૪૭ નોંધાયો હતો અને મોડી રાત બાદ ફરી હવાની ગુણવત્તા ઘસરી હતી. દિવાળીના તહેવારમાં મુંબઈની હવાની ગુણવત્તા ઘસરી ગઈ (જુઓ પાનું ૪) ▶▶

**‘બીએઆરસીમાં ‘ઘૂસેલો જાસૂસ’**

# અલી રઝા, અખ્તર હુસેન, એલેકઝાંડર પાલ્મરઃ ‘અણુ-જાસૂસ’ એક, ઓળખ ત્રણ

## બોગસ વિજ્ઞાનીએ ૨૦ વર્ષ સુધી બદલી ઓળખઃ ત્રણ પાસપોર્ટ, નકલી દસ્તાવેજો બનાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી)નો વિજ્ઞાની હોવાનો દાવો કરનારા શકમંદ અખ્તર કુતુબુદ્દીન હુસેનીની ધરપકડ બાદ તેની પૂછપરછમાં નવા ખુલાસા થઇ રહ્યા છે. ૨૦૦૪માં દુબઇથી ડિપોર્ટ કરાયા બાદ અખ્તરે માત્ર પોતાનું નામ નહીં, પણ સંપૂર્ણ પર્સનાલિટી બદલી નાખી હતી. તે ‘અખ્તર’માંથી એલેકઝાંડર પાલ્મર બની ગયો હતો. આ નામના તેણે ત્રણ પાસપોર્ટ સહ નકલી દસ્તાવેજો પણ બનાવ્યા હતા.

મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના ક્રાઇમ ઇન્ટેલિજન્સ યુનિટે (સીઆઇયુ) શુક્રવારે (જુઓ પાનું ૪) ▶▶

# ભાજપનો ‘અબ કી બાર ૭૦ પાર’નો નારો

## થાણેમાં સંઘર્ષ વચ્ચે સિનિયર નેતાનું નિવેદન, અમે યુતિ તોડવા માગતા નથીઃ વિધાનસભ્ય બોલ્યા અમારી તાકાત વધારે, એકલા લડીશું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ આ વર્ષના અંત પહેલાં લેવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે રાજકીય પક્ષો પોતાના ગણિત બેસાડી રહ્યા છે ત્યારે ભાજપે મંગળવારે મુંબઈ અને થાણેમાં ઉમેદવારો માટે જે માર્ગદર્શન શિબિરો લીધી તેનું વાતાવરણ જોતાં એવું લાગી રહ્યું છે કે શિવસેનાની જેમ જ હવે ભાજપમાં પણ સ્વબળનો નારો જોર પકડી રહ્યો છે. જ્યારે બીજી તરફ સિનિયર નેતાઓ અને પક્ષનું મોવડીમંડળ હજી પણ યુતિ તોડવા માગતા નથી એવી વાત કરી રહ્યા છે.

મંગળવારે, ભાજપના ઉમેદવારો માટે (જુઓ પાનું ૪) ▶▶

# મહાયુતિમાં ૧૮ મનપામાં ભંગાણ પાક્કું

## ભાજપના નેતાઓ દ્વારા સાથી પક્ષોને ડરાવવાના પ્રયાસઃ શિવસૈનિકોમાં પણ હવે સ્વબળનો નારોઃ જિલ્લાવાર બેઠકો બોલાવવાની હિલચાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓના પડઘમ વાગવાનો ઈંતજાર થઈ રહ્યો છે ત્યારે મહાયુતિમાં જ તણાવ જોવા મળી રહ્યો છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં, ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં ગઠબંધનને લઈને શિવસેનામાં વિરોધ જોવા મળી રહ્યો છે. આ વિરોધ મુખ્યત્વે સ્થાનિક સંસ્થા અને મ્યુનિસિપલ (જુઓ પાનું ૪) ▶▶

## ‘જે વોર્ડમાં અમારી તાકાત છે તે છોડીશું નહીં,’ કાર્યકરોની સ્પષ્ટ વાત

### મુંબઈમાં પણ કોકડું ગૂંચવાયુંઃ ૨૨૭ વોર્ડનો ‘ગ્રાઉન્ડ સર્વે’ ચાલુ

મુંબઈ: થાણેની જેમ જ મુંબઈમાં પણ હવે ભાજપના કાર્યકર્તાઓ આક્રમક બની રહ્યા છે. એક તરફ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ અમિત સાટમ મુંબઈમાં યુતિ અકબંધ રહેશે એવી વાત કરી રહ્યા છે, પરંતુ બીજી તરફ કાર્યકર્તાઓ અક્કડ વલણ અપનાવી રહ્યા છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીઓ પહેલા, મુંબઈ ભાજપના કાર્યકરોએ આક્રમક વલણ અપનાવ્યું છે અને નેતૃત્વને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. તેઓ એવી માગણી કરી રહ્યા છે કે ‘વોર્ડ નં. ૬ સહિત કોઈપણ વોર્ડ જ્યાં ભાજપની મજબૂત પક્કડ છે, તેને (જુઓ પાનું ૪) ▶▶

## સોલાપુરમાં ચાર વિધાનસભ્યોને કારણે ભાજપ-એનસીપી વચ્ચે સંબંધો બગડશે?

મુંબઈ: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં રાજકીય ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. સોલાપુરમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપીને મોટો ઝટકો લાગવાની શક્યતા નિર્માણ થઈ છે કેમ કે એવું જાણવા મળી રહ્યું છે કે (જુઓ પાનું ૪) ▶▶

નૂતન વર્ષમાં આપનું અને આપના પરિવારનું સ્વાસ્થ્ય સુખમય રહે તેવી આપ સૌને શુભેચ્છાઓ
નૂતન વર્ષાભિનંદન
નૂતન નાગરિક સહકારી બેંક લિ.
મલ્ટી સ્ટેટ શિડ્યૂલ્ડ બેંક
:: હેડ ઓફિસ ::
સમર્થેશ્વર મહાદેવ મંદિર સામે, લો-ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
www.nutanbank.com
ફોન : ૧૮૦૦ ૨૩૩ ૩૭૩૭

**નવી મુંબઈની રાહેજા રેસિડેન્સીની આગમાં છ વર્ષની બાળકી સહિત ચારનાં મોત**

# પાડોશીએ સમજાવ્યા, પણ ઘરમાં જ રહેવાનો નિર્ણય બાલકૃષ્ણન પરિવાર માટે જીવલેણ બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવી મુંબઈમાં બહુમાળીય રહેણાંક બિલ્ડિંગમાં સોમવારે મોડી રાતના લાગેલી આગમાં પડોશીની ઘરની બહાર નીકળવાની વિનંતીને નહીં ગણકારતા ઘરમાં જ સુરક્ષિત રહેવાની ખોટી જીદમાં બાલકૃષ્ણન પરિવારે જીવ ગુમાવ્યો હતો.

વાશીના સેક્ટર ૧૪માં આવેલા એમજીએમ કૉમ્પ્લેક્સની રાહેજા રેસિડેન્સીમાં ૧૦ માળા પરના ફલેટમાં શુક્રવારે રાતના ૧૨.૩૦ વાગે આગ ફાટી નીકળી હતી, જેમાં બારમા માળા (જુઓ પાનું ૪) ▶▶

### બિલ્ડિંગને ફાયર બ્રિગેડની નોટિસ

શુક્રવાર રાતના આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને બિલ્ડિંગની ફાયર સેફટી સિસ્ટમની મદદથી આગ બુઝાવવાના પ્રયાસ કર્યા હતા પણ ગ્રાઉન્ડ ફ્લોર પરના પાણી પાઈપને ગ્રેવીટી ન હોવાને કારણે ઉપરના માળા સુધી પાણીનો છંટકાવ કરી શકાયો નહોતા. ફાયર સેફ્ટી સિસ્ટમ બરોબર કામ કરતી ન હોવાનું જણાયું છે. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ બિલ્ડિંગને નોટીસ આપવામાં આવશે તેમ જ આગામી દિવસમાં ફાયર બ્રિગેડ દ્વારા ફાયર ઓડિટ કરવામાં આવશે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર


લોકાર્પણ અને ખાતમુહૂર્ત સમારોહ
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રાલય
તથા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સંસદસભ્ય
શ્રી અમિતભાઈ શાહના
વરદ્હસ્તે
:: વિશેષ ઉપસ્થિતિ ::
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી શંકરભાઈ ચૌધરી
માનનીય અધ્યક્ષ, ગુજરાત રાજ્ય વિધાનસભા
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
તારીખ: ૨૩ ઑક્ટોબર ૨૦૨૫, ગુરુવાર

અમદાવાદ-માળિયા માર્ગ પર શાંતિપુરા ચોકડીથી ખોરજ GIDC ચોકડી સુધીના ૨૮.૮૭૦ કિ.મી. ખંડનું છ-માર્ગીયકરણની કામગીરીનું ખાતમુહૂર્ત
:: પ્રોજેક્ટની વિશેષતાઓ ::
- અંદાજિત ખર્ચ ₹૮૦૫ કરોડ
- આ પ્રોજેક્ટ સાણંદ અને વિરમગામના ઔદ્યોગિક કેન્દ્રોને વધુ સારો અને સુગમ માર્ગ પ્રદાન કરશે.
- ૨૨.૭૩૧ કિ.મી. લંબાઈમાં બંને બાજુ સર્વિસ રોડનું નિર્માણ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૩ નાના પુલના પહોળા કરવાના તથા પાંચ નવા અંડરપાસના નિર્માણના કાર્યોનો પણ સમાવેશ થાય છે.
સમય : સવારે ૧૦:૦૦ વાગે
સ્થાન : અમૃતફલ હોટલ પાસે, તેલાવ, સરખેજ, સાણંદ રોડ



ગાંધીનગરના સેક્ટર ૧૭ માં નવનિર્મિત સદસ્ય નિવાસ સંકુલનું લોકાર્પણ
:: મુખ્ય વિશેષતાઓ ::
- અંદાજિત ખર્ચ ₹૩૨૫ કરોડ
- આ સંકુલ જનપ્રતિનિધિઓને અત્યાધુનિક રહેઠાણ સુવિધાઓ પૂરી પાડશે.
- સંકુલમાં કુલ ૧૨ ટાવરમાં ૨૧૬ રહેઠાણો છે, દરેક ટાવરમાં ૯ માળ છે.
- આ સંકુલમાં 300 વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો ડાઈનિંગ હૉલ, એક કૉમ્યુનિટી હૉલ, સ્વિમિંગ પૂલ, જિમ્નેશિયમ જેવી સુવિધાઓ છે અને કેમ્પસમાં હરિયાળી વધારવા માટે ૬૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.
સમય : સવારે ૧૧:૦૦ વાગે
સ્થાન : સેક્ટર-૧૭, ગાંધીનગર.


વિકસિત ભારત વિકસિત ગુજરાત
હર ઘર સ્વદેશી,
ઘર-ઘર સ્વદેશી
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**